દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 157 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ અષાઢ સુદ-૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 July 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૪ જુલાઈ ૨૦૨૫ (૧૬ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ ૯ ૧૦ ૧૧ ૧૨ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ઉત્તર ગુજરાત જળબંબાકારઃ ઈડરમાં ૫.૫૧ ઈંચ, ૧૮૧ તાલુકામાં વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યભરમાં વિવિધ જગ્યાએ ભારેથી અતિભારે વરસાદ પડ્યો હતો. ઉત્તર ગુજરાતમાં સવારથી જ સાર્વત્રિક વરસાદ શરૂ થયો હતો. સાબરકાંઠા અને બનાસકાંઠામાં ભારે વરસાદના કારણે લોકોને હાલાકીનો સામનો પણ કરવો પડ્યો હતો. પાલનપુર મામલતદાર કચેરીસ્થિત સરકારી ગોગા મહારાજના મંદિરમાં પાણી ભરાયાં હતાં. જ્યારે પાલનપુરનો નેશનલ હાઈવે પણ જળમગ્ન બન્યો હતો. પાલનપુરના મફતપુરામાં ઘરોમાં પાણી ઘૂસવાથી ઘરવખરીને ભારે નુકસાન થયું હતું. પાલનપુરમાં વેડંચા-બાવિસણાનો મજબૂત કોઝવે એક વર્ષમાં ત્રીજીવાર તૂટ્યો હતો, જ્યારે ઈડરની કડિયાદરા સોસાયટીમાં પણ ગરનાળાની ખામીને કારણે પાણી ભરાયાં હતાં.

રાજ્યમાં સવારે છ થી સાંજના છ સુધીના ૧૨ કલાકમાં ૧૮૧ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. ઈડરમાં સૌથી વધુ ૫.૫૧ ઈંચ વરસાદ પડ્યો હતો. ધાનેરામાં ૪.૫૭ ઈંચ, જામકંડોરણામાં

(જુઓ પાનું ૨) ▸▸


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 89,100/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જૂના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## ફેક્ટરી ઍક્ટમાં સુધારો કરવા ગુજરાત સરકારે બહાર પાડ્યો વટહુકમ

# કામદારો નવના બદલે ૧૨ કલાક કામ કરી શકશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે ફેક્ટરી કાયદામાં સુધારો કરવા માટે એક વટહુકમ બહાર પાડયો હતો, જેમાં દિવસમાં કામના કલાકો નવથી વધારીને ૧૨ કલાક કરવામાં આવ્યા હતા. સરકારના મતે, આ પગલાનો હેતુ વધુ આર્થિક પ્રવૃત્તિઓ અને રોજગારની તકો ઊભી કરવાનો છે. જે કિસ્સાઓમાં કામદારો ૧૨ કલાકની શિફ્ટ માટે કાર્યરત હોય ત્યાં છ કલાક સતત કામ કર્યા પછી તેમને ૩૦ મિનિટનો ફરજિયાત વિરામ આપવો પડશે.

ફેક્ટરી કાયદાની જોગવાઈઓમાં બીજા એક મહત્ત્વપૂર્ણ ફેરફારમાં, કેટલીક કડક સલામતી માર્ગદર્શિકાઓને આધીન, રાજ્ય સરકાર હવે મહિલાઓને વાણિજ્યિક સંસ્થાઓમાં ૨૪ કલાક કામ કરવાની પરવાનગી આપશે. અગાઉ, સરકારે મહિલાઓને નાઈટ શિફ્ટમાં કામ કરવાની પરવાનગી આપવા અંગે સાવચેતીભર્યું

(જુઓ પાનું ૨) ▸▸

## શુભમન ગિલ ત્રેવડી સદી ચૂક્યોઃ ભારત ૫૮૭

૧૪


10,000+HAPPY TOURIST,GOOGLE RATING 4.8*
DUBAI-ABUDHABI
EUROPE
VIETNAM-SAPA
વિનાયક ટુર્સ
SINCE 2003
9930716930/9137946753
9820093130 Timing 11 to 8



Paaneri
DADAR • THANE
Nagree of Sarees & Bridal Wear
Annual Sale
OF THE YEAR
UPTO
40% OFF
Dadar: 022 45000902/022 45000903/
022 45009934 | Thane: 022 45199934/35



ONE UP furnishing





SALE
UP TO 50% OFF*
*T&C Apply
CURTAINS | UPHOLSTERY | BED & BATH LINEN
MATTRESS | WALLPAPERS | BLINDS & RUGS
AND A LOT MORE...
M.G.ROAD, GHATKOPAR EAST, MUMBAI 400077
@oneupfurnishing
MONDAY CLOSED | NO BRANCHES



Santacruz (W) 90821 71429
Borivali (W) 87791 70578
Pune 83909 08643





*Medical advise recommend before use. Terms & Condition apply.
Fitness Highway
DR. BHAVANA SHAH FITNESS CARE PVT. LTD.
90 DAYS WEIGHT LOSS PROGRAM UP TO 12 KG*
with the help of
FAT FREEZE & ADVANCED TECHNOLOGY
Spot Reduction Targeted Fat Loss for
Tummy, Arms, Hips & Thighs!
Personalized Weight Loss Plans for Faster Results*
Overall Inch Loss, Toning & Firming*
Safe, Fast, and Effective Weight Loss Solutions!*
Visit Fitness Highway
For more details, please visit our website www.fitnesshighway.in
*Advertisement for preliminary purposes only. Pictures representative. Results vary from person to person.

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કેજરીવાલે કર્યો એ ભ્રષ્ટાચાર, રેખા મેડમ કરે એ ખર્ચ?

**અરવિંદ** કેજરીવાલ મુખ્યપ્રધાન હતા ત્યારે ભાજપે કેજરીવાલના કહેવાતા 'શીશમહલ'નો મુદ્દો ચગાવ્યો હતો. કેજરીવાલે પોતાના બંગલાને મહેલની જેમ સજાવવા માટે સરકારી તિજોરીમાંથી કરોડો રૂપિયાનું આંધણ કર્યું હોવાની વાતને ભાજપે ચૂંટણી પ્રચારનો મુદ્દો બનાવીને કેજરીવાલની વાટ લગાડી દીધેલી ને દિલ્હીમાં સત્તા કબજે કરી હતી. કેજરીવાલ સામે સીબીઆઈ તપાસ પણ કરાવી હતી ને કેજરીવાલને ઘરભેગા કરી દીધેલા.

હવે દિલ્હીમાં કેજરીવાલની સરકાર નથી ને ભાજપનાં રેખા ગુપ્તા મુખ્યપ્રધાન છે ત્યારે રેખા ગુપ્તાના પોતાના સત્તાવાર નિવાસસ્થાન પાછળ લાખોના આંધણનો વિવાદ ચગ્યો છે. દિલ્હીના મુખ્યપ્રધાન તરીકે રેખા ગુપ્તાને રાજ નિવાસ માર્ગ ખાતે બંગલો નંબર ૧ ફાળવાયો છે અને નવા સરકારી બંગલામાં સમારકામ અને સજાવટનું કામ ચોમાસા પછી શરૂ કરવાનું નક્કી કરાયું છે.

આ બંગલાના સમારકામ અને સજાવટ પાછળ થનારા ખર્ચની જે વિગતો બહાર આવી છે એ પ્રમાણે બંગાલાના રિનોવેશનના પ્રથમ તબક્કાનું કુલ બજેટ ૬૦ લાખ રૂપિયા છે. તેમાંથી ૧૧ લાખ રૂપિયાથી વધુનો ખર્ચ ફક્ત એર કન્ડિશનિંગ પર કરાશે જ્યારે લાઇટ અને ઝુમ્મર માટે છ લાખ રૂપિયાનું બજેટ રાખવામાં આવ્યું છે. આ બંગલામાં ૪ બેડરૂમ, ડ્રોઇંગ રૂમ, વિઝિટર્સ હોલ, નોકરોનો રૂમ, કિચન, લોન અને પાછળના ભાગમાં વાડો છે.

આ બધાનું રીનોવેશન કરીને ચીફ મિનિસ્ટમ મેડમ તથા તેમના પરિવાર માટે રહેવાને લાયક બનાવવા પાછળ આ ખર્ચ કરાવાનો છે. આ બંગલો પહેલા લેફ્ટનન્ટ ગવર્નર સચિવાલયનું કાર્યાલય હતો. એ વખતે તેમાં લોકો બેસતાં જ હતાં તેથી એર કન્ડિશનર્સ, પંખા, વોશરૂમ, પીવાના પાણી માટેનો પ્લાન્ટ, ટેલિફોન લાઈન, ગેસ લાઈન સહિતની બધી સવલતો હતી જ પણ ગુપ્તા મેડમને જૂનું કશું જોઈતું નથી તેથી બધું નવુ નાંખવાનું ફરમાન આવ્યું છે. આ ફરમાનનો અમલ કરીને મુખ્યપ્રધાન અને તેમના પરિવારના રહેવા યોગ્ય બંગલો બનાવવા માટે સરકારી તિજોરી ખોલી દેવાઈ છે.

ચીફ મિનિસ્ટર મેડમ માટે બંગલામાં ૨૪ એર કંડિશનર લગાવાશે જ્યારે ૫ સ્માર્ટ ટીવી લગાવાશે કે જેમાંથી ચાર સ્માર્ટ ટીવી ૫૫ ઇંચનાં અને એક ૬૫ ઇંચનું હશે. બંગલાની શોભા વધારવા ત્રણ મોટાં ઝુમ્મર લગાવાશે જ્યારે ૮૦થી વધુ પંખા લગાવવામાં આવશે. કિચનમાં ગેસ હોબ, ઇલેક્ટ્રિક ચીમની, માઇક્રોવેવ, ટોસ્ટ ગ્રીલ, વોશિંગ મશીન, ડીશવોશર, કલાકના ૫૦ લિટર પાણી શુદ્ધ કરે એવો આરઓ વોટર પ્લાન્ટ જેવા નવા મશીનો હશે.

આ તો પાછી પાશેરામાં પહેલી પૂણી છે કેમ કે આ ખર્ચ તો પહેલા તબક્કાના રીનોવેશન પાછળ થવાનો છે. આ ખર્ચ પણ એક બંગલા પાછળ છે પણ સીએમ મેડમ માટે તેની બિલકુલ બાજુનો એટલે કે બંગલા નંબર ૨ પણ રીનોવેટ કરવાનો છે. પબ્લિક વર્ક્સ ડીપાર્ટમેન્ટ (PWD) દ્વારા અપાયેલી માહિતી પ્રમાણે, બંગલા નંબર ૨ને મુખ્યમંત્રીની કેમ્પ ઓફિસ બનાવવામાં આવશે કે જ્યાં નેતાઓ, કાર્યકરો અને જાહેર જનતા તેમને મળી શકશે.

બંગલા નંબર ૧ અને ૨ને જોડવા માટે એક રસ્તો પણ બનાવવામાં આવશે અને તેની પાછળ થનારા ખર્ચની હજુ જાહેરાત કરાઈ નથી. આ બંને બંગલામાં એક વાર સીએમ મેડમ અને તેમનો પરિવાર રહેવા જાય કે કામ શરૂ કરે પછી તેમને ના ફાવે તો જે તોડફોડ કે બીજી સવલતો ઊભી કરવા પાછળ કેટલો ખર્ચ થશે એ ખબર નથી, પણ બધો ભાર કન્યાની કેડ પર એટલે કે દિલ્હીની સરકારી તિજોરી પર છે એ ખબર છે.

રેખ ગુપ્તા દ્વારા બંગલાના સમારકામ પાછળ થનારું લાખોનું આંધણ એ વાતનો પુરાવો છે કે, કાગડા બધે કાળા છે ને નેતાઓ મોટા ભાગે ભ્રષ્ટાચારી છે. એ લોકોની માનસિકતા પોતે કરે એ લીલા ને બીજાં કરે એ છિનાળું જેવી હોય છે. રેખા ગુપ્તા અત્યારે એ જ માનસિકતા પ્રગટ કરી રહ્યાં છે. આ જ રેખા ગુપ્તા અને ભાજપના નેતાઓએ દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા કેજરીવાલના બંગલાનો એક વીડિયો જાહેર કર્યો હતો. ભાજપે આક્ષેપ મૂકેલો કે, આઠ એકર એટલે કે લગભગ ૪૦ હજાર ચોરસ વારમાં બનેલા બંગલાના રિનોવેશન પાછળ ૪૫ કરોડ રૂપિયાથી વધુનો ધુમાડો કરવામાં આવ્યો છે અને બાંધકામમાં પણ ઘણા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યા હતા. કેજરીવાલ ૨૦૧૫ થી ૨૦૨૪ સુધી આ બંગલામાં રહ્યા હતા. ભાજપે કટાક્ષમાં આ નિવાસસ્થાનને શીશ-મહલ ગણાવ્યો હતો. દિલ્હી ભાજપ પ્રમુખ વીરેન્દ્ર સચદેવાએ લેફ્ટનન્ટ ગવર્નર વી. કે. સક્સેનાને ફરિયાદ કરી હતી કે, કેજરીવાલનો બંગલો ૪ સરકારી મિલકતોને ગેરકાયદેસર રીતે મર્જ કરીને બનાવવામાં આવ્યો છે અને આ મર્જરની પ્રક્રિયા રદ થવી જોઈએ.

ભાજપની ફરિયાદ મળતાં જ વી.કે. સક્સેનાએ સીબીઆઈ ડિરેક્ટર પ્રવીણ સૂદને પત્ર લખીને સીએમ હાઉસ રિનોવેશન કેસની તપાસનું કામ સોંપ્યું હતું. સપ્ટેમ્બર ૨૦૨૩માં સીબીઆઈએ તપાસ રિપોર્ટ રજૂ કર્યો તેમાં દાવો કરેલો કે, કેજરીવાલે કોરોનાકાળ દરમિયાન સીએમ નિવાસસ્થાન પર લગભગ ૪૫ કરોડ રૂપિયાનો ધુમાડો કર્યો હતો અને આ રૂપિયા સરકારી તિજોરીમાંથી લેવામાં આવ્યા હતા.

આ રિપોર્ટના પગલે ૧૩ ફેબ્રુઆરીના રોજ, કેન્દ્ર સરકારે બંગલાના રિનોવેશનની તપાસનો આદેશ આપ્યો હતો. હજુ સુધી આ તપાસનો કોઈ રિપોર્ટ બહાર આવ્યો નથી, પણ ભાજપ માટે મોસાળમાં જમણ ને મા પિરસે જેવો ઘાટ છે એટલે રિપોર્ટ ભાજપે કરેલા આક્ષેપોને સમર્થન આપનારો જ હશે તેમાં બેમત નથી.

ભાજપે વિધાનસભાની ચૂંટણીમાં આ મુદ્દાને ચગાવીને સોશિયલ મીડિયા મારફતે દિલ્હીના મતદારો લગી પહોંચાડ્યો હતી. આ મુદ્દાના આધારે ભાજપે વિધાનસભાની ચૂંટણીમાં કેજરીવાલ સામે જનાક્રોશ પેદા કર્યો હતો અને કેજરીવાલની આમ આદમી પાર્ટીનો ઘડોલાડવો કરી નાંખ્યો હતો. ભાજપે એ વખતે જાહેર કરેલું કે, આ શીશમહલ ભ્રષ્ટાચારનું પ્રતીક હોવાથી ભાજપ સત્તામાં આવશે તો મુખ્યપ્રધાન આ બંગલામાં રહેવા નહીં જાય તેથી મુખ્યપ્રધાન રેખા ગુપ્તા શાલીમાર બાગમાં તેમના પોતાના ઘરમાં રહે છે.

હવે રેખા ગુપ્તાને પણ સરકારી બંગલામાં રહેવાના અભરખા જાગ્યા છે એટલે સરકારી તિજોરીમાંથી લાખોનું આંધણ કરવા માંડ્યું છે. સ્વાભાવિક રીતે જ ભાજપ આ મુદ્દે ચૂપ છે, પણ ભાજપના ભક્તો બચાવમાં ઉતર્યા છે. રિનોવેશન પાછળ થનારો ખર્ચ બહુ મોટો નથી એવી દલીલો થઈ રહી છે.

ભાજપ ભક્તોને ૬૦ લાખ રૂપિયા મોટી રકમ નહીં લાગતી હોય ને તેમની દલીલને સાચી માનીએ તો પણ મુદ્દો એ જ છે કે, કેજરીવાલ અને રેખા ગુપ્તામાં ફરક શું ? કેજરીવાલે રીનોવેશન પાછળ કરોડો ખર્ચ્યા એ ભ્રષ્ટાચાર કહેવાય જ પણ રેખા ગુપ્તા લાખો ખર્ચે તેથી ભ્રષ્ટાચાર ના કહેવાય ? સરકારી બંગલાઓની સાચવણી માટે નિયમિત બજેટ ફાળવાતું હોય છે તેથી બંગલા ગમે ત્યારે રહેવા જઈ શકો એવા હોય જ છે તો પછી નવો ખર્ચ કરવાની જરૂર શું ?

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ, શુક્રવાર, તા. ૪-૭-૨૦૨૫, શ્રી હરિ જયંતી, ભડલી નોમ

- ભારતીય દિનાંક ૧૩, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ સુદ-૯
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ સુદ-૯
- પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૪મો દીન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૮મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૯મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- નક્ષત્ર ચિત્રા સાંજે ક. ૧૬-૪૯ સુધી, પછી સ્વાતિ
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૦૭-૦૭, સાંજે ક. ૧૮-૧૯
- ઓટઃ બપોરે ક. ૧૨-૩૯, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૨૭ (તા. ૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭,
- 'વિશ્વાવસુ'નામ સંવત્સર, અષાઢ શુક્લ – નવમી. શ્રી હરિ જયંતી, ભડલી નોમ, મેલા શરીફ ભગવતી (કાશ્મીર), નેપ્ચૂન વક્રી ૨૭-૦૫, સૂર્ય મહાનક્ષત્ર આર્દ્રા, વાહન ઉંદર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ
- મુહૂર્ત વિશેષઃ લગ્ન શુક્ર-મંગળ ગ્રહદેવતાનું પૂજન, બીલીના વૃક્ષનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરગામ પ્રયાણ મધ્યમ, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્રનામ પાઠ વાંચન, મહેંદી લગાવવી, લગ્ન પ્રસંગ નિમિત્તે નવા વાસણ, આભૂષણ (રિક્તાતિથી છતાંય લગ્ન મુહૂર્ત સાધ્ય છે.), બી વાવવું, ધાન્ય ભરવું, સર્વશાંતિ પૂજા.
- આચમનઃ શુક્ર-હર્ષલ યુતિ ઈર્ષ્યાળુ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ આવકારદાયક સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ શુક્ર-હર્ષલ યુતિ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ (તા. ૫), બુધ પૂર્વમાં મહત્તમ ૨૫ ડિગ્રી ૯ કળાના અંતરે રહે છે. શુક્ર કૃતિકા સાથે યુતિ કરે છે. નેપ્ચૂન સ્તંભી થઈ માર્ગી થાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય- મિથુન, મંગળ-સિંહ, બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

## પ્રજામત

### 'મુંબઈ સમાચાર'ને ૨૦૪ વર્ષમાં પ્રવેશ બદલ હાર્દિક અભિનંદન

ભારતીય જનતા પાર્ટીના મુંબાદેવી વિધાનસભાના અધ્યક્ષ અતિત રાંદેરિયાએ તમામ કાર્યકર પરિવાર તરફથી એશિયાનું સૌથી જૂનું અખબાર 'મુંબઈ સમાચાર'ને ૨૦૪ વર્ષમાં પ્રવેશ કરવા માટે શુભેચ્છા આપી છે.

બે સદીથી પણ વધુ વર્ષોથી નિર્ભય, નિષ્પક્ષ અને જનજાગૃતિથી પરિપૂર્ણ પત્રકારિતાથી આ અખબારે લોકોનો ભરોસો જીત્યો છે. ગુજરાતી પત્રકારિતાને ખરા અર્થમાં નવી દિશા આપતાં અને તમામ વર્ગોના પ્રશ્નોને પૃષ્ઠ સ્થાન આપીને લોકશાહી મજબૂત કરવાના કાર્યમાં 'મુંબઈ સમાચાર'નું યોગદાન સર્વોપરિ રહ્યું છે.

ગુજરાતી ભાષા અને સંસ્કૃતિના જતન માટે પણ અખબારની ભૂમિકા અણમોલ રહી છે. ભારતના પ્રાચીનતમ ગુજરાતી અખબાર 'મુંબઈ સમાચાર'એ ગુજરાતી ભાષા, સંસ્કૃતિ અને પરંપરાનું સંવર્ધન કરવાની પ્રશંસનીય સેવા આપી છે. એનાથી અનેક પેઢીઓ પર સકારાત્મક અસર પડી છે.

– અતિત રાંદેરિયા- મુંબાદેવી વિધાનસભાના અધ્યક્ષ

### મારા જીવનમાં શુભ થયું એ 'મુંબઈ સમાચાર'ને પ્રતાપે

મારા જીવનમાં જે કાંઈપણ શુભ થયું એનો શ્રેય હું 'મુંબઈ સમાચાર'ને આપું છું. વાંચવાનો શોખ મને નાનપણથી કેળવાઈ ગયેલો હતો, કેમ કે બધા વિષયોમાં માત્ર એક ભાષાના વિષયમાં જ મારી આંગળી ઊંચી થતી હતી. દરેક સવાલોનો જવાબ હું એક શ્વાસે આપી દેતો. જોરથી વાંચવાની મારી સ્કૂલની એ ટેવ મારા નાટ્ય જગતના જીવનમાં ખૂબ મદદગાર નીવડી. અમારા રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલયના શિક્ષકે સલાહ આપી હતી કે દરરોજ બે અખબાર તો વાંચવાના જ અને એથી હું 'મુંબઈ સમાચાર' વાંચતો હતો. ત્યારથી લઈને આજ દિન સુધી હું 'મુંબઈ સમાચાર' નિયમિત વાંચું છું. એમાંનું પત્રકારત્વ અને સાહિત્યનો નિચોડ જાણીને મારા અભિનયના વિકાસમાં આજે પણ ઉપયોગ કરું છું.

બ્રહ્માંડથી માંડીને માઇક્રો નેશન ઈતિહાસની અજાણી વાતો, સિંધુ સભ્યતાથી માંડીને કચ્છની કળા કૌશલ તો તોફાની કૉમેડી અને થનગનતી ભવાઈઓ. આ તમામ ઘટનાઓ સાથે પરિચય કરાવવા બદલ 'મુંબઈ સમાચાર' તમારો આભાર.

ચાર્લી ચેપ્લિનના વરસાદમાં રહેલા આંસુઓના ટીપાંને શબ્દોમાં ચીતરીને મારી માતૃભાષામાં એવા અભિનેતાને સમજાવવા બદલ આભાર.

વર્તમાન તંત્રી શ્રી નીલેશ દવે ઓછું બોલે અને કામ વધારે કરે એક કીમિયાગરની જેમ એમનો જાદુ સમજવા માટે તમારે નિયમિત 'મુંબઈ સમાચાર' તો વાંચવું જ રહ્યું.

– આલોક ગાગડેકર, ખારોડી, મલાડ

### પાણીનો ધમધોકાર વેપાર કેટલો યોગ્ય?

ગટરના ગંદા પાણીને રિસાઇકલ કરીને તથા દરિયાના ખારા પાણીને શુદ્ધ કરીને પીવાલાયક બનાવી અનેક કંપનીઓ બોટલોમાં પેક કરીને વેચશે એવો સમય આવવાનો છે. કરોડો-અબજોના ખર્ચે પાણીનું શુદ્ધિકરણ કરવાનો કોન્ટ્રેક્ટ લેવા દેશી-વિદેશી કંપનીઓ ઝંપલાવવા તત્પર છે. એથી જળાશયો ઉપર ખાનગી કંપનીઓ પોતાનો અધિકાર જમાવી દે તો નવાઈ નહીં. તેઓ પાણીનેય ખરીદ-વેચાણની વસ્તુ બનાવી દેશે. કુદરતી મળતા મફત પાણીનો ધંધો શરૂ થઈ જશે. એમાં લોકોને બળજબરીથી જરૂર પડ્યે પાણી ખરીદવું પડશે.

કુદરતે હવા-પાણી મફત આપ્યા છે. એના પર દરેકનો મૂળભૂત અધિકાર છે. એવામાં જો પાણી પણ ખરીદવું પડે એવી સ્થિતિ નિર્માણ થાય તો લોકોએ ઓશિયાળા થઈને રહેવું પડશે.

ભૂતકાળમાં રાજાઓએ કૂવા-વાવ-તળાવ ખોદાવીને પ્રજાની તરસ બુઝાવી હતી. દાનવીરોએ પાણીની પરબ બંધાવી હતી. જ્યારે આજે તો પાણી વેચાતું લેવું પડે છે. આ તે કેવી કરૂણતા! તરસ્યાને પાણી પાવું એ તો પુણ્યનું કામ છે. એથી લોકોએ સજાગ થઈને પાણીના વેપારીકરણને અટકાવવું જોઈએ.

– સેવંતીભાઈ સંઘવી (થરાદ)

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી

# ભારત-અમેરિકા સંરક્ષણ ક્ષેત્રે દસ વર્ષનાં સહકારનો કરાર કરશે

નવી દિલ્હીઃ ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને અમેરિકાના સંરક્ષણ પ્રધાન પેટ હેગસેટ સંરક્ષણ ક્ષેત્રે આગામી દસ વર્ષ માટે સહકાર વધારવા સહમત થયા હતા.

પેન્ટાગૉને બન્ને દેશના સંરક્ષણ પ્રધાનો વચ્ચે ફોન પર વાતચીત થયા બાદ બુધવારે બહાર પાડેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે પેટ હેગસેટ અને રાજનાથ સિંહ ચાલુ વર્ષે યોજાનારી તેઓ વચ્ચેની બેઠકમાં સંરક્ષણ ક્ષેત્રે સહકાર વધારવા માટેના માળખાને આગામી દસ વર્ષ માટે વધુ મજબૂત બનાવવા સહમત થયા હતા.

બન્ને નેતાએ ભારતને સંરક્ષણ સાધનસામગ્રીનું વેચાણ ઝડપી બનાવવા સંમતિ સાધી હતી. તેઓએ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૫ના ફેબ્રુઆરીમાં બહાર પાડેલા સંયુક્ત નિવેદનમાં નક્કી કરાયેલા લક્ષ્યની દિશામાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી.

રાજનાથ સિંહે અમેરિકાના સંરક્ષણ પ્રધાનને ભારતના હળવા તેજસ યુદ્ધ વિમાનોને વધુ શક્તિશાળી બનાવવા માટેના જીઇ એફ૪૦૪ એન્જિનની ડિલિવરી જલદી કરાવવા વિનંતિ કરી હતી.

જીઇ ઍરોસ્પેસ દ્વારા એફ૪૦૪ એન્જિનની ડિલિવરીમાં થઇ રહેલા વિલંબને લીધે હિંદુસ્તાન ઍરોનૉટિક્સ લિમિટેડ ભારતીય હવાઇદળને તેજસ માર્ક વન-એ વિમાનો પૂરા પાડવાની મહેતલ ચૂકી ગયું છે. (એજન્સી)

# દીપિકા પાદૂકોણને સ્ટાર ઑન ધ હોલિવૂડ વૉક ઑફ ફેમથી સન્માનવામાં આવશે

લૉસ ઍન્જલસઃ બોલિવૂડની અભિનેત્રી દીપિકા પાદૂકોણને સ્ટાર ઑન ધ હોલિવૂડ વૉક ઑફ ફેમથી સન્માનવામાં આવશે. આ સન્માન મેળવનારી દીપિકા સંભવતઃ પ્રથમ ભારતીય બનશે.

હોલિવૂડ વૉક ઑફ ફેમના સત્તાવાર આયોજક હોલિવૂડ ચેમ્બર ઑફ કોમર્સે બુધવારે તેમના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ પેજ પર આ માહિતી આપી હતી.

હોલિવૂડ ચેમ્બર ઑફ કોમર્સની પસંદગી સમિતિ દ્વારા મોશન પિક્ચર્સ, ટેલિવિઝન, લાઈવ થિયેટર, લાઈવ પરફોર્મન્સ, રેડિયો, રેકોર્ડિંગ અને સ્પોર્ટ્સની શ્રેણીના એન્ટરટેઈનમેન્ટ પ્રોફેશનલ્સના નવા ગ્રૂપની આ સન્માન માટે પસંદગી કરવામાં આવે છે.

વૉક ઑફ ફેમ ક્લાસ ઑફ ૨૦૨૬માં તમને આવકારતા અમે ગર્વ અનુભવી રહ્યા છીએ, એમ પૉસ્ટમાં જણાવવામાં આવ્યું હતું.

ઍમિલી બ્લન્ટસ, તિમોથી ચાલમેટ, મારિઑવ કૉટિલાર્ડ, સ્ટેન્લી ટૂસ્સી, રામી મલેક, રાચેલ મૅકઆડમ્સ, ડેમી મૂર, ફિલ્મમેકર ક્રિસ કોલંબસ અને ટૉની સ્કૉટ સાથે દીપિકા પાદૂકોણને પણ સ્ટાર ઑન ધ હોલિવૂડ વૉક ઑફ ફેમથી સન્માનિત કરવામાં આવશે.

વર્ષ ૨૦૦૭માં ઓમ શાંતિ ઓમથી બોલિવૂડમાં પદાર્પણ કરનારી દીપિકા પાદૂકોણ ટોચની ભારતીય સ્ટાર તરીકે ઊભરી આવી છે.

દીપિકાએ વર્ષ ૨૦૧૭માં એક્સન મૂવી XXX: રિટર્ન ઑફ ઝેન્ડર કેજથી હોલિવૂડમાં પદાર્પણ કર્યું હતું. વર્ષ ૨૦૧૮માં ટાઈમ મેગેઝિનની વિશ્વની ૧૦૦ સૌથી વગદાર વ્યક્તિની યાદીમાં પણ દીપિકાએ સ્થાન મેળવ્યું છે અને ટાઈમ ૧૦૦ ઈમ્પેક્ટ એવૉર્ડ પણ મેળવ્યો છે. (અજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### ઉત્તર ગુજરાત

૪.૩૩ ઈંચ, જોડિયામાં ૩.૯૮ ઈંચ, લાલપુરમાં ૩.૩૯ ઈંચ, ચુડામાં ૩.૩૧ ઈંચ, ધોરાજીમાં ૩.૨૭ ઈંચ, દાંતીવાડામાં ૩.૧૯ ઈંચ, વડગામમાં પણ ૩.૧૯ ઈંચ વરસાદ પડ્યો હતો. રાજ્યમાં ત્રણ તાલુકામાં ચાર ઈંચથી વધારે, સાત તાલુકામાં ત્રણ ઈંચથી વધારે, ૧૪ તાલુકામાં બે ઈંચથી વધારે વરસાદ પડ્યો હતો. ૨૬ તાલુકામાં એક ઈંચથી વધારે વરસાદ નોંધાયો હતો. ૧૩૦ તાલુકામાં એક ઈંચથી ઓછો વરસાદ વરસ્યો હતો.

ગુજરાતમાં મોસમનો સરેરાશ ૩૬.૫૪ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. અત્યાર સુધીમાં કચ્છમાં ૩૨.૯૭ ટકા, ઉત્તર ગુજરાતમાં ૨૯.૮૭ ટકા, પૂર્વ મધ્યમાં ૩૮.૧૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૩૫.૬૬ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૩૯.૮૯ ટકા વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે આજે રાજ્યમાં સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, ગીર સોમનાથ, દીવ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલીમાં વરસાદનું યલો એલર્ટ આપ્યું છે.

### કામદારો નવના બદલે

વલણ અપનાવ્યું હતું. એક અધિકારીએ જણાવ્યું કે નવો વટહુકમ લાગુ થયા પછી જો ઉદ્યોગો દ્વારા તમામ જરૂરી સલામતીના નિયમોનું પાલન કરવાની સંમતિ આપવામાં આવશે તો મહિલાઓ નાઈટ શિફ્ટમાં કામ કરી શકશે. આ દરમિયાન, રાજ્ય સરકારે ફેક્ટરીઓના માલિકોને એક ક્વાર્ટરમાં ૭૫ કલાકને બદલે ૧૨૫ કલાકનો ઓવરટાઇમ આપવાની પણ મંજૂરી આપી હતી. કર્મચારીઓ તેમના કામના ઓવરટાઇમ કલાકો માટે બમણા પગાર માટે પાત્ર રહેશે. ફ્લેક્સિબલ વર્કિંગ અવર્સનો ખ્યાલ વૈશ્વિક સ્તરે સ્વીકારવામાં આવે છે, પરંતુ ફેક્ટરી કાયદાની જોગવાઇઓ હેઠળ આ શક્ય નહોતું. વટહુકમના મુસદ્દા સાથે જોડાયેલા એક અધિકારીએ જણાવ્યું હતું કે વટહુકમ સાથે કર્મચારીઓ હવે ચાર દિવસ માટે ૧૨ કલાકની શિફ્ટમાં કામ કરી શકશે.

રાજ્ય સરકાર દ્વારા ગેઝેટ નોટિફિકેશનમાં જણાવાયું છે કે ફેક્ટરી (ગુજરાત સુધારો) વટહુકમ ૨૦૨૫ બહાર પાડવામાં આવ્યો છે. રાજ્ય સરકાર આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપવા, રાષ્ટ્રીય મહત્ત્વના રોકાણને આકર્ષવા અને રોજગારી પેદા કરવા માટે ફેક્ટરીઓને છૂટછાટ આપવા માગે છે. સરકારે ગેઝેટ નોટિફિકેશનમાં જણાવ્યું હતું કે વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી એક વટહુકમ બહાર પાડવામાં આવી રહ્યો છે. નાઈટ શિફ્ટમાં કામ કરતી મહિલાઓ અંગે, વટહુકમમાં જણાવાયું કે તેનો હેતુ ઓવરટાઇમ કામ પર મહિલા કામદારોને રોજગાર આપવાનો છે, કામ કરવા અને કમાવવા માટે સમાનતા અને સમાન તક પૂરી પાડવાનો છે.

# માલીમાં ત્રણ ભારતીયનું અપહરણ

નવી દિલ્હીઃ પશ્ચિમ આફ્રિકાના દેશોના વિવિધ વિસ્તારમાં શ્રેણીબદ્ધ આતંકવાદી હુમલા કરવામાં આવ્યા હોવા વચ્ચે માલીમાં ત્રણ ભારતીયનાં કરવામાં આવેલા અપહરણ અંગે ઘેરી ચિંતા વ્યક્ત કરી ભારતે તેમની સુરક્ષિત મુક્તિની માગણી કરી છે.

ભારતીયોના અપહરણના એક દિવસ બાદ ભારતે માલી સરકારને ફોન કરી ભારતીયોની સુરક્ષિત અને ઝડપી મુક્તિ માટે જરૂરી તમામ પગલાં લેવાની હાકલ કરી હતી.

ભારતના વિદેશ ખાતાએ પણ કાયેસસ્થિત ડાયમંડ સિમેન્ટ ફેક્ટરીમાં કામ કરતા ભારતીયોના અપહરણ અંગે ઘેરી ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે અપહરણની આ ઘટના પહેલી જુલાઈએ બની હતી. સશસ્ત્ર હુમલાખોરોના જૂથે ડાયમંડ ફેક્ટરી પર હુમલો કરી ત્રણ ભારતીયને બાનમાં લીધા હતા.

અલ કાઈદા સાથે સંકળાયેલા જમાત-એ-નૂસરત-અલ-ઈસ્લામ વાલ મુસ્લિમિન (જેએનઆઈએમ)એ મંગળવારે માલીમાં કરવામાં આવેલા હુમલાની જવાબદારી સ્વીકારી હતી.

વિદેશ ખાતાએ જણાવ્યું હતું કે બામાકોસ્થિત ભારતીય એલચી કચેરી સંબંધિત વહીવટકર્તાઆ, સ્થાનિક કાયદાકીય એજન્સીઓ અને ફેક્ટરીના વ્યવસ્થાપકો સાથે સતત સંપર્કમાં છે. અપહરણ કરાયેલા ભારતીય નાગરિકોના પરિવારજનો સાથે પણ અમે સતત સંપર્કમાં છીએ, એમ તેમણે કહ્યું હતું.

ભારત સરકારે અપહરણની આ ઘટનાને આકરા શબ્દોમાં વખોડી નાખી હતી અને અપહરણ કરાયેલા ભારતીયોની સુરક્ષિત અને ઝડપી મુક્તિ માટે જરૂરી તમામ પગલાં લેવા જણાવ્યું હતું.

ભારતના વિદેશ ખાતાએ માલીમાં વસતા તમામ ભારતીયોને સાવચેત રહેવા અને જરૂરી સહાય માટે ભારતીય એલચી કચેરી સાથે સંપર્કમાં રહેવા જણાવ્યું છે.

અપહરણ કરાયેલા ભારતીયોને વહેલામાં વહેલી તકે સુરક્ષિત રીતે મુક્ત કરાવવાની અને ભારત પાછા લાવવાની ભારતના વિદેશ ખાતાએ બાંયધરી આપી છે. (એજન્સી)

# ભારત-ઘાનાનો દ્વિપક્ષી વેપાર બમણો કરાશે

અક્રા (ઘાના): ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે જણાવ્યું હતું કે ભારત અને ઘાના વચ્ચેના દ્વિપક્ષી વેપારને આગામી પાંચ વર્ષમાં બમણો કરાશે. ભારત ઘાનાનું માત્ર ભાગીદાર જ નથી, પરંતુ ઘાનાના વિકાસના માર્ગનું 'સાથી મુસાફર' રાષ્ટ્ર છે.

મોદીએ ઘાનાની સંસદને સંબોધતા જણાવ્યું હતું કે ભારત વધુ સ્થિર અને સમૃદ્ધ વિશ્વના નિર્માણ તેમ જ તેના કલ્યાણાર્થે પોતાનાથી બનતું યોગદાન આપવા હંમેશાં તૈયાર રહે છે. દુનિયામાં બદલાયેલી રાજકીય પરિસ્થિતિ અને સંજોગને ધ્યાનમાં રાખીને સારા વહીવટીતંત્ર માટે વિશ્વસનીય અને અસરકારક સુધારા કરવા જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે હાલનો યુગ યુદ્ધનો નથી. દરેક સમસ્યાનો ઉકેલ મંત્રણા અને મુત્સદ્દીગીરીથી લાવી શકાય છે.

મોદી ઘાનાથી નીકળીને ત્રિનિદાદ અને ટોબાગોના પ્રવાસે રવાના થયા હતા. બાદમાં તેઓ ચોથી અને પાંચમી જુલાઇએ આર્જેન્ટિના જશે. તેઓ આર્જેન્ટિનાથી બ્રાઝિલ જઇને ત્યાં 'બ્રિક્સ'ના સભ્ય દેશોની શિખર પરિષદમાં ભાગ લેશે. છેવટે તેઓ નામિબિયા જશે. (એજન્સી)

# ઓડિશામાં પૂરમાં બેનાં મોત, ૬૦થી વધુ ગામ પ્રભાવિત

ભુવનેશ્વર/બાલાસોરઃ ઓડિશાના બાલાસોર જિલ્લામાં પૂરમાં બે લોકોનાં મોત થયાં છે. તેમ જ સુવર્ણરેખા સહિત અનેક નદીઓના જળસ્તર ઘટતા અસરગ્રસ્ત ટ્રૂલની સંખ્યા ઘટીને ૬૦ થઇ છે. આ જાણકારી અધિકારીઓએ બુધવારે આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર ફાયર અને ઇમરજન્સી સેવાના કર્મચારીઓને ભોગરાઇ બ્લોકના કુસુડા ટ્રૂલના ૯૦ વર્ષીય વ્યક્તિ દિબાકર ગિરીનો મૃતદેહ મળી આવ્યો હતો, જ્યારે ઓડિશા ડિઝાસ્ટર રેપિડ એક્શન ફોર્સ(ઓડીઆરએએફ)ના સભ્યોએ પૂરના પાણીમાંથી રાકેશ સિંહનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. સિંહ બિષ્ણુપુર ટ્રૂલના રહેવાસી હતા અને મંગળવારે પૂરના પાણીમાં વહી ગયા હતા.

એક અધિકારીના જણાવ્યા અનુસાર જિલ્લાના ઉત્તર ભાગોમાં આવેલા લગભગ ૬૦ ગામના લોકો ભારે વરસાદને કારણે રસ્તાઓ અને ખેતરોમાં પાણી ભરાવાથી ભારે હાલાકી વેઠી રહ્યા છે. તેમણે કહ્યું કે પડોશી રાજ્ય ઝારખંડમાં બંધોમાંથી પાણી છોડવામાં આવતા આ ગામના લોકોની દુર્દશા વધુ ખરાબ થઇ છે. મંગળવારે બાલાસોર જિલ્લામાં પૂરથી પ્રભાવિત ટ્રૂલની સંખ્યા ૧૦૦ હતી.

જળ સંસાધન વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે બાલાસોર જિલ્લામાં બુધાબલંગ અને જલકા નદીઓના જળસ્તરમાં ઘટાડો થયો છે. ભોગરાઇ, બાલિયાપાલ, જલેશ્વર અને બસ્તા જેવા અનેક બ્લોક પૂરથી પ્રભાવિત થયા છે. અધિકારીઓએ જણાવ્યું કે પૂરને કારણે પાક અને માળખાગત સુવિધાઓને વ્યાપક નુકસાન થયું છે. બાલાસોરમાં અનેક રસ્તાઓ, પુલ અને નાળાઓ ધોવાઇ ગયા છે. જિલ્લા વહીવટીતંત્રે બચાવ અને રાહત કામગીરીમાં ઓડિશા ફાયર ઍન્ડ ઇમરજન્સી સર્વિસીસ, ઓડીઆરએએફ અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટીમો તૈનાત કરી છે. આ દરમિયાન હવામાન વિભાગે દક્ષિણ ઝારખંડ અને તેની આસપાસના વિસ્તારોમાં ચક્રવાતી પરિભ્રમણના પ્રભાવને કારણે ૭ જુલાઇ સુધી રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદ અને વાવાઝોડાની આગાહી કરી છે.

ભાષાનો વકરતો વિવાદ

# મીરા - ભાયંદરના વેપારીઓમાં ભભૂકતો રોષઃ દુકાનો બંધ રખાઈ


મીરા-ભાયંદરમાં બંધ રહેલી દુકાનો. (અમય ખરાડે)

મીરા-ભાયંદરઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના કાર્યકરોએ મરાઠીમાં ન બોલવા બદલ મીરા-ભાયંદરમાં એક હોટેલના માલિક પર વારંવાર મારપીટ કર્યાના થોડા દિવસો બાદ દુકાનદારોએ પક્ષની હિંસાના વિરોધમાં વિસ્તારમાં તેમની દુકાનો બંધ કરીને વિરોધમાં એકઠા થયા છે. વેપારીઓમાં આ ઘટનાને પગલે ભારે રોષ અને ચિંતા છે. તેમનામાં ગુસ્સો ભભૂકી રહ્યો હતો અને તેથી જ વિરોધમાં દુકાનો બંધ રહી હતી. આ ઉપરાંત તેમને પોતાની સલામતી વિશે ચિંતા છે.

મરાઠીમાં વાતચીત ન કરવા બદલ મનસેના કાર્યકરો દ્વારા એક હોટેલના માલિકની હેરાનગતિ કરવામાં આવ્યા બાદ ગુરુવારે, ત્રીજી જુલાઇની સવારે મીરા-ભાયંદર વિસ્તારની અસંખ્ય દુકાનો વિરોધમાં બંધ રહી હતી. બંધ દુકાનો અને સૂમસામ બજારોની તસવીરો સોશ્યિલ મીડિયા પર વ્યાપકપણે ફરી રહી છે.

મુંબઈના મીરા રોડમાં એક હોટેલ માલિક પર મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના કાર્યકર્તાઓએ મરાઠી ન બોલવાને કારણે મારપીટ કરી હતી. આ વિવાદ મનસેના કાર્યકર્તાએ રેસ્ટોરાંના માલિકને ભાષાના ઉપયોગ અંગે પૂછપરછ કરી ત્યારે શરૂ થયો હતો. મરાઠી ફરજિયાત છે એ પોતે નથી જાણતો એવો જવાબ માલિકે મજાકિયા ટોનમાં આપતા કાર્યકર્તાઓ ગુસ્સે ભરાયા હતા.

મહારાષ્ટ્રમાં તમામ ભાષાઓ બોલાય છે એવું માલિકે કહેતા પરિસ્થિતિ વણસી ગઈ હતી. આ રજૂઆત સાંભળી એક કાર્યકર્તાએ જાહેરમાં તેમને લાફા ચોડી દીધા હતા. આ ઘટનાથી સોશિયલ મીડિયા પર આક્રોશ ફાટી નીકળ્યો છે અને ભાષાની જાળવણી વિરુદ્ધ હિંસાની ચર્ચાઓ વધી છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે, પરંતુ હજુ સુધી કોઈ સત્તાવાર ફરિયાદ દાખલ નથી થઈ.■

# ફડણવીસનું નરો વા કુંજરો વા

## ભાષા મુદ્દે મુખ્ય પ્રધાને કહ્યું ગુનો નોંધાયો, પરંતુ ભાવિ હુમલા રોકવા કોઈ ફોડ ન પાડ્યો

### મહારાષ્ટ્રના રાજ્યકક્ષાના ગૃહપ્રધાન યોગેશ કદમે હુમલા ન કરવા અપીલ કરી, પરંતુ મરાઠી તો બોલવું જ પડશે એમ જણાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બે દિવસમાં બે વેપારીઓ સાથે મરાઠી ન બોલવાના મુદ્દે મારપીટ કરવામાં આવ્યાના વિડીયો વાયરલ થયા બાદ પણ રાજ્યના બિનમરાઠી વેપારીઓની સુરક્ષા માટે રાજ્ય સરકારને કોઈ દરકાર નથી એવું લાગી રહ્યું છે. રાજ્યના ગૃહ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન કહે છે કે મરાઠી તો બોલવું જ પડશે અને રાજ્યના મુખ્ય પ્રધાન અને ગૃહ ખાતાનો હવાલો સંભાળતા દેવેન્દ્ર ફડણવીસે વેપારીઓની ફરિયાદ પર કાર્યવાહી થઈ રહી છે એવું જણાવ્યું હતું, પરંતુ ભવિષ્યમાં આવા હુમલા ન થાય તે માટે કોઈ નક્કર કાર્યવાહી કરવાની હિંમત દાખવી નહોતી. મીરા રોડમાં એક વેપારીને મનસેના કાર્યકર્તાઓ દ્વારા મારપીટ કરવામાં આવી તેના બીજા દિવસે થાણેમાં એક દુકાનદાર પર મરાઠીમાં બોલવાનો ઇનકાર કરવા બદલ હુમલો કરવામાં આવ્યો હોવાનો વિડીયો વાયરલ થયા બાદ, મહારાષ્ટ્રના ગૃહ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન યોગેશ કદમે રાજ્યની સત્તાવાર ભાષાનું સન્માન કરવાની હાકલ કરી હતી અને સાથે જ જે રીતે આ કૃત્ય આચરવામાં આવ્યું છે તેની પણ નિંદા કરી હતી. સોશિયલ મીડિયા પર વ્યાપક આક્રોશ ફેલાવનાર આ ઘટનાએ મહારાષ્ટ્રમાં ભાષાકીય ઓળખ અને પ્રાદેશિક ગૌરવ અંગે લાંબા સમયથી ચાલી આવતા વિવાદને ફરીથી જન્મ આપ્યો હતો.

દરમિયાન આ મુદ્દે રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ‘મુંબઈ સમાચાર’ને જણાવ્યું હતું કે ‘વેપારીઓ પર હુમલો કરવાના પ્રકરણે એફઆઈઆર નોંધવામાં આવ્યો છે અને પોલીસે સંબંધિત દોષીઓની અટકાયત પણ કરી હતી. અત્યારે આ બધા દોષીને બોન્ડ પર મુક્ત કરવામાં આવ્યા છે.’

જોકે આગામી દિવસોમાં આવા હુમલાને રોકવા માટે સરકાર શું કાર્યવાહી કરશે તે અંગે કોઈ સ્પષ્ટતા તેમણે કરી નહોતી.

ગૃહ ખાતા સાથે સંકળાયેલા કેબિનેટ અને રાજ્યકક્ષાના પ્રધાનની ઉદાસીનતાને જોતાં વેપારીઓએ પોતાની સુરક્ષા જાતે જ કરવી પડશે એવું લાગી રહ્યું છે. ■

### પ્રધાને ભાષાકીય સન્માનની હાકલ કરી

વિવાદને મુદ્દે પુછવામાં આવતાં કદમે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ‘મહારાષ્ટ્રમાં, તમારે મરાઠી બોલવી જ જોઈએ. જો તમે મરાઠી નથી જાણતા, તો તમારું વલણ એવું ન હોવું જોઈએ કે તમે મરાઠી નહીં જ બોલો.’ તેમણે સાંસ્કૃતિક અને ભાષાકીય સન્માનના મહત્વ પર ભાર મૂક્યો, ખાસ કરીને એવા રાજ્યમાં જ્યાં મરાઠીનું ઐતિહાસિક અને ભાવનાત્મક મહત્વ ઊંડું છે.

જોકે, પરિસ્થિતિ કેવી રીતે વણસી તેની નિંદા કરવામાં કદમ એટલા જ સ્પષ્ટ હતા. તેમણે લોકોને મામલો પોતાના હાથમાં ન લેવા વિનંતી કરતા કહ્યું હતું કે, ‘દુકાન માલિકને માર મારનારાઓએ કાયદો પોતાના હાથમાં ન લેવો જોઈએ. તેમણે સંબંધિત વ્યક્તિ સામે પોલીસ ફરિયાદ નોંધાવવી જોઈતી હતી, તો કાર્યવાહી કરવામાં આવી હોત.’

### વાયરલ વીડિયોથી ફેલાયો આક્રોશ

પ્રધાનનું આ નિવેદન વીડિયો બાદ વધી રહેલા તણાવ વચ્ચે આવ્યું છે, જેમાં એક દુકાન માલિકને મરાઠીમાં વાત કરવાનો ઇનકાર કર્યા બાદ વ્યક્તિઓના એક જૂથ દ્વારા માર મારવામાં આવી રહ્યો છે. આવી જ ઘટના મંગળવારે ભાયંદર વિસ્તારમાં પણ બની હતી. મંગળવારે રાત્રે સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા આ ઘટનાના એક વીડિયોમાં કેટલાક હુમલાખોરો રાજ ઠાકરેની આગેવાની હેઠળના મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રતીક સાથે સ્કાર્ફ પહેરેલા જોવા મળ્યા હતા.

### ભાષા પર ઝઘડો હિંસક બન્યો

ખાદ્ય સામગ્રી ખરીદતી વખતે, તેમાંથી એકે સ્ટોલના માલિકને મરાઠીમાં બોલવાનું કહ્યું હતું, જેનો તેણે જવાબ આપ્યો. આનાથી તે વ્યક્તિ નારાજ થઈ ગયો હતો, તેણે સ્ટોલ માલિક પર બૂમ પાડી હતી. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, તે વ્યક્તિ સાથે રહેલા કેટલાક અન્ય લોકો તેની સાથે જોડાયા હતા અને સ્ટોલ માલિકને થપ્પડ મારી હતી. સ્ટોલ માલિકની ફરિયાદના આધારે, કાશીમીરા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે અને આ કેસની તપાસ ચાલુ છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

# આદિત્ય ઠાકરે કહે છે ‘મુદ્દાને ભાષાકીય રંગ ન આપો’

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ : ત્રણ માણસો જેઓ કથિત રીતે મરાઠી બોલતા નથી તેમને શિવસેના (યુબીટી)ના કાર્યકરો દ્વારા મરાઠીમાં બોલવાનું કહેવામાં આવે છે. આ વીડિયો બંધ રૂમમાં શિવસેના (યુબીટી)ના ભૂતપૂર્વ સાંસદ રાજન વિચારેની હાજરીમાં ફિલ્માવવામાં આવ્યો હતો અને પછીથી શેર કરવામાં આવ્યો હતો. ત્રણેય આરોપીઓને એક ઓફિસમાં લાવવામાં આવ્યા હોવાનું કહેવાય છે. શિવસેના (યુબીટી)ના નેતાની સામે જેમની મારપીટ કરવામાં આવી હતી તેમના નામ શન્મુખ પૂજારી, સૌરભ જયસ્વાલ અને જયંતિલાલ પુરોહિત હોવાનું જાણવા મળ્યું હતું. જોકે, શિવસેના (યુબીટી) ના વિધાનસભ્ય આદિત્ય ઠાકરેએ કહ્યું કે આ વિવાદ ‘મરાઠી-બિન-મરાઠી’ મુદ્દા સાથે જોડાયેલો નથી. ‘ફોન ચાર્જ કરવા અંગે એક દુકાનમાં મતભેદ બાદ ઝઘડો થયો હતો. આનો એફઆઈઆરમાં પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેનો બંને પક્ષોની ભાષા સાથે કોઈ સંબંધ નથી. હું બધાને વિનંતી કરું છું કે તેને ભાષાના કોઈપણ વિવાદનો રંગ ન આપો.’ જોકે, શિવસેના (યુબીટી)ના ભૂતપૂર્વ સાંસદની ઓફિસમાં ત્રણ બિનમરાઠીઓને મારપીટ કરવામાં આવી તેની કોઈ નિંદા તેમણે કરી નહોતી. ■

થાણેની ઘટના ભાષા-તકરારની?

# એ ત્રણ વેપારી સામે જ નોંધાયો છે એફઆઈઆર

## મોબાઈલ રીચાર્જના મુદ્દે થયેલા ઝઘડામાં ઉદ્ધવ-સેનાના પદાધિકારીની મારપીટ પછી રાજન વિચારેની ઓફિસમાં એ વેપારીઓને બોલાવી તેમને લાફા મરાયા ને માફી માગવાની ફરજ પડાઈ

મુંબઈઃ ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી)ના ભૂતપૂર્વ સંસદસભ્ય રાજન વિચારેએ વેપારીઓને તેમની ઓફિસમાં બોલાવ્યા હતા. ઓફિસમાં તેમના સમર્થકો દ્વારા વેપારીઓને લાફા મારવામાં આવ્યા હતા તેમ જ તેમને ઉધ્ધવ-સેનાના પદાધિકારીની માફ માગવાની ફરજ પડી હતી.

મૂળમાં આ પદાધિકારીને સોમવારે મોબાઈલ રીચાર્જ કરવાને મામલે બોલાચાલી પછી ત્રણ વેપારીએ ઉદ્ધવ-સેનાના પદાધિકારને માર માર્યો હતો. સોશિયલ મીડિયા ’એક્સ’ પર પોસ્ટ કરવામાં આવેલા એક વીડિયોમાં વિચારે અને તેમના સહયોગીઓએ વારંવાર વેપારીઓને માત્ર મરાઠીમાં જ વાતચીત કરવાનો આગ્રહ રાખ્યો હતો. આ મામલે પદાધિકારીએ ભૂતપૂર્વ સાંસદ રાજન વિચારેને જાણ કરતા ત્રણેય વેપારીને વિચારેની ઓફિસમાં બોલાવવામાં આવ્યા હતા. વિચારેએ બંને બાજુ સાંભળીને વેપારી પાસે માફી મગાવીને મામલાનો અંત આણ્યો હતો. જોકે વેપારીઓની મારપીટ કરાઈ હતી અને આખા મામલાને મરાઠી ભાષા ન બોલવા સાથે જોડવામાં આવ્યો હતો. ■

# કાંદિવલીમાં ૫૭મા માળેથી ગુજરાતી અભિનેત્રીના દીકરાની મોતની છલાંગ

## ટ્યૂશન જવાને મુદ્દે માતા સાથે દલીલબાજી થયા બાદ અંતિમ પગલું ભર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કાંદિવલી પશ્ચિમમાં ગુજરાતી ટીવી સિરિયલની અભિનેત્રીના ૧૪ વર્ષના દીકરાએ બહુમાળી ઇમારત પરથી ઝંપલાવીને જીવનનો અંત આણ્યો હોવાની ઘટના બુધવારે સાંજે બની હતી. ટ્યૂશન જવાને મુદ્દે માતા સાથે દલીલબાજી થયા બાદ તેણે અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા બાદ કાંદિવલી પોલીસે એડીઆર દાખલ કરી તપાસ આદરી હતી.

અભિનેત્રીનો દીકરો ઇમારતના ૫૭મા માળેથી નીચે કૂદ્યો હોવાનું કહેવાય છે. જોકે આ ઘટનાનો કોઇ પ્રત્યક્ષદર્શી ન હોવાથી ખરેખર તે કેટલા માળેથી કૂદ્યો તે જાણી શકાયું નહોતું.

કાંદિવલી પશ્ચિમમાં ન્યૂ લિંક રોડ પાસે આવેલી બહુમાળી સિદ્ધ સીબ્રૂક ઇમારતના ૫૧મા માળે રહેતી ગુજરાતી અભિનેત્રીના એકમાત્ર દીકરાએ બુધવારે સાંજે છ વાગ્યાની આસપાસ આત્મહત્યા કરી હતી. આ અભિનેત્રીના છૂટાછેડા થયા છે. અભિનેત્રીનો દીકરો નવમા ધોરણમાં અભ્યાસ કરતો હતો અને બુધવારે સાંજે માતાએ તેને ટ્યૂશન ક્લાસ જવા માટે કહ્યું હતું, પણ તેને ટ્યૂશન ક્લાસ જવું નહોતું, જેને કારણે તેમની વચ્ચે દલીલબાજી થઇ હતી. બાદમાં તે ઘરેથી નીકળ્યો હતો અને ઇમારત પરથી ઝંપલાવી દીધું હતું.

અવાજ સાંભળીને રહેવાસીઓ તેમ જ સિક્યુરિટી ગાર્ડ દોડી આવતાં સગીર લોહીલુહાણ હાલતમાં મળી આવ્યો હતો. બાદમાં એક રહેવાસીએ અભિનેત્રીને જાણ કરી હતી કે તેનો પુત્ર ઇમારત પરથી પડી ગયો છે. આ સાંભળીને તેને આઘાત લાગ્યો હતો.

દરમિયાન બનાવની જાણ થતાં કાંદિવલી પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે મૃતદેહને હોસ્પિટલમાં મોકલ્યા બાદ તપાસ હાથ ધરી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર અત્યાર સુધી અમને કોઇ પણ પ્રકારની શંકાસ્પદ બાબત જણાઇ નથી. આ ઘટનાનો કોઇ સાક્ષીદાર ન હોવાથી શક્ય એટલા તમામ પાસાંની તપાસ કરવામાં આવી રહી છે. સગીર શા માટે ટ્યૂશનમાં જવાનું કેમ ટાળી રહ્યો હતો તે જાણવા માટે અમે તેના મિત્રો તથા ટ્યૂશન ક્લાસમાં તપાસ કરીશું. ■

# હાઈડ્રોપોનિક ગાંજાનો વેપલો માથાનો દુઃખાવો બન્યો છેઃ દેવેન્દ્ર ફડણવીસ

મુંબઈઃ આંતરિક વાતયવરણમાં ઉગાડવામાં આવતી ‘હાઇડ્રો’ ગાંજાની જાતનું ગેરકાયદે વેચાણ અટકાવવું સરકાર માટે માથાનો દુખાવો સાબિત થઈ રહ્યું હોવાનું જણાવી મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ઉમેર્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકારે ડ્રગ્સ (કેફી દ્રવ્યો)ના વેપલા સામે લડત વધુ તીવ્ર બનાવી છે. વિધાન પરિષદમાં ધ્યાન ખેંચવાની દરખાસ્તનો જવાબ આપતા તેમણે સિન્થેટિક ડ્રગ્સ અંગે પણ ચિંતા વ્યક્ત કરી જણાવ્યું હતું કે કેન્સરના લાસ્ટ સ્ટેજના દર્દીઓનો ડ્રગ કેરિયર તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સરકાર ડ્રગ્સના દૂષણ સામે કડક હાથે કામ લઈ રહી હોવાથી વધુ કેસ જોવા મળી રહ્યા છે. મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતનાં બંદરો અને મહારાષ્ટ્રના રાયગડ જિલ્લામાંના દેશના સૌથી મોટા કન્ટેઈનર બંદર જવાહરલાલ નહેરુ પોર્ટ ટ્રસ્ટ (જેએનપીટી)નો ઉપયોગ કાર્ગો કન્સાઇન્મેન્ટમાં ડ્રગ્સ સંતાડીને લાવવામાં આવતા હોવાનું જાણવા મળ્યું હતું. તેમણે એમ પણ જણાવ્યું હતું કે ‘સંતાડેલા ડ્રગ્સ શોધી શકે એવા સ્કેનર ગુજરાત અને મહારાષ્ટ્રમાં લગાવવામાં આવ્યા છે. ડ્રગ્સ સપ્લાયની શંકા હોય એવા કેટલાક દેશોમાંથી જહાજમાં આવતા માલનું એકાંતરે ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. પાંચ દિવસ પહેલા મુંબઈમાં રૂ.૨૧.૫૫ કરોડ રૂપિયાની કિંમતના ૨૧ કિલો હાઇડ્રોપોનિક ગાંજા સાથે બે ઇન્ડોનેશિયાના નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી.’ હાઇડ્રોપોનિક ગાંજો જમીનમાં નહીં પણ આંતરિક વ્યવસ્થામાં ઉગાડવામાં આવે છે. આ પદ્ધતિથી ઉત્પાદકોને ઝડપથી ગાંજાની વધુ ઉપજ મળી શકે છે. (પીટીઆઈ) ■

# નાગપુરમાં શિશ્નના ટ્રાન્સપ્લાન્ટની સફળ વિરલ સર્જરી કરાઈ

નાગપુરઃ તબીબી ક્ષેત્રે મુશ્કેલ અને જટિલ સર્જરી કર્યા પછી દર્દીઓને જીવન મળ્યાના ઘણા કિસ્સાઓ ઇતિહાસમાં નોંધાયેલા છે. એવો જ એક કિસ્સો મધ્ય ભારતના નાગપુરમાં નોંધાયો છે. નાગપુરની લતા મંગેશકર હૉસ્પિટલમાં પ્લાસ્ટિક સર્જનોની ટીમે એક જ પગલામાં એક યુવાનના આખા શિશ્નને ફરીથી બનાવીને એક દુર્લભ સર્જરી સફળતાપૂર્વક પાર પાડી.

સંબંધિત દર્દીએ ૮ વર્ષ પહેલાં કેન્સરને કારણે પોતાનું શિશ્ન ગુમાવ્યું હતું. જોકે, આ સર્જરી પછી, દર્દી હવે સંપૂર્ણપણે સ્વસ્થ થઈ ગયો છે. શિશ્ન બનાવવા માટે, દર્દીના ઉપલા હાથમાંથી શાફ્ટ અને મૂત્રમાર્ગ નળીનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું હતું અને પછી તેને પ્યુબિક વિસ્તારમાં મૂકવામાં આવ્યું હતું.

આ શસ્ત્રક્રિયામાં શિશ્નમાં રક્ત પુરવઠો પુનઃસ્થાપિત કરવો, ચેતાને સંપૂર્ણ સંવેદના પૂરી પાડવી અને નાના રક્ત વાહિનીઓને જોડીને કાર્યકારી અંગ બનાવવું શામેલ હતું. આખી શસ્ત્રક્રિયા પૂર્ણ કરવામાં ડૉક્ટરોની ટીમને લગભગ ૧૦ કલાક લાગ્યા હતા. જોકે, ૧૦ કલાકના અથાક પ્રયાસો પછી, દર્દીના શિશ્ન ટ્રાન્સપ્લાન્ટની પ્લાસ્ટિક સર્જરી સફળ રહી હતી. ■



# સંસ્થા સમાચાર

## અસલાજી અગિયારીની શુભ સાલગ્રેહ

અસલાજી અગિયારીની શુભ ૧૭૬મી સાલગ્રેહ રોજ બેહરામ માહ અસ્પનદાદ, તારીખઃ ૩૦ જુલાઈ ૨૦૨૫ને દિને પડે છે. સવારે ૭.૦૦ કલાકે માચી અર્પણ કરવામાં આવશે તથા જશનની પવિત્ર ક્રિયા સવારે ૯.૦૦ વાગે તથા સાંજના ૫.૦૦ વાગે કરવામાં આવશે. સર્વે હમદીનોને પધારવા વિનંતી કરવામાં આવે છે, એમ ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું.

## જેજેસી સેન્ટ્રલ બોર્ડ અને ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૪મી કોન્ફરન્સનું આયોજન

જેજેસી સેન્ટ્રલ બોર્ડ અને ચેરિટેબલ ટ્રસ્ટ આયોજિત ૧૪મી કોન્ફરન્સનું આયોજન તા. પાંચમી અને છઠ્ઠી જુલાઈના નોએડામાં કરવામાં આવ્યું છે. જેજેસી (જૈન જાગૃતિ સેન્ટર) સમસ્ત દુનિયામાં ૧૮૧ સેન્ટર ધરાવે છે. આની સ્થાપના ૧૯૭૫માં થઈ હતી. છેલ્લાં ૫૦ વર્ષમાં જૈન જાગૃતિ સેન્ટરે હરણફાળ ભરી છે.

આ સિવાય આ સંસ્થાએ હાયર એજ્યુકેશન આસિસ્ટન્સમાં ૧૩૫૦૦ વિદ્યાર્થી રૂ. ૧૩૫ કરોડ રૂપિયાની સહાય આપી છે આ સાથે ખાણી- પીણી માટેની સંસ્થા આજે સામાજિક, શૈક્ષણિક ક્ષેત્રે રાષ્ટ્રીય કાર્યો, જીવદયા-પાંજરાપોળ, સમૂહ લગ્નો, યુવામેળા, મેડિકલ કેમ્પ, ધાર્મિક આયોજનો વગેરે કાર્યોમાં ખૂબ જ પ્રગતિ કરી છે. કરોડો રૂપિયાના અનુદાન અને કાર્યો કરવામાં આવ્યા છે.

તા. પાંચમી અને છઠ્ઠી જુલાઈના નોઈડામાં થનારી કોન્ફરન્સમાં જૈન જાગૃતિ સેન્ટરના વિવિધ સેન્ટરોના ૫૪૯ ડેલિગેટર્સ હાજરી આપવાના છે. આ કોન્ફરન્સમાં વિવિધ વિષયો/ પ્રોજેક્ટ્સ ઉપર વિચાર-વિનિમય થશે અને સેન્ટરોના કાર્યવાહક સભ્યોનું બે દિવસનું મનોમંથન-વિચારોની આપ-લે જૈન જાગૃતિ સેન્ટરને નવી ઊંચાઈએ લઇ જશે.

## વૃક્ષપ્રેમી સંસ્થા ફ્રેન્ડ્ઝ ‘ઓફ ધી ટ્રીઝ’ તરફથી સુંદર વૃક્ષોનું વિતરણ

અગામી ૬ઠ્ઠી જુલાઈએ સવારે ૯ અને ૧૨.૩૦ વચ્ચે સાંતાક્રુઝમાં સોહરાબજી ગોદરેજ વનમહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તે દરમ્યાન સિતા અશોક, ગરમાળો, કાંચન, મહુડા, આંબલી, કદમ્બ, આંબા, બિલિપત્ર, પુત્રંજીવા, પારિજાતક, ફણસ, ચીકુ, નારિયેળ, સુલ્તાન ચંપા, કોઠ વગેરે વૃક્ષો અને મધુમાલતી, આલામંડા વગેરે વેલવેલીઓ નિઃશુલ્ક આપવામાં આવશે. આ વૃક્ષો ગોદરેજ ટ્રી બેંકમાં ઉછેરવામાં આવ્યા છે. તે સિવાય પદ્મજાબેન સુનીલભાઈ સરૈયા તરફથી તેમની વર્ષગાંઠ નિમિત્તે ફળફૂલના સુંદર વૃક્ષો વિતરણ માટે મળ્યા છે. આ વનમહોત્સવ ગોકુળ સુસમા, જુહુ ગાર્ડન પાસે, મસ્જિદની સામે, લિંકિંગ રોડ એક્સટેન્શન, સાંતાક્રુઝ-પશ્ચિમમાં યોજવામાં આવ્યો છે. રોટરી ડિસ્ટ્રિક્ટ ૩૧૪૧ના ગવર્નર શ્રી ચેતન દેસાઈ વનમહોત્સવ ખુલ્લો મુકશે. ફ્રેન્ડઝ ઓફ ધી ટ્રીઝ તરફથી ગત વરસોની જેમ આ કાર્યક્રમનું આયોજન ડૉ. અશોક કોઠારી કરી રહ્યા છે.

# ઉત્તરાખંડમાં ડ્રગ્સ બનાવતી ફૅક્ટરી પર રેઇડઃ નેપાળ સરહદેથી ત્રણ પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મેફેડ્રોન ડ્રગ્સ જપ્તિના કેસની તપાસ કરનારી થાણે ક્રાઈમ બ્રાન્ચે ઉત્તરાખંડમાં ડ્રગ્સ બનાવતી ફૅક્ટરી પર કાર્યવાહી કરી હતી. જોકે ફૅક્ટરીમાંથી કાચો માલ જ મળ્યો હતો, ડ્રગ્સ સગેવગે કરી દેવાયાની શક્યતા વ્યક્ત કરાઈ હતી. પોલીસની માહિતી મળતાં જ નેપાળ ભાગી રહેલા ત્રણ આરોપીને પોલીસે સરહદેથી પકડી પાડ્યા હતા.

થાણે ક્રાઈમ બ્રાન્ચની યુનિટ પાંચના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીઓની ઓળખ ઓમ જયગોવિંદ ગુપ્તા ઉર્ફે મોનુ, ભીમ સુરેન્દ્ર યાદવ અને અમરકુમાર લક્ષ્મણરામ કોહલી તરીકે થઈ હતી. આરોપી ઓમ અને અમર અગાઉ ઉત્તર પ્રદેશમાં એમડી બનાવવાની ફૅક્ટરી ચલાવતા હતા. ગયા વર્ષે કાસારવડવલી પોલીસે ડ્રગ્સ કેસની તપાસમાં ઉત્તર પ્રદેશની ફૅક્ટરી પર દરોડો પાડ્યો હતો. જોકે તે સમયે બન્ને આરોપી ફરાર થઈ ગયા હતા. પોલીસે તપાસ કર્યા છતાં બન્ને હાથ લાગ્યા નહોતા. આખરે ક્રાઈમ બ્રાન્ચે તેમને પકડી પાડ્યા હતા.

અધિકારીના જણાવ્યા મુજબ ગયા મહિને થાણે પરિસરમાંથી વિશાલ સિંહ અને મલ્લેશ શેવલાની ધરપકડ કરવામાં આવી હતી. તેમની પાસેથી ૧૧ ગ્રામ એમડી મળી આવ્યું હતું. પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે બન્ને આરોપી ઉત્તરાખંડથી એમડી લાવ્યા હતા.

ઉત્તરાખંડ પહોંચેલી પોલીસની બેમાંથી એક ટીમે પિથોરગઢના મેલતોડા ખાતે એમડી બનાવતી ફૅક્ટરી પર રેઇડ કરી હતી. ફૅક્ટરીમાંથી મશીનરી અને કાચો માલ મળી આવ્યો હતો, પરંતુ ડ્રગ્સ હાથ લાગ્યું નહોતું. વળી, ડ્રગ્સ બનાવવામાં સંડોવાયેલા ત્રણ આરોપી ફરાર થઈ ગયા હતા.

પોલીસે ત્રણેયને ટ્રેસ કર્યા હતા. આરોપી નેપાળ જવાની વેતરણમાં હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસની ટીમે પીછો કરી નેપાળની સરહદે આવેલા ઉત્તર પ્રદેશના ખીરી જિલ્લામાંથી ત્રણેયને તાબામાં લીધા હતા.

# પત્ની સાથે સંબંધ હોવાની શંકા પરથી શખસ પર કર્યો હુમલોઃ પતિની ધરપકડ

મુંબઈઃ પત્ની સાથે સંબંધ હોવાની શંકા પરથી શખસ પર પતિએ તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હોવાની ઘટના વડાલા વિસ્તારમાં બની હતી. પોલીસે આ પ્રકરણે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરીને પતિની ધરપકડ કરી હતી. વડાલા પૂર્વમાં બુધવારે સાંજે આ ઘટના બની હતી, જેમાં ઘાયલ થયેલા શાહરુખ નામના શખસને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. પોલીસના કહેવા મુજબ આરોપી જુનૈદ ખાન ઉર્ફે ચિનાને શંકા હતી કે તેની પત્ની સાથે શાહરુખના અનૈતિક સંબંધ છે. આથી જુનૈદે બુધવારે સાંજે શાહરુખને આંતર્યો હતો અને તેના પર શસ્ત્રના ઘા ઝીંકી દીધા હતા. શાહરુખ પર હુમલો કર્યા બાદ જુનૈત વડાલા ટીટી પોલીસ સ્ટેશનમાં ગયો હતો અને આત્મસમર્પણ કર્યું હતું. દરમિયાન પોલીસે જુનૈદ વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ કહ્યું હતું.

# વૃક્ષ કાપણીના ટેન્ડરની કિંમતમાં દસ વર્ષમાં છ ગણો વધારો, કૌભાંડનો આરોપ

મુંબઈઃ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) દ્વારા કે/પૂર્વ વોર્ડમાં આપવામાં આવેલા વૃક્ષ કાપણીના ટેન્ડરો અંગે નાગરિક કાર્યકરોએ ચિંતા વ્યક્ત કરી છે. કાર્યકરોનો આરોપ છે કે દસ વર્ષમાં ટેન્ડરનો ખર્ચ છ ગણો વધારવામાં આવ્યો છે જ્યારે વિસ્તારમાં વૃક્ષોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

બીએમસી દર ચોમાસા પહેલા વૃક્ષોની કાપણી કરે છે, તેથી કાર્યકરોને વૃક્ષોની કાપણીના કામ માટે આપવામાં આવેલા ટેન્ડરોમાં અનિયમિતતાઓની શંકા છે, ખાસ કરીને કે/પૂર્વ વોર્ડમાં, જેમાં વિલે પાર્લે (પૂર્વ), અંધેરી (પૂર્વ) અને જોગેશ્વરી (પૂર્વ)નો સમાવેશ થાય છે. વોચડોગ ફાઉન્ડેશને દસ વર્ષમાં ટેન્ડરોની કિંમત છ ગણી વધી હોવાનો ઉલ્લેખ કરીને કૌભાંડનો આરોપ લગાવ્યો છે.

મંગળવારે મ્યુનિસિપલ કમિશનરને લખેલી ફરિયાદ મુજબ, ૨૦૧૩-૧૪ માં વૃક્ષ કાપણી માટે બે વર્ષમાં અંદાજે બે કરોડ રૂપિયાનો ટેન્ડર ખર્ચ થયો હતો, જ્યારે ૨૦૨૪માં એક વર્ષ માટે આપવામાં આવેલા વર્તમાન ટેન્ડરનું મૂલ્ય છ કરોડ રૂપિયા છે. તેમણે એ વાત પર ભાર મૂક્યો કે મેટ્રો કાર શેડ અને રોડ પહોળો કરવા અને ચોમાસા દરમિયાન કુદરતી વૃક્ષો પડવા જેવા અનેક પ્રોજેક્ટ્સને કારણે વોર્ડમાં પહેલાથી જ ઘણા વૃક્ષો કાપવામાં આવ્યા છે. ફરિયાદમાં પાલિકાના ચીફને કે-પૂર્વ વોર્ડમાં વૃક્ષ કાપણી માટે ટેન્ડર મૂલ્યાંકન, ખાસ કરીને ૨૦૨૪ ના ટેન્ડર અને એવોર્ડ પ્રક્રિયાની સમીક્ષા કરવા વિનંતી કરવામાં આવી છે. ઉપરાંત વૃક્ષોની સંખ્યા અને અંદાજિત કિંમત વિરુદ્ધ ટેન્ડર ખર્ચ સહિત કરારના જથ્થાનું ઓડિટ કરવાની અને લાંચ કે ભ્રષ્ટ વ્યવસ્થા દ્વારા અનુચિત લાભો આપવામાં આવ્યા હતા કે કેમ તેની તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. વોચડોગ ફાઉન્ડેશનના ટ્રસ્ટી ગોડફ્રે પિમેન્ટાએ જણાવ્યું હતું કે, કાપણીના અવકાશમાં ભારે ઘટાડો થયો હોવાથી, કોન્ટ્રાક્ટ મૂલ્યમાં વધારો તાર્કિક રીતે યોગ્ય નથી.

# ૪.૮૨ લાખ રૂપિયાની વીજચોરી, ગુનો નોંધાયો

થાણેઃ ભિવંડીમાં ૪.૮૨ લાખ રૂપિયાની વીજળી ચોરી કરવાના આરોપમાં એક વ્યક્તિ સામે ગુનો નોંધવામાં આવ્યો છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

શાંતિ નગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે, કારિવલીના અમર લક્ષ્મણ ઘરાટે એક વર્ષના સમયગાળામાં ૧૩,૬૪૯ યુનિટ વીજળી ચોરી કરી હોવાનો આરોપ છે. ‘‘મહારાષ્ટ્ર રાજ્ય વીજળી વિતરણ કંપની લિમિટેડના સ્ટાફની ફરિયાદ પર, તેમના પર વીજળી અધિનિયમ ૨૦૦૩ હેઠળ ગુનો નોંધાયો હતો. આ વર્ષે ૧૬ મેના રોજ કરવામાં આવેલા નિરીક્ષણમાં જાણવા મળ્યું કે તેઓ એમએસઇડીસીએલ ના મીટર મિકેનિઝમને બાયપાસ કરીને ટ્રાન્સફોર્મરમાંથી સીધા જ વીજળી ખેંચી રહ્યા હતા. હજુ સુધી તેમની ધરપકડ કરવામાં આવી નથી,’’ એમ અધિકારીએ જણાવ્યું હતું.

# છત્રપતિ સંભાજીનગરમાં મકાન ધરાશાયીઃ કોઈ જાનહાનિ નથી

છત્રપતિ સંભાજીનગરઃ મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગર જિલ્લાના કન્નડ શહેરમાં ગઇ કાલે સ્થાનિક નાગરિક સંસ્થાની એક ઇમારત ધરાશાયી થઈ હતી અને તેમાં અનેક દુકાનો પણ હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. અધિકારીએ જણાવ્યું હતું કે કન્નડ નગર પરિષદની માલિકીની આ ઇમારતમાં ઘણા વર્ષો પહેલા બાંધવામાં આવેલી દુકાનોની હરોળ બપોરે લગભગ ત્રણ વાગ્યે તૂટી પડી હતી. ‘‘ઇમારત જૂની હતી. ત્યાં એક પછી એક દુકાનો પડી ગઈ હતી. સદનસીબે, કોઈ જાનહાનિ થઈ નથી,’’ કન્નડ શહેર પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું હતું. કાટમાળ દૂર કરવાનું કામ ચાલુ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

# ન સ્ટાફ, ન દવાઓઃ કૅન્સરની સારવાર માટેનું કેન્દ્ર બંધ પડ્યું છે

છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગરમાં કેન્સરની સારવાર માટેનું એક સરકારી કીમોથેરપી સેન્ટરે સ્ટાફ અને દવાની અછતને કારણે ઉદઘાટન કરવામાં આવ્યા બાદ કાર્યરત નથી થઈ શક્યું એમ એક અધિકારીએ બુધવારે જણાવ્યું હતું. કેન્સરના દર્દીઓના લાભાર્થે ઉભી કરાયેલી ૧૦ બેડની સુવિધા ધરાવતા કેન્દ્રનું ઉદઘાટન ફેબ્રુઆરીમાં શહેરની સિવિલ હૉસ્પિટલમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો એવી જાણકારી આપી અધિકારીએ ઉમેર્યું હતું કે તાલીમ ધરાવતા કર્મચારીઓ અને જરૂરી દવાઓની અછતને કારણે કેન્દ્ર બંધ પડ્યું છે. સેન્ટર ચલાવવા માટે એક ડોક્ટર, બે નર્સ, એક કાઉન્સેલર અને વિવિધ કાર્ય કરી શકે એવા એક કાર્યકરની જરૂર છે.

# નોકરીમાં પ્રાથમિકતા - જમીન માટે વધુ વળતરઃ વાઢવણવાસીઓની માગણી

પાલઘરઃ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના સૂચિત વાઢવણ બંદર માટે સંપાદિત કરવામાં આવનારી તેમની જમીન માટે સ્થાનિક રહેવાસીઓએ વધુ વળતરની અને મેગા પ્રોજેક્ટમાં નોકરીઓમાં અગ્રતા આપવાની પણ માંગ કરી હતી.

દહાણુ જિલ્લાના ખાતેની સબ-ડિવિઝનલ ઓફિસરના કાર્યાલયમાં આયોજિત એક બેઠકમાં આ માગણીઓ રજૂ કરી દાવો કરવામાં આવ્યો હતો કે આ પ્રોજેક્ટ તેમની આજીવિકા છીનવી લેશે.

એક સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે મહત્વાકાંક્ષી પ્રોજેક્ટને લગતી ચિંતાઓને દૂર કરવા અને તેના વિશે આંદોલનકારીઓને યોગ્ય માહિતી આપવા માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં મદદનીશ જિલ્લા કલેક્ટર વિશાલ ખત્રી, નાયબ જિલ્લા કલેક્ટર મહેશ સાગર, વરોર, ધક્તિ દહાણુ અને ચિંચાણીની ગ્રામ પંચાયતોના સભ્યો, સ્થાનિક માછીમાર સમાજના પ્રતિનિધિઓ, નાગરિકો અને વરિષ્ઠ પોલીસ અધિકારીઓ હાજર રહ્યા હતા.

જવાબમાં નાયબ જિલ્લા કલેક્ટરે તેમને જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટની નોડલ એજન્સી જવાહરલાલ નહેરુ પોર્ટ ઓથોરિટી (જેએનપીએ) રોજગારમાં સ્થાનિક લોકોને પ્રાધાન્ય આપવા સંમત થઈ છે અને તેમની માગણીઓ સરકારને મોકલવામાં આવશે. (પીટીઆઈ)

# અપૂરતા પુરાવાને કારણે આઠ વર્ષ પહેલાના ડબલ મર્ડર કેસમાં દંપતી નિર્દોષ જાહેર

થાણેઃ થાણે શહેરની સેશન્સ કોર્ટે અપૂરતા અને નિર્ણય સુધી પહોંચી ન શકાય એવા પુરાવાઓનો હવાલો આપીને ૨૦૧૭ના ડબલ મર્ડર કેસમાં રાજસ્થાનના એક દંપતીને નિર્દોષ જાહેર કર્યું છે. દંપતીની સગીર પુત્રીને પણ આરોપી બનાવવામાં આવી હતી અને તેનો કેસ જુવેનાઇલ કોર્ટમાં છે. ૨૩ જૂનના આદેશની નકલ ગુરુવારે ઉપલબ્ધ થઈ હતી. આ ચુકાદામાં સેશન્સ જજ એ એન સિરસીકરે આરોપીઓ અલી અકબર અબુજાર કાચવાલા અને અમીના ઇસ્માઇલ શેખને રાહત આપતા પહેલા ફરિયાદીના કેસ પર અનેક પ્રશ્નો ઉઠાવ્યા હતા. ફરિયાદ પક્ષના જણાવ્યા અનુસાર નવેમ્બર ૨૦૧૭માં થાણા નજીક મુમ્બ્રામાં તેમના ઘરે નાઝિયા નામની મહિલા અને તેની ૧૧ વર્ષીય પુત્રી મૃત અવસ્થામાં મળી આવ્યા હતા. ૧.૧૧ લાખની રોકડ, દાગીના અને મોબાઈલ ફોનની ચોરી થઈ હોવાની જાણ ત્યારે થઈ હતી. ફરિયાદ પક્ષનો આરોપ હતો કે આરોપી દંપતીની પુત્રી અગાઉ નાઝિયાના ઘરે ઘરકામ કરતી હતી. તેનો કેસ સંજોગપૂર્ણ પુરાવા પર આધારિત હતો, જેમાં ગુનાના સ્થળ નજીક આરોપી અને કિશોરની કથિત હાજરી, અને ચોરાયેલી વસ્તુઓ અને હથિયારની પુનઃપ્રાપ્તિનો સમાવેશ થાય છે. ન્યાયમૂર્તિ સિરસીકરે નોંધ્યું હતું કે ફરિયાદી પક્ષે જે સીસીટીવી ફૂટેજ પર આધાર રાખ્યો હતો તે આરોપીની ઓળખ સ્થાપિત કરી શક્યો નથી. તેમણે કહ્યું કે, આ ફૂટેજમાં એક મહિલા બુરખામાં જોવા મળી રહી છે જ્યારે પુરુષનો ચહેરો ધૂંધળો છે. (પીટીઆઈ)

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ ઘાટકોપર, જ્યોતિબેન દોશી (ઉં.વ. ૮૩) તે સ્વ. વસંતભાઈ મોહનલાલ દોશીના ધર્મપત્ની. બિંદુ, પારુલ, ચેતનનાં માતુશ્રી. અતુલભાઈ, પરેશભાઈ તથા ડૉ. સેજલબેનનાં સાસુ. બિજેન તથા જુહીનાં દાદી. પિયરપક્ષે સ્વ. મોહનલાલ કાલિદાસ શેઠનાં દીકરી. કુમુદબેન, સુધાબેન, સ્વ. ઈચ્છાબેન, સ્વ. હંસાબેનનાં ભાભી. તા. ૨-૭-૨૫નાં અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૫-૭-૨૫, શનિવારે સવારે ૧૦થી ૧૧.૩૦ વાગ્યે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગરોડિયાનગર, ઘાટકોપર (ઈસ્ટ) ખાતે રાખેલ છે.

**ઝાલાવાડી દશા દેરાવાસી જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ બોરીવલી, ગં.સ્વ ઇન્દુબેન શાંતિભાઈ દોશીના પુત્રવધુ બીનાબેન (ઉમર.૫૬) તે નિલેશભાઈના ધર્મપત્ની, વિદિત તથા પ્રિયલના માતુશ્રી, આશિષ-ભાવના તથા દિસીબેન રાજેશભાઈ બગડિયાના ભાભી, પિયરપક્ષે રાણપુર નિવાસી સ્વ લીલાવતી વિનોદભાઈ છબીલદાસ નારેચણીયાના દીકરી. ૧/૭/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નાઘેર દશા શ્રીમાળી સ્થા જૈન**

હાલ બોરીવલી, સ્વ. ચંદ્રકાંત શિવલાલ ગાંધીના ધર્મપત્ની હસ્મીતા (ઉં.વ.૬૯) તા. ૨/૭/૨૦૨૫ ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રિનલના માતુશ્રી, પ્રદિપ, સ્વ. રાજેન્દ્ર, સ્વ. કલ્પના હસમુખ મહેતાના ભાભી, જમશેદપુર નિવાસી સ્વ. રમણીકલાલ ચતુરલાલ ભાયાણીના સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ બોરીવલી, સ્વ. ખાંતીલાલ ગોરધનદાસ દોશીના ધર્મપત્ની રસીલાબેન (ઉમર.૯૨) ૩૦/૬/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ચંદ્રિકા હસમુખરાય દોશીના ભાભી, નરેશ, રાજેન્દ્ર, પ્રમોદ, પ્રિતીના માતુશ્રી, હર્ષા, ચારૂ, રિટા, બિપીનભાઈ ગાંધીના સાસુ, પિયરપક્ષે સ્વ. કાંતિભાઈ, સ્વ શાંતિભાઈ, સ્વ પૂનમચંદભાઈ, સ્વ. જયશ્રીબેન તથા સ્વ જયાબેનના બહેન. પ્રાર્થનાસભા ૬/૭/૨૫ના ૪ થી ૬. આંગન ક્લાસિક બેન્કવેટ હોલ, ટી પી એસ રોડ બોરીવલી વેસ્ટ.

**પાટણ જૈન**

પાટણ નિવાસી (વખતજીની શેરી) હાલ ગોરેગાંવ, અ. સૌ. દામિની(ટીના) શાહ (ઉ.વ.૫૩) શુક્રવાર તા. ૨૭.૦૬.૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રાકેશ સૂર્યકાંત શાહના પત્ની, સ્વ. હસુમતિબેન સૂર્યકાંત શાહના પુત્રવધૂ, દર્શિલ, ઈશાનાં માતુશ્રી, તુષાર, કેતકીનાં ભાભી, સ્વ. ભાનુબેન વિપિનચંદ્ર શાહ (લીમડીનો પાડો)ના સુપુત્રી. ૨૫૦/૧, જવાહર નગર, રોડ નં.૧૫, ગોરેગાવ (પ.)

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ આધોઈના સ્વ.લક્ષ્મીબેન કુંવરજી નાંયા ગાલાના ઉં.વ.૮૭ તા.૩૦.૦૬.૨૦૨૫ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. માતુશ્રી કામલબેન નાંયાના પુત્રવધુ, સ્વ. કુંવરજીના ધર્મપત્ની, શાંતિલાલ, ભગવાનજી, હરીલાલ, જવેર, મંજુલાના માતા. મંજુલા, મંજુલા, પ્રભા, દેવજી, રમેશના સાસુ, હિતેશ, શૈલેષ, ધવલ, રશ્મી, જીગ્ના, અંકિતા, અંચિતા, સલોનીના દાદી. રિમ્પલ, પરેશા, નમ્રતા, કૃતિ, ભાવેશ, રૂષભના નાની. આધોઈના સ્વ. હીરૂબેન ભારા નરશીના દિકરી. પ્રાર્થના સભા. શુક્રવાર તા. ૦૪.૦૭.૨૦૨૫ સમય ૨.૩૦ થી ૪.૦૦ સ્થળ. એમ.એમ. પીપલ્સ સ્કુલ, એસ.વી.રોડ, ખાર-વેસ્ટ, નિવાસ સ્થાન. એ-૬૦૪, યુથોપિયા ગાર્ડન,ગ્રોવ ફેઝ-૨, બોરીવલી-વેસ્ટ. મુંબઈ. મો.૯૮૩૩૪૨૦૪૨૦.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

ચિત્તલ નિવાસી હાલ મલાડ સ્વ. લીલાવતીબેન જયંતીલાલ નરસિંહદાસ મહેતાના પુત્ર કિશોરભાઈ મહેતા (ઉં. વ. ૬૫) ૧-૭-૨૫, મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે રાધિકાબેનના પતિ. પ્રવીણભાઈ, દિનેશભાઈ, બીપીનભાઈ, સતીષભાઈ તથા બેન સ્વ. વિનોદબાળા (વર્ષાબેન) વસંતરાય દોશી હીપાવડલીવાળાના ભાઈ. ખુશ્બુ અક્ષયકુમાર ધોરડા તથા તિશાના પિતાશ્રી. કનૈયાલાલ કૃષ્ણલાલ શાહના જમાઈ. પાટણવાળા હાલ બોરીવલી મોસાળ પક્ષે કપૂરચંદ છગનલાલ દોશી સનાળીયાવાળાના ભાણેજ. પ્રાર્થનાસભા રવિવાર ૬-૭-૨૫ સવારના ૧૦ થી ૧૨. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ૪થો ફ્લોર, (મોટા ઉપાશ્રય) પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદીવલી (વેસ્ટ). ચક્ષુદાન કરેલ છે.

**સ્થાનકવાસી જૈન**

વેકરીવાળા હાલ મુંબઈ ચંપકભાઈ ચત્રભુજ શેઠ (ઉં. વ. ૯૨) ૨-૭-૨૫ના દેવગત થયા છે. તેઓ ચત્રભુજ નરભેરામ શેઠના પુત્ર. સ્વ. ઈંદીરાબેનના પતિ. સ્વ. ખોડીદાસભાઈ કામાણીના જમાઈ. લતાબેન રાજેશભાઈ બખાઈના પિતાશ્રી. સ્વ. કાંતીભાઈ શેઠ, સ્વ. કંચનબેન કામાણી અને સ્વ. મંગલાબેન અજમેરાના ભાઈ. ભાવના પ્રકાશ, પ્રિતી સુનીલ, રીમા અલ્કેશના કાકા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

હાલાપરના હેમંત (ઉં. વ. ૫૪) ૨-૭-૨૫ના અવસાન પામ્યા છે. પુષ્પાબેન મોહનલાલના પુત્ર. પ્રીતિના પતિ. વરુણ, શુભના પિતા. પ્રકાશ, જયેશ, શૈલેષ, બારોઈના ડો. પલ્લવી વૈશાલના ભાઈ. ઝવેરબેન રામજી સાવલાના જમાઈ. પ્રા. સ્થળઃ શ્રી વર્ધમાન જૈન સ્થાનક, તળાવ પાળીની સામે, થાણે. ૪-૭ ટા. ૩ થી ૪.૩૦.

# હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ દુધઈ, હાલ મુલુંડ બેચરદાસ મોતીરામ દૈયાના ધર્મપત્ની અ.સૌ. લક્ષ્મીબેન (લતા) બેચરદાસ દૈયા (ઉં.વ. ૭૬) તા. ૧-૭-૨૫, મંગળવારના રામચરણ પામેલ છે. તે જયશ્રી તથા આનંદના માતુશ્રી. લીના તથા ભાવેશ કોટકના સાસુમા. કનિષ્કના દાદીમા તે હર્ષના નાનીમા. પિયર પક્ષ મોરારજી રામજી ચરોડા ગામ ઝાર સુખડાની સુપુત્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૪-૭-૨૫ના ૫.૩૦થી ૭.૦૦. રૂનવાલ ગ્રીન બેન્કવેટ હોલ, રૂનવાલ ગ્રીન એસ લેવલ, મુલુંડ ગોરેગાંવ લીંક રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

જામસલાયા, હાલ વિરાર, ગં.સ્વ. ચંપાબેન ખીમજીભાઈ ઠક્કર (ઉં.વ. ૭૬) તા. ૨-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે રતનબેન સુંદરજી મજીઠિયાના દીકરી. કેસરબેન જમનાદાસ ઠક્કરના વહુ. તે કિરિટ, કામિનીના માતુશ્રી. તે જાગૃતિ ઠક્કર અને સંજય લાખાણીના સાસુ. આદિત્યના દાદી. મંચકના નાની. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૪-૭-૨૫, શુક્રવારના ૪થી ૫.૩૦. પ્રાર્થનાસ્થળઃ શ્રી વિરાર અચલગચ્છ સંઘ, જૈન મંદિર રોડ, શ્રૈયા હોટલ ગલ્લી, શંકર મંદિરની સામે, વિરાર (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**બાલાસિનોર દશા નીમા વણિક**

પ્રકાશભાઈ કાંતિલાલ કડકિયા (મરઘા) (ઉં.વ. ૭૫) તે પન્નાબેનના પતિ. હેમલ તથા શિવાનીના પિતા. સલોની તથા હિતેશભાઈના સસરા. તે સ્વ. તારાબેન કાંતિલાલ કડકિયા (મરઘા)ના પુત્ર. સ્વ. સ્નેહલતા વિઠ્ઠલાના ભાઈ. તે સ્વ. કપિલાબેન નટવરલાલ પરીખ (રોકડિયા)ના જમાઈ. તા. ૩૦-૬-૨૫, સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૪-૭-૨૫ના ૫થી ૭. લૌકિક પ્રથા બંધ છે. સ્થળઃ વનિતા વિશ્રામ, ૩૯૨ એસ.વી.પી. રોડ, પ્રાર્થના સમાજ, રિલાયન્સ હોસ્પિટલની બાજુમાં, ગેટ નં. ૬. મુંબઈ-૪૦૦૦૦૪.

**કચ્છી ભાટિયા**

ગં.સ્વ. મંદા (ઉં.વ. ૯૭) હાલ વેંગુર્લા તે સ્વ. મુલરાજ ત્રિકમદાસ ભાટિયાના ધર્મપત્ની. સ્વ. જમનાદાસ ગોરધનદાસ વેદના સુપુત્રી. પ્રદીપ, જયંત તથા અ.સૌ. અમીતા કિરિટ ભાટિયાના માતુશ્રી. અ.સૌ. બીના પ્રદીપ તથા અ.સૌ. કવિતા જયંતના સાસુ. ચિ. સિદ્ધાર્થના દાદી. અ.સૌ. દિપા કુણાલ તથા અ.સૌ. શિલ્પા અંબરીશના નાની. તા. ૧-૭-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

જૂના સાવરવાળા હાલ હૈદ્રાબાદ, સ્વ. અમૃતલાલ હરીલાલ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. હીરાલક્ષ્મીબેન (ઉ.૯૫ )તે શૈલેષ, સ્વ.નયનાબેન મહેન્દ્રકુમાર દોશી, સૌ. ઉષાબેન (વૈશાલીબેન)સુનિલકુમાર મહેતાના માતોશ્રી, સૌ.ભાવનાબેનના સાસુ, ઉમંગ, સૌ. હેતલ ધવલકુમાર ગોરડિયા, સૌ. પરિતા જયકુમાર મહેતાના દાદીમા, તૃમી, દિમ્પી, સ્વ. હિતેશ, રાધાના નાનીમા, અમરેલીવાળા સ્વ. ભાઈચંદ વનમાળીદાસ દેસાઈની દિકરી મંગળવાર તા. ૦૧/૦૭/૨૦૨૫ના હૈદ્રાબાદ ખાતે શ્રીજી શરણ પામેલ છે. લૌકીક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ આઇડા હાલે કોપરગાંવ સ્વ. સંતોષ મંગલદાસ ઠક્કર (દૈયા) (ઉં.વ.૪૯) તે ગં. સ્વ. કમલાબેન મંગલદાસ તુલસીદાસ ઠક્કર (દૈયા) ના સુપુત્ર, વિઠ્ઠલદાસના ભત્રીજા, શિલ્પાબેનના પતિ, મહેન્દ્રભાઈ, ઉર્મિલાબેન હરેશકુમાર સોમેશ્વર, ત્રિવેણીબેન રાજેશકુમાર કારિયા, તનુજા (નૈના) નરેનકુમાર રાયકુંડલિયા, નીલમબેન જનકકુમાર અનમ, સુરેશ, શૈલેશ, રમેશના ભાઈ, કિશોર શંકરલાલ ઠક્કર (માખીસોતા) (પિંપળગામ બસ્વંત) ના જમાઈ, સિયા, પલકના પિતા, પ્રાર્થનાસભા તા. ૦૪/૦૭/૨૦૨૫ના શુક્રવાર ૦૪:૩૦ થી ૦૬:૦૦. મહાત્મા ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ (પ્રદર્શન), સાઈ બાબા કોર્નર ૧, નગર મનમાડ રોડ, કોપરગાંવ. લૌકિક વ્યવહાર બંધ છે. બૈરાઓએ તે દિવસે જ આવી જવું.

**કપોળ**

જાફરાબાદવાળા હાલ ચારકોપ, સ્વ. વ્રજલાલ જગજીવનદાસ મહેતાના ધર્મપત્ની સ્વ. દેવકુંવરબેન મહેતા (ઉમર.૯૦) ૧/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. દીપકભાઈ, જીતેન્દ્રભાઈ, અતુલભાઈ, ચેતનભાઈ, સુધાબેન, મીનાબેન રીટાબેનના માતા, ચલાલાવાળા વચ્છરાજ પારેખના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુથાર**

ગામ ચિતલવાળા હાલ જોગેશ્વરી, અ.સૌ શ્રીમતી કંચનબેન પરમાર (ઉ.વ.૭૬) તા. ૦૧/૦૭/૨૦૨૫ મંગળવારના શ્રીરામચરણ પામ્યા છે. તે નટવરલાલ મેઘજીભાઈ પરમારના ધર્મપત્ની, શ્રીમતી હર્ષાબેન રમેશભાઈવાળા, સ્વ. ધર્મેશભાઈ, વીરુભાઈના માતુશ્રી, બાલુભાઈ, રસિકભાઈના ભાઈના પત્ની, ગામ વિસળીયાવાળા સ્વ. શાંતાબેન મોહનભાઈ છગનભાઇ ચિત્રોડાના દિકરી, સ્વ. અરવિંદભાઈ મોહનભાઈ, સ્વ. ભારતભાઈ મોહનભાઈ, શ્રીમતી પ્રભાબેન રમેશભાઈ, શ્રીમતી જયાબેન લવજીભાઈના બેન, તેમની પ્રાર્થનાસભા તા. ૦૪/૦૭/૨૦૨૫ શુક્રવારના ૫ થી ૭. શ્રી લુહાર સુથાર વાડી (વેલ્ફેર સેન્ટર), કાર્ટર રોડ નંબર ૩, વિશ્વકર્મા ચોકની પાસે, બોરીવલી ઇસ્ટ.

**લોહાણા**

ગામ વરસડા હાલ પરેલ, ગં. સ્વ હંસાબેન અશોકભાઈ (ભીખુભાઇ) મસરાણીના પુત્ર ચિરાગ (ઉમર.૪૫) ૨/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે પૂનમબેનના પતિ, કોમલ રાજેશ ભટ્ટના નાનાભાઈ, વૃષ્ટિ, દિયા તથા દિવ્યાંશના પિતા, ગં. સ્વ જસુમતિ પ્રભુદાસ છગના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ૪/૭/૨૫ના ૪.૩૦ થી ૬.૩૦. ઓલ ઇન્ડિયા ભાવસાર ક્ષત્રિય મહાજનવાડી, પરમાર ગુરુજી માર્ગ, સેન્ટ્રલ વર્ક શોપની સામે, પરેલ.

**વાલ્મિક કાયસ્થ જ્ઞાતિ**

શ્રીમતી પાર્થવી (દેવીબહેન) (ઉ.વ.૮૪) તે સ્વં રમેશ મણિલાલ મઝમુદારના પત્ની, નિશીથ અને દેવલના માતા, શ્રુતિ અને નૈસ્તિના સાસુ, કુશ, ઈશાન, મનાલી અને સાહીલના દાદી, તા ૧ જુલાઈ ૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શનિવાર તા. ૫ જુલાઈ ૨૦૨૫ના ૫. ૩૦ થી ૭. ૩૦. લારામ સેંટર, એસ વી રોડ, અંધેરી પશ્ચિમ,

**વીરપુર દશા નીમા વણિક**

વીરપુર નિવાસી હાલ કાંદિવલી, ઉર્વશીબેન જ્યોતિન્દ્ર દેસાઈ (ઉમર.૭૩) તે ૩૦/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. કપિલાબેન જયંતીલાલના દીકરી, વીરેન્દ્ર, પુષ્પાંજલિ, નીલમ, જીગીષાના માતુશ્રી, નેહા, સ્વ. હરીશકુમાર, પ્રજ્ઞેશ, હિરેનભાઈના સાસુ, આર્યન, ભાવિ, પાશર્દ, સાહીલ, વ્રજ, હર્ષ, અંશના બા, ઉદયભાઈ, સ્વ. પૂર્ણિમાબેન, પૂર્ણાબેન, ચંદ્રકાંતના ભાભી, દિનેશભાઇ, જયશ્રી, હર્ષદભાઈ, વર્ષાના બહેન. પ્રાર્થનાસભ ૫/૭/૨૫ના ૫ થી ૭. હાલાઇ લોહાણા મહાજનવાડી, પહેલે માળે, એસ. વિ રોડ, શંકરમંદિર પાસે, કાંદિવલી વેસ્ટ. ચક્ષુદાન કરેલ છે. ક્રિયાપાણી મુંબઈ ઘરે રાખેલ છે.

**લુહાર સુતાર**

ગામ રાજુલા નિવાસી હાલ બોરીવલી, દુર્લભજીભાઈ લાલજીભાઈ ક્વાના ધર્મપત્ની અ.સૌ. કાંતાબેન (ઉ.વ.૮૨) તા. ૧/૭/૨૦૨૫ના મંગળવાર અક્ષરનિવાસ પામેલ છે. તે નરેન્દ્રભાઈ, લીલાબેન, નીતાબેન, રેખાબેનના માતુશ્રી, ઉષાબેન,ચંદુભાઈ ગોરધનભાઈ, રમેશભાઈ ગોરધનભાઈ, જયેશભાઈ મગનભાઈના સાસુ, તાતણીયાવાળા સ્વ. નાથાભાઈ, સ્વ નામજીભાઈ, મગનભાઈ શામજીભાઈના બહેન. જીવરાજભાઈ કવા, ડાયાભાઇ કવાના ભાઈના ધર્મપત્ની. પ્રાર્થનાસભા તા. ૪/૭/૨૫ના શુકવાર ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**કચ્છી લોહાણા**

ગામઃ વાંકું, સ્વ. લક્ષ્મીદાસ વાઘજી પલન અને સ્વ. મંજુલાબેન લક્ષ્મીદાસ પલનના પુત્ર મહેન્દ્ર લક્ષ્મીદાસ પલન (ઉ.વ.૭૩) અવસાન તા. ૩ જુલાઈ, ૨૦૨૫ (ગુરૂવાર) ના રોજ થયું છે. તે રેખાબેન પલનના પતિ, સ્વ. કિશોર લક્ષ્મીદાસ પલનના ભાઈ, મંજુલાબેન કિશોર પલનના દિયર. એ-૪૨, જલારામ આશિષ, દેવીદયાલ રોડ, મુલુંડ (વેસ્ટ), લોકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છ વાગડ લોહાણા**

ગામ વાંઢિયા હાલે મુલુંડ, હર્ષદ દક્ષિણી (ઉ.વ.૬૧) તા. ૦૨.૦૭.૨૦૨૫નાં શ્રીરામશરણ પામેલ છે. તે ગં.સ્વ. પ્રભાબેન તથા સ્વ.નેણશીભાઈ ચત્રભુજ દક્ષિણીના સુપુત્ર, પાયલના પતિ. હેમાંગી, વત્સલના પિતા. અ.સૌ. નિતાબેન દિવ્યેશકુમાર પોપટના ભાઈ. ગં.સ્વ. સરોજબેન લીલાધર કલ્યાણજી ઊદેચાના જમાઈ, સ્વ. હરિલાલ (ભીખુભાઈ), સ્વ. જેઠાલાલ અને નાનાલાલ છગનલાલ પોપટના ભાણેજ, પ્રાર્થનાસભા શુક્રવારે તા. ૦૪.૦૭.૨૦૨૫ના ૪ થી ૬, પહેલો માળ, સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ પશ્ચિમ.

**દેસાઈ સઈ સુતાર જ્ઞાતિ મુંબઈ**

ગામ તરસરા હાલ બોરીવલી, સ્વ.વિજયભાઇ પ્રેમજીભાઈ ચાવડાના ધર્મપત્ની ગીતાબેન ચાવડા (ઉં.વ.૬૧) તા. ૩૦-૬-૨૦૨૫ને સોમવાર રામચરણ પામ્યા છે. તે કૃષ્ણાબેન, મીનલબેન મેઘનાબેન, પુજાબેનના મમ્મી, પ્રદિપ ચવ્હાણના સાસુ. પાદરગઢ નિવાસી સ્વ. ભુપતભાઈ લવજીભાઈ સરવૈયા ના દિકરી, સ્વ. વિક્રમ, જયેશભાઈ, નયનાબેન, અલકાબેનના મોટાબેન, સ્વ. ધીરુભાઈ, દિનેશભાઈ, ગોવિંદભાઈ, અરવિંદભાઈ, મહેશભાઈ, સ્વ. પ્રવિણભાઈ હિરાબેન ભરતભાઈ, રેખાબેન પ્રમોદભાઈના ભાભી. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા.૪-૭-૨૦૨૫ને શુક્રવારે ૪ થી ૬. શ્રી દેસાઈ સઈ સુતાર જ્ઞાતિવાડી, અશોક ચક્રવતી રોડ નં - ૪, સ્વયંભુ ગણેશ મંદિર ની સામે, કાંદિવલી ઇસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. સુંદરબાઈ મોનજી ગાંગજી પોપટ કચ્છ ગામ રેહા હાલ મુલુંડના પુત્ર સ્વ. હરીરામ મોનજી પોપટના પત્ની વસંતબેન (ઉં. વ. ૯૨) ૨-૭-૨૫, બુધવાર, રામશરણ પામેલ છે. સ્વ. દેવકાબેન ગાંગજી રૂપારેલના પુત્રી. સ્વ. મથુરાદાસ મોનજી પોપટ, સ્વ. મહાલક્ષ્મીબેન જમનાદાસ બાડિયાના ભાઈના પત્ની. દિપક, પ્રકાશ, કમલ, પ્રતિમા, વિક્રમભાઈ, હર્ષા, વિનોદભાઈના માતુશ્રી. સ્મિતા, પ્રીતિ અને મીનાના સાસુમાની પ્રાર્થનાસભા શુક્રવાર ૪-૭-૨૫ના પદમાવતી બેન્કવેટ હોલ, એમ.જી. રોડ, મુલુંડ (વે). ૫ થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી મોઢ વણિક**

વાપી નિવાસી સ્વ. કમળાબેન હરકિશનદાસ પારેખના પુત્ર ગોપાલદાસ (ઉં વ. ૮૫) ૧-૭-૨૫ના વાપી ખાતે શ્રીજીચરણ પામ્યા છે. તે નવનીતભાઈ, ચંદ્રિકાબેન, સ્વ. વિઠ્ઠલભાઈના ભાઈ. તે તૃપ્તિ, આશિષ, આરતીના પિતા. તે સમીર, સોનલ, દિલેશના સસરા. શુભમ, કહાન, કનઈ, કાવેરીના દાદા-નાના. પ્રાર્થનાસભા ૪ થી ૬. શનિવાર ૫-૭-૨૫, લેઉવા પટેલ સમાજ, હરિયા હોસ્પિટલ રોડ, વાપી.

**ઘોઘારી મોઢ વણિક**

વિરમગામ નિવાસી હાલ પવઈ ભૂપેન્દ્ર જીવનલાલ શાહ (ઉં. વ. ૮૪) મંગળવાર, ૧-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. જીવનલાલ તથા સ્વ. જયાલક્ષ્મીબેનના પુત્ર. તે સ્વ. સુધાબેનના પતિ. સ્વ. શાંતિભાઈ અને સ્વ. નિર્મળાબેનના ભાઈ. જીજ્ઞા, જીનેશ પરીખ, ભાવિક- નીલમ, વૈશાલી પરેશ દોશીના પિતાશ્રી. સ્વ. નિર્મળાબેન સુખલાલભાઈ પારેખના જમાઈ. પ્રથમ, ખુશી, હર્ષ, અવિકના દાદા. પ્રાર્થનાસભા ૫-૭-૨૫ના ૧૦.૩૦ થી ૧૨.૩૦. સ્થળઃ ધ લેક કલબ, લેક હોમ્સ, પવઈ-વિહાર કોમ્પલેક્ષની પાછળ, પવઈ, મુંબઈ.

**બાલાસિનોર દશાનીમા વણિક**

પ્રકાશભાઈ કાન્તીલાલ કડકીઆ (ઉં. વ. ૭૬) તે પન્નાબેન પ્રકાશભાઈ કડકીઆના પતિ. હેમલ તથા શિવાનીના પિતા. સલોની તથા હિતેશકુમારના સસરા. કેયા, દિયાના દાદા. સ્વ. તારાબેન કાન્તીલાલ કડકીઆના પુત્ર. સ્વ. સ્નેહલતા, વિઠ્ઠલાના ભાઈ. તે સ્વ. કપિલાબેન નટવરલાલ પરીખ (રોકડીઆ)ના જમાઈ ૩૦-૬-૨૫, સોમવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર, ૪-૭-૨૫ના ૫ થી ૭. લૌકિક પ્રથા બંધ છે. સ્થળઃ વનિતા વિશ્રામ, ૩૯૨ એસ. વી. પી. રોડ, પ્રાર્થના સમાજ, રિલાયન્સ હોસ્પિટલની બાજુમાં, ગેટ નં. ૬, ચર્નીરોડ, મુંબઈ-૪.

**કપોળ**

કોરડીવાળા સ્વ. હરીલાલ જગજીવનદાસ દોશીના પુત્ર નરેન્દ્રભાઈના પત્ની હંસાબેન (ઉં.વ. ૮૨) તે ૨-૭-૨૫ બુધવારના અવસાન પામેલ છે. તે સોનલ-અતુલભાઈ તથા શીતલ-વિકાસના માતુશ્રી. તે સ્વ. દીપકભાઈના ભાભી. તે હર્ષાબેનનાં જેઠાણી, તે આકાશ-વિધિ તથા નિધિ-રાજ તથા ધ્યાન-હીરના દાદી. તે દિપેન-રાધિકાના અને ભાવિષા-ભાવેનના કાકી. તે સ્વ. નીલાબેન, ગં. સ્વ. રંજનબેન, સ્વ. કુંદનબેન તથા અ.સૌ. છાયાબેનનાં ભાભી. તે સ્વ. વિઠ્ઠલદાસ નારણદાસ શેઠનાં દીકરી. સ્વ. ભરતભાઈ અને રમેશભાઈના બહેન. લૌકિક વ્યવહાર બંધ છે.

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક



सत्यमेव जयते
ગુજરાત સરકાર

## સશક્ત સરપંચ,
## સુશાસિત પંચાયત



નવા ચૂંટાયેલ **સરપંચશ્રીઓ** અને **સદસ્યશ્રીઓનો**

# અભિવાદન સમારોહ

:: સમારોહના અધ્યક્ષ ::

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

:: પ્રેરક ઉપસ્થિતિ ::

## શ્રી સી.આર.પાટીલ

માનનીય કેન્દ્રીય મંત્રી, જલ શક્તિ મંત્રાલય, ભારત

- પંચાયત વિભાગના વિવિધ વિકાસ કામો માટે ₹૧૨૦૦ કરોડથી વધુ ગ્રાન્ટની ફાળવણી
- તાજેતરમાં પૂર્ણ થયેલ ગ્રામ પંચાયત ચૂંટણીમાં ૫૬ મહિલા સમરસ ગ્રામ પંચાયત જાહેર
- ૪,૮૭૬ નવા ચૂંટાયેલા સરપંચશ્રીઓ - ૬૦૦ મહિલા સમરસ ગ્રામ પંચાયત સભ્યશ્રીઓ કાર્યક્રમમાં જોડાશે
- ૭૬૧ સમરસ ગ્રામ પંચાયતો માટે "સમરસ ગ્રામ યોજના"અંતર્ગત ₹૩૫ કરોડથી વધુ પ્રોત્સાહક ગ્રાન્ટની ફાળવણી

**તારીખ : ૪-૭-૨૦૨૫, શુક્રવાર - સમય : બપોરે ૨-૦૦ વાગે - સ્થળ : મહાત્મા મંદિર, ગાંધીનગર.**



X CMOGuj  f CMOGuj  CMOGujarat  CMOGujarat

# સુરતમાં ખાડી પૂર નિવારવા ધારાસભ્ય કુમાર કાનાણીએ મુખ્ય પ્રધાનને પત્ર લખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં તાજેતરમાં આવેલા ખાડી પૂરના કારણે મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. શહેરમાં ખાડી પૂરની સમસ્યાના કાયમી નિવારણ માટે સુરતના ધારાસભ્ય કુમાર કાનાણીએ મુખ્ય પ્રધાનને પત્ર લખ્યો હતો.

કુમાર કાનાણીએ પત્રમાં જણાવ્યું કે, સુરતને ખાડી પૂરની પરિસ્થિતિમાંથી મુક્ત કરી શકાય તે માટે મથુરભાઈ સવાણીએ મુખ્ય પ્રધાન, સુરતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, પદાધિકારીઓ અને અધિકારીઓને પત્ર લખ્યો હતો. આ પત્ર સાથે ખાડી ડાયવર્ટ કરવાના પ્લાનનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. કાનાણીએ મથુરભાઈના સૂચનોનું મહત્ત્વ સમજાવતા જણાવ્યું હતું કે, મને એવું લાગે છે કે આ બાબતે તાત્કાલિક ધોરણે તેમણે સૂચવેલી યોજના પ્રમાણે સર્વે કરી, શક્યતા તપાસી આ યોજના શક્ય છે કે કેમ? તે બાબતે આગળની કાર્યવાહી કરવી જોઈએ.

તેઓએ જણાવ્યું હતું કે, આપણે જાણીએ છીએ કે સુરતમાં દર વર્ષે ભારે વરસાદ બાદ ખાડી પૂરની સમસ્યા સર્જાય છે, જેનાથી લાખો લોકો પ્રભાવિત થાય છે. આ એક વાર્ષિક સમસ્યા છે જે ભારે હાલાકીનું કારણ બને છે. આ ખાડી પૂરથી કઈ રીતે બચી શકાય તે અંગે ઉદ્યોગપતિ મથુર સવાણીએ એક વિગતવાર આયોજન પત્ર દ્વારા મુખ્ય પ્રધાન અને મને પણ મોકલ્યું છે. આ પત્ર વાંચ્યા પછી મને એવું લાગે છે કે જો આયોજનપૂર્વક અને શક્ય હોય તો આ કામગીરી કરવામાં આવે તો ખાડી પૂરનો પ્રશ્ન ચોક્કસપણે હલ થઈ શકે છે. મારું માનવું છે કે વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ અંગે સર્વે કરાવવો જોઈએ. જો સર્વે કર્યા પછી આ વાત યોગ્ય લાગતી હોય અને ખાડી પૂરનો પ્રશ્ન કાયમ માટે હલ થઈ શકતો હોય, તો યુદ્ધના ધોરણે આ કાર્યો હાથ ધરીને લાખો લોકોને આ સમસ્યામાંથી મુક્તિ આપવી જોઈએ.

આ સમસ્યા કોઈ એક વિભાગ પૂરતી સીમિત નથી અને કોઈ એક વિભાગ બીજા વિભાગ પર જવાબદારી ઢોળી દેવાથી તેનો ઉકેલ આવશે નહીં. આ માટે એક ચોક્કસ પ્રકારની સંકલિત કામગીરી થવી જોઈએ. આપણે ખાડી પૂરને સંપૂર્ણપણે અટકાવી શકતા નથી.

# આજે મુખ્ય પ્રધાનના હસ્તે ૭૬૧ સમરસ ગ્રામ પંચાયતોને ₹૩૫ કરોડથી વધુની ગ્રાન્ટની ફાળવણી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આજે ગાંધીનગરમાં નવા ચૂંટાયેલા સરપંચ તથા સદસ્યોના અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં નવા ચૂંટાયેલા ૪૮૭૬ સરપંચ તેમજ મહિલા સમરસ ગ્રામ પંચાયતોના સભ્યો સામેલ થશે. તાજેતરમાં યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૫૬ મહિલા સમરસ ગ્રામ પંચાયત જાહેર કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય પ્રધાનના હસ્તે ૭૬૧ સમરસ ગ્રામ પંચાયતોને ₹૩૫ કરોડથી વધુની ગ્રાન્ટ વર્ચ્યુઅલી ફાળવવામાં આવશે.

મુખ્ય પ્રધાન દ્વારા આ કાર્યક્રમ અંતર્ગત સમરસ ગ્રામ પંચાયતોને ગ્રાન્ટની ફાળવણી સિવાય પંચાયત એડવાન્સમેન્ટ ઇન્ડેક્સ અંતર્ગત નવ થીમ દીઠ પ્રથમ ક્રમાંક ધરાવતી ગ્રામ પંચાયતોના સરપંચોને સર્ટિફિકેટનું વિતરણ કરવામાં આવશે. ઉપરાંત યોજનાકીય ગ્રાન્ટની જાહેરાત પણ કરવામાં આવશે. પ્રોત્સાહક અને વિવિધ યોજનાઓની ગ્રાન્ટ અંતર્ગત કુલ ₹૧૨૩૬ કરોડથી વધુની જોગવાઇ કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય જળશક્તિ પ્રધાન સી.આર.પાટીલ પણ સામેલ થશે.

ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં અસાધારણ કામગીરી બદલ અમુક ગ્રામ પંચાયતોને પંચાયત એડવાન્સમેન્ટ ઇન્ડેક્સ અંતર્ગત નવ થીમ દીઠ પ્રથમ ક્રમાંક આપવામાં આવ્યો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના જવાનપર ગામને ગરીબી મુક્ત અને ઉન્નત આજીવિકા ધરાવતી પંચાયત તરીકે પસંદ કરાયું છે. ગીર સોમનાથના વેરાવળ તાલુકામાં આવેલ નાખડા ગામની સ્વસ્થ પંચાયત તરીકે પસંદગી થઇ છે. બાળ મૈત્રીપૂર્ણ પંચાયત તરીકે અમદાવાદના દસ્ક્રોઇ તાલુકાના કણિયાલ ગામની પસંદગી કરવામાં આવી છે. આણંદ તાલુકાના રાસનોલ ગામને પર્યાપ્ત પાણી ધરાવતી પંચાયત થીમમાં પ્રથમ ક્રમ મળ્યો છે.

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના નવા ભુણીંદ્રા ગામની સ્વચ્છ અને હરિયાળી પંચાયત તરીકે પસંદગી કરવામાં આવી છે. આણંદના સોજિત્રા તાલુકાની ત્રંબોવાડ ગ્રામ પંચાયતે માળખાગત સુવિધા ધરાવતી પંચાયત થીમમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાની દાંતોલ ગ્રામ પંચાયતે સામાજિક રીતે ન્યાયી અને સામાજિક રીતે સુરક્ષિત પંચાયત થીમમાં શીર્ષ સ્થાન પ્રાપ્ત કર્યું છે. વડોદરાના સાવલી તાલુકાના નરપુરા ગામને સુશાસિત પંચાયતની થીમમાં સ્થાન પ્રાપ્ત થયું છે અને પંચમહાલના શહેરા તાલુકાના છોગાળા ગામને મહિલા મૈત્રીપૂર્ણ પંચાયતની થીમમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે.

આ વર્ષે યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સૌથી વધારે સમરસ ગ્રામ પંચાયતોની સંખ્યા ૧૦૩ છે, જે ભાવનગર જિલ્લામાં છે. મહિલા સમરસ ગ્રામ પંચાયતોની વાત કરીએ તો સૌથી વધારે નવ ગ્રામ પંચાયત મહેસાણા જિલ્લામાં જાહેર કરવામાં આવી હતી. ટોપ પાંચ સમરસ ગ્રામ પંચાયતોમાં ભાવનગર બાદ મહેસાણા (૯૦), પાટણ (૭૦), બનાસકાંઠા (૫૯) અને જામનગર (૫૯)નો સમાવેશ થાય છે. મહિલા સમરસ ગ્રામ પંચાયતોની ટોપ-પાંચ યાદીમાં મહેસાણા (નવ), પાટણ (સાત), ભાવનગર (છ), બનાસકાંઠા (છ) અને વડોદરા (ચાર) સામેલ છે.

# સાંતલપુર અને ધોળાવીરા જોડતા ૧૦૬ કિલોમીટરના નેશનલ હાઈવેને ૫૭૫ કરોડના ખર્ચે ટૂ લેનનો બનાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છના હડપ્પન યુગના પુરાતત્વીય સ્થળ ધોળાવીરાના પ્રવાસે જનારા લોકો અને કચ્છના લોકો માટે કેન્દ્ર સરકારે મહત્ત્વની જાહેરાત કરી હતી. સાંતલપુર અને ધોળાવીરા જોડતા ૧૦૬ કિલોમીટરના નેશનલ હાઇવેને દ્વિ માર્ગીય એટલે કે ટૂ લેન બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. કેન્દ્રીય માર્ગ અને પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી હતી.

હાલમાં આ નેશનલ હાઇવે સિંગલ લેનનો હોવાને કારણે ધોળાવીરાની મુલાકાતે જતા પ્રવાસીઓના વાહનો અને અન્ય ભારે વાહનોના પરિવહનમાં ખૂબ જ અગવડ પડતી હતી. જેના કારણે સમય અને ઇંધણ બંનેનો વ્યય થતો હતો. આ અગવડને દૂર કરવા આ મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો હતો. ૧૦૬ કિલોમીટરના નેશનલ હાઇવેને દ્વિ માર્ગીય બનાવવાનું કામ પૂર્ણ થયા બાદ પ્રવાસીઓ વધુ સરળતાથી ધોળાવીરા પહોંચી શકશે. આ નેશનલ હાઇવેને દ્વિમાર્ગીય કરવા માટે ૫૭૫ કરોડ ફાળવવામાં આવ્યા હતા. કચ્છના હડપ્પન યુગના પુરાતત્વીય સ્થળ ધોળાવીરાને યુનેસ્કોએ વર્લ્ડ હેરિટેજ સાઇટનો દરજ્જો આપ્યો છે.

# અમદાવાદમાં બૉમ્બ બ્લાસ્ટની ધમકી આપનારી મહિલાની તપાસમાં ચોંકાવનારા ખુલાસા થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં બૉમ્બ ધમકીના ઈ મેઇલ મામલે તપાસ દરમિયાન અનેક ચોંકાવનારા ખુલાસાઓ થયા હતા. સાઇબર ક્રાઇમ આરોપી મહિલાએ ૨૦૨૩ થી ૨૦૨૪ સુધીની વિગતો લખેલી બે ડાયરીઓ જપ્ત કરી હતી. દરેક પાનું ભગવાનને સંબોધીને લખ્યું હતું. આ ડાયરીમાં આરોપીએ પોતાના દૈનિક જીવનની વાતો ઉપરાંત અનેક માહિતી લખી હતી. સાયબર ક્રાઈમને ૨૦૦ પેજની બે ડાયરી મળી આવી હતી. તેમાં આરોપી રેની જોશિલદાએ ઈમેઇલ આઈડી બનાવી, વોઈસ ઓવર ઈન્ટરનેટ ટેકનોલોજીથી નંબર છુપાવ્યા અને પોતાનું લોકેશન બદલીને ઈમેઇલ મોકલ્યા તેની વિસ્તૃત નોંધ રાખી હતી. આરોપીએ ડાયરીમાં માતા-પિતા પ્રત્યેના પ્રેમ અને એકતરફી પ્રેમી ડિવિજ પ્રભાકર વિશે પણ લખ્યું હતું. આ ડાયરી અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાંચ માટે મહત્ત્વનો પુરાવો બની શકે છે. પોલીસથી બચી શકાય તે માટે આરોપી મહિલા ધમકીભર્યા મેઈલ મોકલવા માટે વર્ચ્યુઅલ નંબર સહિત ડાર્ક વેબનો ઉપયોગ કરી હતી. ઉપરાંત પોલીસથી બચવા માટે ઓનલાઈન ખરીદી પણ કરતી હતી. કુલ ૨૧૩ પેમેન્ટ કર્યા હોવાની હિસ્ટ્રી પણ પોલીસને મળી હતી. આ તમામ પેમેન્ટ ડોલરમાં કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ કેસની તપાસ કરવા માટે કર્ણાટક પોલીસ, મુંબઈ પોલીસ, હિમાચલ પ્રદેશ પોલીસ , તમિલનાડુ પોલીસ અને ગોવા પોલીસે પણ અમદાવાદ સાયબર ક્રાઈમનો સંપર્ક કર્યો હતો.

# કેજરીવાલે ગુજરાતમાં કૉંગ્રેસ સાથે છેડો ફાડ્યોઃ અમદાવાદમાં જાહેરાત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિલ્હીના પૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની ઉપસ્થિતિમાં અમદાવાદમાં આમ આદમી પાર્ટીના સદસ્યતા અભિયાનનો પ્રારંભ થયો હતો. કાર્યક્રમમાં કેજરીવાલે વિસાવદર પેટા ચૂંટણીમાં મળેલી જીતને ઐતિહાસિક ગણાવી હતી. ભગવાન અને જનતાએ એક મોટો સંદેશ આપ્યો છે કે ગુજરાતમાં પરિવર્તન નક્કી છે તેમ કહ્યું હતું. આ અભિયાન ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીની વ્યૂહરચના માટે મહત્ત્વનું માનવામાં આવે છે.

અમદાવાદમાં ગુજરાત જોડો અભિયાન દરમિયાન કેજરીવાલે કહ્યું હતું કે તેમનું હવે કૉંગ્રેસ સાથે કોઈ જોડાણ રહ્યું નથી. જો તેમનું અમારી સાથે જોડાણ હોત તો વિસાવદરમાં ઉમેદવાર કેમ ઊભો રાખ્યો હતો. તેઓ અમને હરાવવા આવ્યા હતા. ભાજપે કૉંગ્રેસને તેમના મત કાપવા મોકલી હતી. લોકસભાની ચૂંટણી માટે 'ઈન્ડિ' ગઠબંધન બનાવવામાં આવ્યું હતું. કેજરીવાલે ભલે હાલ કૉંગ્રેસ સાથે ગઠબંધનનો અંત લાવવાની જાહેરાત કરી હોય, પરંતુ આગામી લોકસભાની ચૂંટણીને લઈ કહ્યું કે હજુ ૨૦૨૯ દૂર છે. ગુજરાતમાં કૉંગ્રેસ સાથે અમારું કોઈ ગઠબંધન નથી. આગામી ચૂંટણીમાં પણ કૉંગ્રેસ સાથે કોઈ ગઠબંધન નહીં કરીએ. 'ઈન્ડિ' બ્લોક સાથેનું ગઠબંધન ફક્ત લોકસભાની ચૂંટણી પૂરતું હતું પણ હવે કોઈ ગઠબંધન કરાશે નહીં.

આ ઉપરાંત કેજરીવાલે કહ્યું હતું કે ગુજરાતમાં છેલ્લાં ૩૦ વર્ષથી ભાજપ સત્તામાં છે સમગ્ર તંત્ર અને દરેક સિસ્ટમ પર ભાજપની પકડ છે, ત્યાં અમે પ્રચંડ બહુમતિથી જીત્યા, તો હું એ કુદરતનો ખેલ અને ઉપરવાળાની ઈચ્છા માનું છું. ગુજરાતમાં પહેલા ૩૦ વર્ષ કૉંગ્રેસે શાસન કર્યું અને ત્યાર બાદ છેલ્લાં ૩૦ વર્ષ ભાજપે શાસન કર્યું છે.

# સુરતમાં ₹ ૧.૬૦ કરોડના ખર્ચે તૈયાર થયેલો સ્માર્ટ બસ ડેપો નવું નજરાણું બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના અલથાણ ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા રૂ.૧.૬૦ કરોડના ખર્ચે નવનિર્મિત દેશનું પ્રથમ સ્માર્ટ બસ ડેપો સુરતનું નવું નજરાણું બનશે. ૧૦૦ કિલો વોટ ક્ષમતાનો રૂફટોપ સોલર પ્લાન્ટ સમગ્ર દેશ માટે પ્રોત્સાહન અને આકર્ષણનું કેન્દ્ર બનશે. સોલર સિટી સુરતનો સ્માર્ટ બસ સ્ટેશન પ્રોજેક્ટ સમગ્ર દેશ માટે રોલ મૉડેલ બનશે.

વાઈ ફાઈ, ચાર્જિંગ અને લાઈટિંગ જેવી સુવિધાઓથી સજ્જ હાઈટેક ઇલેક્ટ્રિક બસ ડેપો તૈયાર કરવામાં આવ્યો છે. વાર્ષિક ૧ લાખ વીજ યુનિટ વીજઉત્પાદન અને રૂ.૬.૫૬ લાખની વીજબચત સાથે સુરતનું રાષ્ટ્રવ્યાપી ગ્રીન પરિવહન તરફ ઝડપી પ્રયાણ કરશે. રૂફટોપ સોલાર પાવર પ્લાન્ટ અને સેકન્ડ લાઇફ બેટરી સ્ટોરેજ સિસ્ટમ દ્વારા બસો માટે સપ્તાહના તમામ દિવસ ચોવીસ કલાક ગ્રીન ચાર્જિંગ સુવિધા ઉપલબ્ધ થશે.

આ પ્રોજેક્ટ અંતર્ગત દિવસ દરમિયાન સૌર ઊર્જાથી જનરેટ થતી વીજળી સેકન્ડ લાઈફ બેટરીમાં સંગ્રહિત થાય છે. રાત્રિ દરમિયાન ઇલેક્ટ્રિક બસોને ચાર્જ કરવા માટે ઉપયોગમાં લેવાય છે. પરિણામે ગ્રીડ પરનો ભાર ઘટે છે અને નવીનીકરણીય ઊર્જાનો વધુ પડતો ઉપયોગ શક્ય બન્યો છે. આ પ્રોજેક્ટમાં ઇલેક્ટ્રિક બસ ડેપો થકી વાર્ષિક અંદાજે ૧ લાખ વીજ યુનિટનું ઉત્પાદન થશે અને આશરે રૂ.૬.૫૬ લાખની ઊર્જા બચત થશે. એટલે પર્યાવરણીય દ્રષ્ટિએ પણ આ પ્રોજેક્ટ ન માત્ર સુરત શહેર માટે પરંતુ સમગ્ર દેશ માટે શ્રેષ્ઠ ઉદાહરણરૂપ બનશે.

આ માત્ર ટેક્નોલોજીનો ઉપયોગ નથી, પણ પબ્લિક ટ્રાન્સપોર્ટને ગ્રીન અને સસ્ટેનેબલ બનાવવાનો પ્રયાસ છે. હાલ જે વપરાયેલી બેટરીઓને ફરી ઉપયોગમાં લેવામાં આવી રહી છે. એ વસ્તુઓનો પુનઃઉપયોગ કરીને વધુ ટકાઉ બનાવવાનો પ્રયાસ છે, જેથી આ પ્રોજેક્ટ સમગ્ર દેશ માટે રોલ મોડલ સમાન સાબિત થશે. સુરત મહાનગરપાલિકા તરફથી નેટ ઝીરો એનર્જી અને સસ્ટેનેબલ એનર્જી માટેના લક્ષ્યાંકો હાંસલ કરવાની દિશામાં આ પ્રોજેક્ટ એક મહત્ત્વપૂર્ણ કડી બનશે.

# ગુજરાત હાઈ કોર્ટે આસારામના જામીન એક મહિનો લંબાવ્યા

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે આસારામના જામીન એક મહિનો લંબાવ્યા હતા. આ સમયે દોઢ કલાક કરતા વધુ સમય સુનાવણી ચાલી હતી. સુરતની યુવતી સાથેના દુષ્કર્મ કેસમાં ગાંધીનગર કોર્ટે આસારામને આજીવન કારાવાસની સજા ફટકારી હતી, ત્યારે તેણે આ સજા સામે ગુજરાત હાઇ કોર્ટમાં અપીલ પણ દાખલ કરી હતી. સુપ્રીમ કોર્ટે ૩૧ માર્ચ સુધી તબીબી કારણોસર વચગાળાના જામીન આપ્યા હતા. તેથી સુપ્રીમે વધુ જરૂર પડે તો હાઇ કોર્ટમાં જવાની છૂટ આપી હતી, જેથી ગુજરાત હાઇ કોર્ટે આસારામની અરજી ઉપર માર્ચ મહિનામાં ૩૦ જૂન સુધીના ૦૩ મહિનાના જામીન ગ્રાહ્ય રાખ્યા હતા. હવે આસારામ દ્વારા આ જામીન અરજીને લંબાવવા માટે હાઇ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી, જેના પર હાઇ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી હાઇ કોર્ટે એક મહિનો જામીન લંબાવ્યા છે. હંગામી જામીન વધારવાની અરજી ઉપર દોઢ કલાક કરતા વધુ સમય સુધી સુનાવણી ચાલી હતી. આસારામે વધુ ૦૩ મહિના જામીન વધારવા માટે માંગ કરી હતી. હાઇ કોર્ટમાં ડબલ જજની બેંચે આ જામીન છેલ્લી વખત ૦૧ મહિનો વધાર્યા છે. આ પહેલાં ૨૭ જૂને હાઇ કોર્ટે ૦૭ જુલાઈ સુધી જામીન લંબાવી આપ્યા હતા. અરજી મુજબ આસારામ વયોવૃદ્ધ અને બીમારીથી પીડાતા હોવાનું નેશનલ લીગલ સર્વિસ ઑથોરિટીનું સર્ટિફિકેટ પણ રજૂ કરવામાં આવશે.

# સુરતની મોડલ અંજલિ વરમોરાના આપઘાતનું કારણ સામે આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરની ૨૩ વર્ષીય મોડલ અંજલિ વરમોરાએ આપઘાત કરીને જીવન ટૂંકાવ્યું હતું. અંજલિના આપઘાતના ૨૬ દિવસ બાદ સુરત પોલીસને આપઘાતનું કારણ જાણવામાં સફળતા મળી હતી. ૮ જૂન ૨૦૨૫ના રોજ અંજલિ વરમોરાએ પોતાના ઘરના પંખા પર દુપટ્ટો બાંધીને ગળે ફાંસો ખાઈને જીવનલીલા સંકેલી લીધી હતી. ઘટનાની જાણ થતાં જ આઠવા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી પંચનામું કરીને અંજલિના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યો હતો. જોકે પોલીસને તેના મૃતદેહ પાસેથી કોઈ સ્યૂસાઈડ નોટ મળી નહોતી. પોલીસે તેનો મોબાઈલ ફોન પણ કબજે કર્યો હતો. જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

આપઘાતનું કારણ જાણવા માટે આઠવા પોલીસે અંજલિ વરમોરાની કોલ વિગતો તપાસી હતી. આપઘાત પહેલાના અઢી કલાકમાં અંજલિને ૨૩ કોલ આવ્યા હતા. ૨૩ કોલમાંથી ૧૨ કોલ તેના બોયફ્રેન્ડ ચિંતન અગ્રાવતના હતા. અંજલિએ ચિંતન સાથે ૧૬ મિનિટ વાત કરી હતી. તેથી પોલીસે ચિંતનની વધુ પૂછપરછ હાથ ધરી હતી. ચિંતન અંગે વધુ તપાસ કરતા પોલીસને જાણવા મળ્યું હતું કે, ચિંતન અગ્રાવતે અંજલિને લગ્નના ખોટા વાયદા કર્યા હતા. બંને વચ્ચે પ્રેમ સંબંધમાં ખટરાગ પેદા થયો હતો.

# ગુજરાતમાં છેલ્લાં બે વર્ષમાં ₹ ૬૯૯ કરોડના ખર્ચે વિવિધ ડેમના મરામત અને જાળવણીના કામો કરાયા

અમદાવાદઃ કોઇપણ રાજ્યમાં પીવાના પાણી અને સિંચાઇ માટે ડેમ-જળાશયો સૌથી મહત્ત્વનો સ્રોત-માધ્યમ છે ત્યારે કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ સમયાંતરે તેની મરામત-જાળવણી કરવી જરૂરી છે. નેશનલ ડેમ સેફ્ટી અંતર્ગત ગુજરાતમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન સિંચાઇ યોજનાઓમાં રૂ.૩૩૩ કરોડના ખર્ચે તેમજ વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૩૬૬ કરોડ એમ કુલ રૂ.૬૯૯ કરોડના ખર્ચે ડેમ-જળાશયોની મરામત અને જાળવણીના કામો પૂર્ણ કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત જળસંપત્તિ પ્રધાન કુંવરજીભાઇ બાવળીયા તેમજ રાજ્ય પ્રધાન મુકેશભાઇ પટેલના નેતૃત્વમાં ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં સિંચાઇ યોજનાઓમાં રૂ.૫૦૧ કરોડના ખર્ચે આ કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ માટે રાજ્યના બજેટમાં રૂ. ૫૦૧ કરોડની જોગવાઇ પણ કરવામાં આવી છે. આ કામગીરીઓમાં ડેમના દરવાજાનું કલર કામ, સ્પિલ વે મરામત, માટી પાળાની મરામત, સિક્યોરિટી કેબિનના કામ તેમજ ડેમ સેફ્ટી સંબંધિત અત્યાધુનિક ઇન્સ્ટ્રુમેન્ટેશનના કાર્યો વગેરેનો સમાવેશ થાય છે. ગુજરાતમાં જળસંપત્તિ વિભાગ હેઠળ ૧૯ મોટા, ૯૦ મધ્યમ અને ૧૦૦૬ નાના ડેમ મળી કુલ ૧૧૧૫ ડેમ આવેલા છે, જેમાંથી ૫૨૪ સ્પેસીફાઈડ ડેમ જ્યારે અન્ય વિભાગના ૮ સ્પેસીફાઈડ ડેમ છે. આ સ્પેસીફાઈડ ડેમને ડેમ સેફ્ટી એક્ટ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. રાજકોટ જિલ્લાના કોટડા ગામ પાસે સુખ ભાદર નદી પર આવેલ પનેલીયા ડેમ ગજરાતમાં સૌથી જૂનો સ્પેસીફાઈડ ડેમ છે. આ ડેમ ૬૪૦ મીટર લાંબો અને ૧૧ મીટરની ઊંચાઈ ધરાવે છે. આ ડેમનો કેચમેન્ટ એરિયા ૨૫.૯૦ ચોરસ કિલોમીટર છે. જેની કુલ સંગ્રહ ક્ષમતા ૩.૪૪ મિલિયન ઘનમીટર છે. જ્યારે નર્મદા જિલ્લાના નવાગામ પાસે આવેલ સરદાર સરોવર ડેમ ગુજરાત સૌથી નવો સ્પેસીફાઈડ ડેમ છે. જળસંપત્તિ વિભાગ દ્વારા કેન્દ્ર અને ગુજરાત સ્ટેટ ડેમ સેફ્ટી ઓર્ગેનાઈઝેશનની માર્ગદર્શિકા મુજબ હાથ ધરવામાં આવતા બંધ સલામતીના કામોથી પાણીનો સંગ્રહ તેમજ સિંચાઇમાં સુદૃઢતા આવે છે. સીપેજ દ્વારા થતા પાણીનો બગાડ ઓછો થવાથી કમાન્ડ વિસ્તારના ખેડૂત ખાતેદારોને સિંચાઇ માટે વધુ પાણી ઉપલબ્ધ થાય છે. બંધ-જળાશયોની મરામત કરવાથી તેની સુરક્ષા અને આયુષ્યમાં વધારો થાય છે.

# અમદાવાદમાં નાયબ મામલતદારના પરિવારે અસામાજિક તત્ત્વોના ત્રાસથી ઘર છોડતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના મીઠાખળી નજીક આવેલા ગાંધીગ્રામ રેલવે સ્ટેશન પાસે રહેતા નાયબ મામલતદારનો પરિવાર અસામાજિક તત્ત્વોના ત્રાસથી હિજરત કરીને આણંદ પહોંચી ગયો હોવાની ચોંકાવનારી માહિતી સામે આવતાં ચકચાર મચી ગઈ હતી. નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં નાયબ મામલતદારે સીસીટીવી કેમેરાની ચોરીની ફરિયાદ કરી છે. જેમાં મામલતદારે કોમર્શિયલ ઓફિસ ચલાવનાર નરેન્દ્ર પટેલ, કંદર્પ પટેલ, અલ્પેશ રાદડીયા અને ચિરાગ હિંગરના ત્રાસથી તેમના વૃદ્ધ માતા પિતાને ઘર છોડવું પડ્યું હોવાનું નોંધાવ્યું હતું.

મળતી વિગત પ્રમાણે, ગાંધીગ્રામ રેલવે સ્ટેશન નજીક આવેલા આરોન રેસિડેન્સીમાં રહેતા યશપાલ પરમારે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી હતી. યશપાલ પરમાર આણંદ જિલ્લામાં આવેલા ઉમેરઠ ખાતે મામલતદાર કચેરીએ નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવે છે અને હાલ તેઓ આણંદ ખાતેની મંગલનગર સોસાયટીમાં રહે છે. થોડા સમય પહેલા યશપાલ પરમારનાં વૃદ્ધ માતા-પિતા નવરંગપુરા ખાતેની આરોન રેસિડેન્સીમાં રહેતાં હતાં, પરંતુ ત્યાં કોમર્શિયલ ઓફિસ ચલાવનાર નરેન્દ્ર પટેલ, કંદર્પ પટેલ, અલ્પેશ રાદડીયા અને ચિરાગ હિંગરના કારણે તેમને હેરાન પરેશાન કરતા હતા. આ ચારેય લોકોએ બાદમાં ઇસ્કોન પીજી ચલાવનાર રજનીક પરડવાને પણ યશપાલના માતા-પિતાને હેરાન કરવા માટે તૈયાર કર્યા હતા. આ માથાભારે લોકોના ત્રાસથી કંટાળીને આઠ મહિના પહેલા યશપાલ પરમારનાં માતા-પિતા હિજરત કરીને આણંદ આવી ગયાં હતાં.

નાયબ મામલતદાર યશપાલ પરમારે આ મામલે નરેન્દ્ર પટેલ સહિતના લોકો વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં અનેક ફરિયાદો કરી હતી.

# અમદાવાદમાં ટ્રાફિક નિયમનો ભંગ કરતા વાહનચાલકો પાસેથી પોલીસ ક્યૂઆર કોડથી દંડ વસૂલશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ હવે સ્થળ પર દંડ ભરવામાંથી છટકી શકશે નહીં. અમદાવાદ ટ્રાફિક પોલીસે તાત્કાલિક દંડ વસૂલાત સુનિશ્ચિત કરવા માટે ક્યૂઆર કોડ સિસ્ટમ શરૂ કરી હતી.

વન નેશન વન ચલણ પહેલના ભાગરૂપે, ઈ-ચલણ એપ્લિકેશન ક્યૂઆર કોડ સાથે કાર્યરત કરવામાં આવી હતી. પોલીસ ડ્રાઇવરના ફોટોગ્રાફ સાથે ઈ-મેમો બનાવી શકશે અને કોડ સ્કેન કરીને તરત જ દંડ વસૂલ કરી શકશે. અગાઉ, ડ્રાઇવરો ઈ-મેમો મળ્યા પછી પાછળથી ચુકવણી કરવાનું વચન આપતા હતા પરંતુ લાંબા સમય સુધી ચલણ ભરતા નહોતા. આ ઉપરાંત ઘણા લોકો દાવો કરતા હતા કે તેઓ ઓનલાઈન ચુકવણી પદ્ધતિઓ પસંદ કરે છે.

આ નવી ટેકનોલોજીથી શહેરમાં ટ્રાફિક ઉલ્લંઘન કરનારા સામે સ્થળ પરથી જ દંડ વસૂલ કરી શકાશે. અગાઉ પોલીસ ટ્રાફિક નિયમનો ભંગ કરનારને પકડતી હતી ત્યારે માત્ર ૨૫૦ સેકન્ડ માટે માન્ય ક્યૂઆર કોડ જનરેટ કરવામાં આવતો હતો. આ ટૂંકી સમય મર્યાદાના કારણે ઘણા ડ્રાઇવરો ચુકવણી કરતા નહોતા. એક અધિકારીએ જણાવ્યું કે, કોઈપણ નિયમના ઉલ્લંઘન માટે દંડ અથવા સેટલમેન્ટ ફી વસૂલવાનો અધિકાર હેડ કોન્સ્ટેબલ, એએસઆઈ અને ઉચ્ચ રેન્કના અધિકારીઓ પાસે છે. માત્ર તેઓ જ આ એપ્લિકેશન અને ક્યૂઆર કોડ દ્વારા દંડ વસૂલી શકશે. ઈ-ચલણ મેળવનાર ડ્રાઇવરોનો કેસ વર્ચ્યુઅલ કોર્ટમાં જાય તે પહેલાં ચુકવણી કરવા માટે હજુ પણ ૯૦ દિવસ છે. જેઓ ઓનલાઈન છેતરપિંડી અંગે ચિંતિત છે તેઓ આ સમયગાળા દરમિયાન સુરક્ષિત ચુકવણી માટે ક્યૂઆર કોડ સ્કેન કરવા કોઈપણ ટ્રાફિક જંકશનની મુલાકાત લઈ શકે છે.

# અમદાવાદમાં ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના અધ્યક્ષના બંગલા પર સીબીઆઈએ દરોડા પાડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સીબીઆઈએ ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના અધ્યક્ષ મોન્ટુ પટેલના અમદાવાદના ઝુંડાલ સ્થિત બંગલા પર રેડ કરી હતી. આ રેડ અમાન્ય કૉલેજો અને અન્ય ગોટાળાઓને લઈને કરવામાં આવી હતી. તેમના પર દિલ્હીની ઑફિસ તથા ઘરે લાંચ લેવાનો આક્ષેપ છે. જોકે મોન્ટુ પટેલને પોલીસ ઝડપી શકી નથી. મોન્ટુ પટેલ પર કૉલેજની માન્યતા બદલ લાંચ લેવાનો પણ આક્ષેપ છે. આ કાર્યવાહીને લઈ મહારાષ્ટ્ર સહિતનાં રાજ્યોમાં કૉલેજોની માન્યતામાં આચરેલી ગેરરીતિની પણ તપાસ કરવામાં આવશે. મોન્ટુ પટેલ અને તેના સહયોગીઓ પર પીસીઆઈમાં નકલી ઇનવર્ડ નંબર, બેકડેટ એન્ટ્રીઝ અને જીપીએસસીની ફાઇલોમાં હેરાફેરી કરીને પોતાને અને પોતાના સાથીઓને મોટા પદ પર બેસાડવાના આક્ષેપો પણ થયા હતા.

ENTERING 2ND WEEK
THANK YOU
FOR YOUR LOVE AND SUPPORT
ANB ENTERTAINERS PRESENTS
A GOOSEBUMPS STUDIOS PRODUCTION
જલેબી રૉક્સ
જીવવાનું શરૂ કરીએ...
A CCHINMAY P. PUROHIT FILM
WE'RE OVERWHELMED BY YOUR LOVE YOUR WORDS & YOUR RATINGS!
IMDb 9.6/10 | bookmyshow 8.8/10
વંદના પાઠક, માનવ ગોહિલ, નિમેષ દિલીપરાય, દિપક ઘીવાલા, ગૌરવ પાસવાલા, માનસી રાચ્છ, ભાવીની જાની, મોરલી પટેલ
WATCH IN CINEMAS WITH YOUR ENTIRE FAMILY
PRODUCED BY BINITA DHARMESH SHAH APOORVA RAHEEL SHAH NONITA DHEER SHAH RAMESH C. BHAGAT CCHINMAY P. PUROHIT ALEX C. BHAGAT NIRMAL PATEL
ASSOCIATE PRODUCTION HOUSE AASMAN PRODUCTIONS
DOP SHAKIL B. KHAN EDITOR JITENDRA K. SHAH MUSIC & BGM VINAY KAPADIA SINGERS MANHAR UDHAS, JAVED ALI
bookmyshow Rupam
બ્લોક બુકિંગ માટે સંપર્ક : પ્રકાશ મોદી મો. : 81697 88921 / 98213 60775

# ડિલિવરી એજન્ટ બનીને આવ્યો ને આઇટી પ્રોફેશનલનો રેપ કર્યો

## ▸ પુણેની ઘટનામાં આની કોઇને જાણ કરાશે તો અશ્લીલ ફોટો વાયરલ કરવાની ધમકી પીડિતાને આપી

પુણે: પુણેમાં કુરિયર ડિલિવરી એક્ઝિક્યુટિવના સ્વાંગમાં અજાણ્યા શખસે બાવીસ વર્ષની આઇટી પ્રોફેશનલના ફ્લેટમાં પ્રવેશ મેળવ્યા બાદ તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. આરોપીએ પીડિતાના મોબાઇલથી સેલ્ફી લીધી હતી જેમાં તેની પીઠ અને આંશિક ચહેરો દેખાય છે.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-પાંચ) રાજકુમાર શિંદેએ જણાવ્યું હતું કે આરોપીએ પીડિતાના મોબાઇલમાં મેસેજ છોડ્યો હતો, જેમાં ધમકી આપી હતી કે આ ઘટનાની જાણ કોઇને પણ ન કરે, કારણ કે મેં તારા ફોટા લીધા છે જેને હું સોશિયલ મીડિયા પર વાયરલ કરી દઇશ. આરોપીએ એમ પણ લખ્યું હતું કે 'હું પાછો આવીશ.'

પુણેના કોંઢવા વિસ્તારમાં આવેલી હાઉસિંગ સોસાયટીમાં બુધવારે સાંજે ૭.૩૦ વાગ્યે આ ઘટના બની હતી અને પોલીસ હવે આરોપીની શોધ ચલાવી રહી છે.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર પીડિતાએ શહેરની કોલેજમાં ઇન્ફોર્મેશન ટેક્નોલોજીનો અભ્યાસ કર્યો છે અને તે ખાનગી કંપનીમાં કામ કરે છે. ઘટના સમયે પીડિતાનો ભાઇ શહેરની બહાર ગયો હોવાથી તે ફ્લેટમાં એકલી હતી.

દરમિયાન કુરિયર ડિલિવરી એજન્ટના સ્વાંગમાં આવેલા આરોપીએ બૅંક સંબંધી દસ્તાવેજો લઇને આવ્યો હોવાનું જણાવીને પીડિતાના ફ્લેટમાં પ્રવેશ મેળવ્યો હતો. તેણે દસ્તાવેજો પર હસ્તાક્ષર કરવા માટે પીડિતા પાસે પેન માગી હતી. પીડિતા પેન લેવા ગઇ ત્યારે આરોપીએ ફ્લેટમાં પ્રવેશ્યો હતો અને દરવાજો બંધ કરી દીધો હતો.

પીડિતા રાતે ૮.૩૦ વાગ્યે ભાનમાં આવી હતી ત્યારે તેને કશું યાદ નહોતું. તેણે બાદમાં ઘટનાની જાણ સંબંધીઓને કરી હતી, જેને પગલે પોલીસનો સંપર્ક સાધવામાં આવ્યો હતો.

આરોપીએ પીડિતાના મોબાઇલથી સેલ્ફી લીધી હતી અને મોબાઇલ પર મેસેજ છોડ્યો હતો, જેમાં ઘટનાની કોઇને જાણ કરતાં તેના ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી.

એવી શક્યતા છે કે આરોપીએ પીડિતાને બેભાન કરવા માટે કંઇક પીવડાવ્યું હશે. આ માટે કોઇ સ્પ્રેનો ઉપયોગ કરાયો હતો કે નહીં તે પણ પોલીસ ચકાસી રહી છે.

ડીસીપી શિંદેએ જણાવ્યું હતું કે આરોપીનો સ્કેચ તૈયાર કરવામાં આવી રહ્યો છે અને હાઉસિંગ સોસાયટીના સીસીટીવી કેમેરાના ફૂટેજ પણ તપાસમાં આવી રહ્યા છે. દરમિયાન મહિલાને તબીબી તપાસ માટે મોકલવામાં આવી હતી. (પીટીઆઇ)■

# અનેક વર્ષો બાદ ઘાટકોપરમાં ગુજરાતી નાટકનો જાહેર પ્રયોગ

મુંબઈ: સમગ્ર મુંબઈમાં બોરીવલી, કાંદિવલી, મલાડ, ઘાટકોપર અને મુલુંડ જેવા વિસ્તારોમાં ગુજરાતીભાષીઓની સંખ્યા વધુ છે અને એટલે જ આ મુંબઈના આ તમામ વિસ્તારોને ગુજરાતીઓના ગઢ તરીકે ઓળખવામાં આવે છે. દક્ષિણ મુંબઈ અને પશ્ચિમનાં પરાં બોરીવલી, કાંદિવલી, મલાડ કે માટુંગા, પાર્લેમાં જે રીતે ગુજરાતી સાહિત્યના કે ગુજરાતી નાટક, ગીતસંગીતના કાર્યક્રમોને પ્રતિસાદ મળતો હોય છે તેવો પ્રતિસાદ ઘાટકોપરમાં કે મુલુંડમાં મળતો નથી તેવી એક માન્યતા છે. આ માન્યતા સાચી એટલે પણ લાગે છે કે અનેક વર્ષોથી ઘાટકોપરમાં કે મુલુંડ ખાતે ગુજરાતી નાટકોના જાહેર પ્રયોગ થતા નથી. ઘાટકોપરવાસીઓ કે મુલુંડવાસીઓ જે કોઈ સંસ્થાના સભ્ય ન હોય તેમને નાટકો કે સાહિત્યિક કાર્યક્રમો માણવા હોય તો લાંબે જવું પડે છે. ખાસ કરીને ઘાટકોપરમાં તો છેલ્લા છ કે સાત વર્ષથી કોઈ વ્યાવસાયિક નવરાત્રી પણ યોજાતી નથી.

એક સમયે ઘાટકોપરમાં ઝવેરબેન પોપટલાલ સભાગૃહમાં દર રવિવારે નાટકોના જાહેર પ્રયોગ કરવા માટે તારીખો મેળવવા ગુજરાતી નિર્માતાઓની લાઈન લાગતી હતી, આજે પરિસ્થિતિ એવી છે કે નિર્માતાઓ ઘાટકોપરમાં જાહેર પ્રયોગ કરવાથી દૂર રહે છે, કેમ કે એ નુકસાનીનો સોદો છે. એવામાં હાલમાં જ રજૂ થયેલા સસ્પેન્સ થ્રિલર નાટક છલનાયકના નિર્માતાઓએ ઘાટકોપર ખાતે જાહેર પ્રયોગ કરવાનું નક્કી કર્યું છે. અનેક વર્ષથી ઘાટકોપરમાં જાહેર પ્રયોગ થાય એની રાહ જોઈ રહેલી નાટ્યપ્રેમી જનતા માટે આ ઉત્સવ છે. રવિવાર ૬ જુલાઈના સાંજે પ્રવીણ સોલંકી લિખિત, વિપુલ વિઠલાણી દિગ્દર્શિત, અભિનીત નાટક છલનાયકનો જાહેર પ્રયોગ છે. જેનું બુકિંગ શરૂ થઈ ચૂક્યું છે. આ નાટકને મળનારો પ્રતિસાદ આગામી સમયમાં ઘાટકોપરમાં સાહિત્યિક કાર્યક્રમોની દશા અને દિશા નક્કી કરશે એ સ્વાભાવિક છે. ■



**ચક્કાજામ:** ઈ-ચલણની સામે વિરોધ કરી રહેલા ટ્રાન્સપોર્ટરો હડતાળ પર ઊતર્યા છે અને તેથી શિવડીમાં મોટી સંખ્યામાં ટ્રક પાર્ક થયેલી દેખાય છે. (પીટીઆઈ)

# લગ્ન પહેલા થેલેસેમિયા ટેસ્ટ ફરજિયાત બનાવો: સરકારે કરી જાહેરાત

મુંબઈ: રોગને નાબૂદ કરવા માટે એક વ્યાપક પહેલના ભાગ રૂપે, લગ્ન પહેલાં થેલેસેમિયા ટેસ્ટ ફરજિયાત બનાવવા માટે ટૂંક સમયમાં નિયમો ઘડીશું, એમ મહારાષ્ટ્ર રાજ્યના પ્રધાન મેઘના બોર્ડીકરે જણાવ્યું હતું.

ધારાસભ્ય વિકાસ ઠાકરે દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નના જવાબમાં, રાજ્યના જાહેર આરોગ્ય પ્રધાને જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં હાલમાં લગભગ ૧૨,૮૬૦ થેલેસેમિયાના દર્દીઓ છે.

થેલેસેમિયા એક આનુવંશિક રક્ત વિકાર છે જે શરીરની હિમોગ્લોબિન અને સ્વસ્થ લાલ રક્તકણો ઉત્પન્ન કરવાની ક્ષમતાને અસર કરે છે.

લગ્ન પહેલાં થેલેસેમિયા પરીક્ષણ ફરજિયાત બનાવવાની ઠાકરેની માંગ પર, બોર્ડીકરે કહ્યું કે, ''અમે ટૂંક સમયમાં લગ્ન પહેલાં પરીક્ષણ ફરજિયાત બનાવવા માટે નિયમો ઘડીશું. આ એક ગંભીર આનુવંશિક વિકાર છે, અને જો સમયસર તેનું નિદાન ન થાય, તો તે આગામી પેઢીમાં પણ ફેલાય છે. અમે પરભણીમાં એક પાયલોટ પ્રોજેક્ટથી શરૂ કરીને થેલેસેમિયા નાબૂદી અભિયાન શરૂ કર્યું છે, જે હવે સમગ્ર રાજ્યમાં વિસ્તૃત થઈ રહ્યું છે,'' એમ કહેતા તેમણે ખાતરી પણ આપી હતી કે દરેક જિલ્લામાં થેલેસેમિયા સારવાર કેન્દ્રો સ્થાપિત કરવામાં આવશે.

પ્રધાને ગૃહને એ પણ માહિતી આપી કે કેન્સર ડાયગ્નોસ્ટિક વાનની ખરીદીમાં કથિત ભ્રષ્ટાચારની તપાસ આરોગ્ય વિભાગના કમિશનર દ્વારા ચાલી રહી છે. ■

# મહારાષ્ટ્રમાં '૨૪ બાય ૭' રેતીની હેરફેરને મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રમાં રેતી પરિવહનને ફક્ત દિવસ દરમિયાન નહીં '૨૪ બાય ૭' મંજૂરી આપવામાં આવશે, એવી જાહેરાત રાજ્ય સરકારે ગુરુવારે કરી હતી અને ઉમેર્યું હતું કે આ નિર્ણયથી ગેરકાયદે રેતી પરિવહન પર અંકુશ આવશે.

રાજ્યના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ વિધાનસભામાં એક નિવેદનમાં જણાવ્યું હતું કે સરકારી આવાસ યોજનાઓના લાભાર્થીઓને ચોક્કસ માત્રામાં રેતી મફતમાં મળશે.

અગાઉ, રેતી પરિવહનને ફક્ત સવારે ૬ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા દરમિયાન જ મંજૂરી આપવામાં આવતી હતી.

'રેતી ખોદકામને ફક્ત સવારે ૬થી સાંજે ૬ વાગ્યા દરમિયાન જ મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ (ખાણિયો) રાત્રે રેતી પરિવહન કરવામાં અસમર્થ હોવાને કારણે, ક્ષમતાનો ઓછો ઉપયોગ થાય છે અને તે ગેરકાયદે પરિવહનને પ્રોત્સાહન આપે છે. મહાખનીજ પોર્ટલ હવે ૨૪ કલાક ઇ-ટીપી (પરિવહન પરમિટ) બનાવવાની સુવિધા આપશે,' એમ ભાજપના પ્રધાને વિધાન સભાના ગૃહમાં જણાવ્યું હતું.

બાવનકુળેએ વધુમાં જણાવ્યું હતું કે, બધા રેતી ડેપો 'ભૌગોલિક વાડ'વાળા હશે, આ ડેપો પર અને પરિવહન માર્ગો પર સીસીટીવી કેમેરા સ્થાપિત કરવામાં આવશે અને રેતી પરિવહન કરનારા તમામ વાહનોમાં જીપીએસ ઉપકરણો ફરજિયાત રહેશે.

કુદરતી રેતીની મર્યાદિત ઉપલબ્ધતાને ધ્યાનમાં લેતા, પ્રધાને કૃત્રિમ રેતી (એમ-રેતી) માટે એક નીતિની પણ જાહેરાત કરી હતી. દરેક જિલ્લામાં પચાસ ક્રશર યુનિટ હશે જેમાં દરેક માટે પાંચ એકર જમીન ફાળવવામાં આવશે. સરકાર આગામી ત્રણ મહિનામાં આવા ૧,૦૦૦ યુનિટ કાર્યરત કરવાનું લક્ષ્ય રાખે છે, એમ તેમણે જણાવ્યું હતું.

રાજ્ય આવાસ યોજના હેઠળ લાભાર્થીઓને પાંચ બ્રાસ રેતી મફતમાં મળશે, એમ તેમણે જણાવ્યું હતું. 'જોકે ૧૦ જૂનથી નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (એનજીટી)ના નિર્દેશોને કારણે કેટલીક (રેતી ખાણકામ) સાઇટ્સ પર પ્રતિબંધોનો સામનો કરવો પડે છે, પરંતુ પર્યાવરણની મંજૂરીની જરૂર ન હોય તેવા સ્થળોએથી રેતીનો પુરવઠો કોઈપણ વિક્ષેપ વિના ચાલુ રહેશે,' એમ તેમણે કહ્યું હતું.

ચંદ્રપુર જિલ્લામાં નવી રેતી નીતિ હેઠળ બહાર પાડવામાં આવેલા પહેલા જ ટેન્ડરમાં રાજ્યને ૧૦૦ કરોડ રૂપિયાની રોયલ્ટી મળી હતી, એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે નવી નીતિ રાજ્યની મહેસૂલી આવકમાં નોંધપાત્ર યોગદાન આપશે.

'અમે (નવી રેતી) નીતિ પર કોઈપણ સમયે ચર્ચા માટે ખુલ્લા છીએ. તેને અંતિમ સ્વરૂપ આપતા પહેલા ૧,૨૦૦થી વધુ જાહેર સૂચનો પર વિચારણા કરવામાં આવી હતી,' એમ મહેસૂલ પ્રધાને ગૃહને જણાવ્યું હતું. ■

# પાનવાળાનું અપહરણ કરીને રૂપિયા પડાવ્યા: બે પોલીસ કોન્સ્ટેબલ સસ્પેન્ડ

મુંબઈ: પાનવાળાનું અપહરણ કર્યા બાદ તેની પાસેથી રૂપિયા પડાવવા બદલ એફઆઇઆર દાખલ થયા બાદ બે પોલીસ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. બંને કોન્સ્ટેબલની ઓળખ હેમંત કાપસે અને ચંદ્રશેખર દરાડે તરીકે થઇ હતી. બંને કોન્સ્ટેબલ મુંબઈ પોલીસના લોકલ આર્મ્સ વિભાગમાં કાર્યરત હતા. કાપસે ૨૦૦૮થી પોલીસદળમાં છે, જ્યારે દરાડે ૨૦૧૪માં ફોર્સમાં જોડાયો હતો. બંને કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને તેમની વિરુદ્ધ ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવી રહી છે.મહારાષ્ટ્ર સ્ટેટ સિક્યુરિટી કોર્પોરેશનમાં કાર્યરત સંતોષ વાઘ તથા ખાનગી વ્યક્તિ સાથે મળીને બંને કોન્સ્ટેબલે ૨૪ જૂને પાનવાળા પાસેથી રૂપિયા પડાવ્યા હતા. એફઆઇઆર અનુસાર બંને કોન્સ્ટેબલ સહિત ચાર જણ અંધેરી પશ્ચિમમાં કારમાં આવ્યા હતા. તેમણે પોતાની ઓળખ 'ફૂડ ડિપાર્ટમેન્ટ પોલીસ' તરીકે આપી હતી અને પાનવાળા પર આરોપ કર્યો હતો કે તે ગેરકાયદે ગુટખા વેચે છે. તેમણે પાનવાળાને કારમાં બેસાડ્યો હતો અને દક્ષિણ મુંબઇ તરફ તેઓ રવાના થયા હતા. કારમાં પાનવાળાની મારપીટ કરાઇ હતી અને પૈસાની માગણી કરવામાં આવી હતી. પાનવાળા વિરુદ્ધ ગુનો દાખલ ન કરવાના બદલામાં ત્રણ લાખની માગણી કરવામાં આવી હતી. પૈસા પડાવ્યા બાદ પાનવાળાને કાલાચોકી વિસ્તારમાં ઉતારી દેવાયો હતો. પાનવાળાએ કારનો નંબર નોંધી લીધો હતો અને બીજે દિવસે તેણે ડી.એન. નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરાયો હતો. ■

શ્રધ્ધાંજલિ



વેકરીવાળા હાલ મુંબઈ નિવાસી
શ્રી.ચંપકભાઈ ચત્રભુજ શેઠ
ઉમર વર્ષ ૯૨
તા. ૨-૭-૨૫ ના દેવગત થયા છે.
તેઓ શ્રી. ચત્રભુજ નરભેરામ શેઠ ના પુત્ર, સ્વ. ઇંદીરાબેન ના પતી, સ્વ. ખોડીદાસભાઈ કામાણી ના જમાઈ, લતાબેન રાજેશભાઈ બખાઈ ના પિતાશ્રી, સ્વ. કાંતીભાઈ શેઠ, સ્વ. કંચનબેન કામાણી ના અને સ્વ. મંગલાબેન અજમેરા ના ભાઈ, ભાવના પ્રકાશ, પ્રિતી સુનિલ, રીમા અલ્કેશ ના કાકા અને ચીરાગ – મરીશા અને દેવાંશી-ઈશાન ના નાનાજી
લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.
chiragbakhai@gmail.com
+919324555551 whatsapp no

# ૨૨૮૯ અપાત્ર સરકારી કર્મચારીએ લાડકી બહેન યોજનાનો લાભ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રની લોકપ્રિય લાડકી બહેન યોજનાનો લાભ ૨,૨૮૯ મહિલા સરકારી કર્મચારીઓ દ્વારા અપાત્ર હોવા છતાં લેવામાં આવ્યો હતો, એમ સરકાર દ્વારા ગુરુવારે રાજ્ય વિધાનસભામાં જણાવવામાં આવ્યું હતું. આ મહિલાઓના નામ લાભાર્થીઓની યાદીમાંથી કાપી નાખવામાં આવ્યા છે એવી માહિતી રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ ખાતાના પ્રધાન અદિતી તટકરે દ્વારા વિધાનસભામાં લેખિત જવાબમાં આપવામાં આવી હતી.

રાજ્ય સરકારની આ યોજનામાં સરકારી કર્મચારીઓ લાભ મેળવવાને પાત્ર નથી. ■

# વિધાનસભામાં જીએસટી સુધારા બિલ રજૂ

## ▸ આના દ્વારા 'કેન્દ્રીય અને રાજ્યના કાયદાઓમાં એકરૂપતા' લાવી શકાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દેવેન્દ્ર ફડણવીસની આગેવાની હેઠળની સરકારે ગુરુવારે રાજ્ય વિધાનસભામાં મહારાષ્ટ્ર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (સુધારા) બિલ રજૂ કર્યું હતું, જેથી કેન્દ્ર અને રાજ્ય જીએસટી કાયદાઓ વચ્ચે એકરૂપતા લાવી શકાય.

નાણા ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન આશિષ જયસ્વાલ દ્વારા રાજ્ય વિધાનસભાના નીચલા ગૃહમાં રજૂ કરાયેલું આ બિલ, માર્ચમાં કેન્દ્ર દ્વારા પસાર કરાયેલા નાણા અધિનિયમ, ૨૦૨૫ સાથે સંલગ્ન ૧૩ પ્રસ્તાવિત ફેરફારોને સમાવીને મહારાષ્ટ્ર જીએસટી કાયદા, ૨૦૧૭માં સુધારો કરવાનો પ્રયાસ કરે છે.

આ સુધારાઓનો હેતુ કેન્દ્ર અને રાજ્ય જીએસટી કાયદાઓ વચ્ચે એકરૂપતા લાવવાનો છે, જેનાથી વધુ સુવ્યવસ્થિત, પારદર્શક અને કરદાતા-મૈત્રીપૂર્ણ સેવાઓ સક્ષમ બનશે,' એમ તેમણે કહ્યું હતું.

પ્રસ્તાવિત સુધારાઓમાં ઇનપુટ સેવા વિતરકો, પુરવઠાનો સમય, ઇનપુટ ટેક્સ ક્રેડિટનું વિતરણ, અપીલ પ્રક્રિયા સરળ કરવી અને ટ્રેકિંગ અને ટ્રેસિંગ મિકેનિઝમ સંબંધિત જોગવાઈઓ સહિત અનેક મુખ્ય ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે. ખાસ કરીને સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (એસઈઝેડ) અને ફ્રી ટ્રેડ વેરહાઉસિંગ ઝોન (એફટીડબ્લ્યુઝેડ) માટે ચોક્કસ માલ અને સેવાઓના પુરવઠા અંગે પણ અપડેટ્સ પ્રસ્તાવિત છે. એક નોંધપાત્ર જોગવાઈમાં રાહત પગલાંનો સમાવેશ થાય છે, જેમાં ફક્ત દંડની માગણીઓ સામે અપીલ દાખલ કરતા કરદાતાઓએ વિવાદિત રકમના માત્ર ૧૦ ટકા પહેલાં જમા કરાવવાની જરૂર રહેશે.

પ્રધાને કહ્યું હતું કે સુધારા ફક્ત તકનીકી અથવા પાલન-આધારિત નથી પરંતુ જીએસટી સિસ્ટમની કાર્યક્ષમતા અને વપરાશકર્તા અનુભવને સુધારવાનો હેતુ છે. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# 'શહેરી નક્સલીઓ'ને વારી યાત્રા સાથે જોડતી વિધાનસભ્યની ટિપ્પણી સામે વિપક્ષનો વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિવસેનાના વિધાનસભ્ય મનીષા કાયંદેની ટિપ્પણી સામે ગુરુવારે મહારાષ્ટ્ર વિધાન ભવનના પગથિયા પર વિપક્ષે વિરોધ પ્રદર્શન કર્યું હતું કાયંદેએ એવો દાવો કર્યો હતો કે 'શહેરી નક્સલીઓ'એ પંઢરપુરની વાર્ષિક વારી યાત્રામાં ઘૂસણખોરી કરી છે.

વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવે, કોંગ્રેસના વિધાનસભા પક્ષના નેતા વિજય વડેટ્ટીવાર અને એનસીપી (એસપી)ના નેતા જીતેન્દ્ર આવ્હાડ સહિત વિરોધીઓએ બંધારણની નકલો હાથમાં રાખી હતી અને ધાર્મિક પરંપરાને બદનામ કરવા બદલ સરકારની ટીકા કરતા સૂત્રોચ્ચાર કર્યા હતા. તેઓએ સરકાર પર અંધશ્રદ્ધાને પ્રોત્સાહન આપવાનો અને મંદિર નગરી પંઢરપુરની પવિત્ર અષાઢી વારીની વાર્ષિક યાત્રામાં ભાગ લેનારા ભક્તોને નિશાન બનાવીને સમાજને વિભાજીત કરવાનો આરોપ લગાવ્યો હતો.

તેમણે એવો દાવો કર્યો હતો કે કાયંદેની ટિપ્પણીઓ પાયાવિહોણી, ગેરમાર્ગે દોરનારી અને લાખો 'વારકરીઓ' (ભગવાન વિઠ્ઠલના ભક્તો) દ્વારા દર વર્ષે કરવામાં આવતી આધ્યાત્મિક યાત્રાનું રાજકીયકરણ કરવાનો પ્રયાસ છે. વિપક્ષી નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે આવી ટિપ્પણીઓ વારીની ઊંડા મૂળવાળી સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પરંપરાનું અપમાન કરવાનો અને વિખવાદ પેદા કરવાનો પ્રયાસ છે.

'આ ફક્ત વારી પર હુમલો નથી, પરંતુ મહારાષ્ટ્રની સાંસ્કૃતિક ઓળખ પર હુમલો છે. સરકારે તાત્કાલિક ટિપ્પણીઓ પાછી ખેંચી લેવી જોઈએ અને વારી સમુદાયની માફી માંગવી જોઈએ,' એમ શિવસેના (યુબીટી)ના નેતા દાનવેએ જણાવ્યું હતું.

ઉપલા ગૃહના નોમિનેટેડ સભ્ય કાયંદેએ બુધવારે વિધાન પરિષદમાં એવો દાવો કર્યો હતો કે 'શહેરી નક્સલીઓ' વારી વાર્ષિક યાત્રામાં ઘૂસી ગયા છે અને 'વારકરીઓને' ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે, ભૂતકાળમાં એવી ઘટનાઓ બની હતી જ્યાં વારી દરમિયાન માંસના ટુકડા ફેંકવામાં આવ્યા હતા. પ્રખ્યાત વારકરી સંપ્રદાયના નેતા બંદાતાત્યા કરાડકરે આવા કૃત્યો સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે મહાયુતિ સરકારને વારીની પવિત્રતા જાળવવા માટે તાત્કાલિક પગલાં લેવાની વિનંતી કરી હતી.

શિવસેનાના વડા અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ બુધવારે કહ્યું હતું કે સરકારે વિધાનસભ્ય દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દા પર ધ્યાન આપ્યું છે અને તપાસ માટે ગૃહ વિભાગને યોગ્ય નિર્દેશો આપવામાં આવશે.

ગૃહ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન યોગેશ કદમે એમ પણ કહ્યું હતું કે, તેમને 'શહેરી નક્સલીઓ' દ્વારા સમાજને વિભાજીત કરવાના પ્રયાસો અંગે ફરિયાદો મળી છે અને સરકાર આ બાબતની તપાસ કરશે તેવી ખાતરી આપી. ■

દુઃખદ અવસાન
પ્રાર્થના સભા



સ્વ. પ્રતાપસિંહ લલ્લુભાઈ ઠાકુર
તા. 01/07/2025, મંગળવાર
તમારી પુણ્યાત્માની દિવ્ય જ્યોત અમારા હૃદયમાં સદા પ્રકાશમાન રહી, અમને આત્મશક્તિ અને દિવ્ય માર્ગદર્શન આપતી રહે. દિવ્ય દયાળુ પરમાત્મા આપના આત્માને શાશ્વત શાંતિ અને મોક્ષની પ્રાપ્તી આપે, એવી અન્તઃકરણની પ્રાર્થના છે.
❊ પ્રાર્થના સભા : તા. 04/07/2025, શુક્રવારે
❊ સમય : સાંજે 5.30 થી 7.30 ❊ સ્થળ : રીગલ હોલ-ઈસ્ટ સાઈડ, ગ્રાઉન્ડ ફ્લૉર, ગોરેગાંવ સ્પોર્ટસ્ કલબ, ગેટ-3, મલાડ (વેસ્ટ), મુંબઈ.
સ્વ. લલ્લુભાઈ જાદવજી ઠાકુર – સ્વ. રાધાલક્ષ્મી લલ્લુભાઈ ઠાકુર (ના સુપુત્ર)
સ્વ. ઉષાબેન પ્રતાપસિંહ ઠાકુર (ના પતિ)
ચિ. હેમેન્દ્ર – ચિ. સચિન (ના પિતા)
અ.સૌ. સ્મિતાબેન – અ.સૌ. સેજલબેન (ના સસરા)
ચિ. કિતીકા, ઉત્સાહ, ઉત્સવ, રોનિત (ના દાદા)
અ.સૌ. ભારતીબેન પુષ્પકાંત દત્તા (ના ભાઈ)
સ્વ. દ્વારકાદાસ રણછોડદાસ ગોટેચા-સ્વ. પુષ્પાબેન દ્વારકાદાસ ગોટેચા (ના જમાઈ)
તથા ઠાકુર પરિવાર ના જયશ્રી કૃષ્ણ
સાસરી પક્ષની પ્રાર્થનાસભા ઉપરોક્ત સ્થળે અને સમયે સાથે રાખેલ છે.

Government of Mizoram
GOLDEN SATURDAY LOTTO INDIA
આજથી બનો કરોડપતી!!
ડ્રૉ કાલે સાંજના
જીતો ₹ 1.30 કરોડ+
ટિકીટ ₹ 30/-
ડ્રૉ દર શનિવાર, રાત્રે 9:30 વાગે
ટિકીટો નજીકના લૉટરી કાઉન્ટર પર ઉપલબ્ધ
Live Draw on YouTube channel : GoldenLottery
રિટેલરશિપ માટે અમારો સંપર્ક કરો:
ગોલ્ડન લૉટો મુંબઈ 83693 33517



# દિશા સાલિયાનની હત્યા નથી જ થઈ

## પોલીસે હાઇ કોર્ટને જણાવ્યું: આત્મહત્યા વિશે કોઇ શંકા ન હોવાનું સોગંદનામું નોંધાવ્યું

મુંબઈ: અભિનેતા સુશાંતસિંહ રાજપૂતની ભૂતપૂર્વ મેનેજર દિશા સાલિયને આત્મહત્યા કરી હતી અને તેની આત્મહત્યા વિશે શંકા હોય એવું કશુંય તપાસમાં મળ્યુ નથી, એમ જણાવતું સોગંદનામું મુંબઈ પોલીસે બૉમ્બે હાઇ કોર્ટમાં રજૂ કર્યું હતું, જોકે દિશાના પિતા સતિશ સાલિયન વારંવાર આક્ષેપ કરી રહ્યા છે કે તેના પર ગૅંગરેપ ગુજારવામાં આવ્યો હતો અને તેની હત્યા કરવામાં આવી હતી.

દિશા સાલિયને તેના ફ્લેટની બાલકનીમાંથી નીચે પડતું મૂકીને આત્મહત્યા કરી હતી અને પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પણ તેની શારીરિક અથવા જાતીય સતામણી થઇ હોવાના કોઇ નિશાન જોવા મળ્યા હોવાનું જણાવાયું છે, એમ પોલીસે હાઇ કોર્ટને કહ્યું હતું.

સાલિયન તેના પરિવારના ઝઘડાઓથી કંટાળેલી હતી અને તેના બિઝનેસ ડીલ સફળ થતા ન હોવાને કારણે તે ડિપ્રેશનમાં પણ હતી. તેથી તેણે હતાશામાં આત્મહત્યા કરી હોવાનું સોગંદનામામાં જણાવાયું હતું.

દિશા સાલિયનનું આઠમી જૂન, ૨૦૨૦ના મલાડમાં પોતાના ૧૪મા માળે આવેલા ફ્લેટમાંથી પડી જવાથી મૃત્યુ થયું હતું. ત્યારે પોલીસે એક્સિડન્ટ ડેથ રિપોર્ટ (એડીઆર) નોંધ્યો હતો.

સતિશ સાલિયને આ વર્ષે માર્ચમાં હાઇ કોર્ટમાં ધા નાખીને તેની દીકરીના મૃત્યુ કેસમાં સીબીઆઇ તપાસ કરાવવાની અને શિવસેના-યુબીટીના વિધાનસભ્ય આદિત્ય ઠાકરે સામે એફઆઇઆર નોંધવાની માગણી કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે જૂન, ૨૦૨૦ના તેમની દીકરીનું શંકાસ્પદ પરિસ્થિતિમાં મૃત્યુ થયું હતું. તેમણે આક્ષેપ કર્યો હતો કે દિશા પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો અને તેની હત્યા કરવામાં આવી હતી. આ પ્રકરણે રાજકીય સંડોવણી છે અને તેથી અમુક વ્યક્તિઓ સત્ય બહાર આવવા દઇ રહ્યા નથી.

હાઇ કોર્ટમાં આ અરજી બુધવારે સુનાવણી માટે આવી હતી અને આગામી સુનાવણી ૧૬મી જુલાઇ સુધી મુલતવી રાખવામાં આવી હતી.

અગાઉ આ કેસની તપાસ કરનાર માલવણી પોલીસે પોતાના સોગંદનામામાં જણાવ્યું હતું કે દિશા સાલિયને આત્મહત્યા કરી હતી.

આત્મહત્યા વખતે દિશાએ દારૂ પીધો હતો અને તે વખતે તેની સાથે તેનો મિત્ર પણ હતો, તેણે પણ કોઇ ગેરરીતિ આચરવામાં આવી હોવાનો ઇનકાર કર્યો હતો, એમ સોગંદનામામાં જણાવાયું હતું.

પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પણ કંઇ શંકાસ્પદ જણાયુ નથી, એમ તેમાં વધુમાં જણાવાયું હતું. ■

# મને બદનામ કરવાનો પ્રયાસ છતાં ચૂપ રહ્યો: આદિત્ય ઠાકરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દિશા સાલિયન મૃત્યુ કેસમાં વિપક્ષ દ્વારા નિશાન બનાવવામાં આવેલા શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ ગુરુવારે પોલીસના સોગંદનામાનો જવાબ આપવાનો ઇનકાર કર્યો હતો જેમાં ભૂતપૂર્વ સેલિબ્રિટી મેનેજરના મૃત્યુમાં કોઈ પણ પ્રકારની ગેરરીતિનો ઇનકાર કરવામાં આવ્યો હતો અને કહ્યું હતું કે તેમણે મને બદનામ કરવાના પ્રયાસો કર્યા છતાં મેં ચૂપ રહેવું પસંદ કર્યું હતું.

ગુરુવારે, જ્યારે પત્રકારોએ વિધાનભવન પરિસરમાં આદિત્ય ઠાકરેને પોલીસની એફિડેવિટ વિશે પૂછ્યું કે મૃત્યુ કેસમાં કોઈ ગેરરીતિ થઈ નથી, ત્યારે તેમણે કહ્યું હતું કે, 'છેલ્લા પાંચ વર્ષથી અમુક વ્યક્તિઓએ મારી છબી ખરાબ કરવાનો પ્રયાસ કર્યો છે. મેં તે સમયે ક્યારેય તેમને જવાબ આપ્યો નથી અને હવે પણ જવાબ આપીશ નહીં.' ■

# પિક્ચર અભી બાકી હૈ: નિતેશ રાણે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના પ્રધાન નિતેશ રાણેએ ગુરુવારે કહ્યું હતું કે સાલિયનને મુદ્દે 'પિક્ચર અભી બાકી હૈ' (ફિલ્મ હજી પૂરી થઈ નથી) સાલિયનને ન્યાય મળશે.

ઠાકરેની ટિપ્પણીનો જવાબ આપતા, મત્સ્યઉદ્યોગ અને બંદર વિકાસ ખાતાના પ્રધાન નિતેશ રાણેએ કહ્યું હતું કે આ મામલો હજુ પણ કોર્ટ સમક્ષ પેન્ડિંગ છે.

વિધાનભવન પરિસરમાં બોલતા રાણેએ કહ્યું હતું કે, 'જે સમાચાર પ્રકાશિત થઈ રહ્યા છે તે ૧૭ જૂનના રોજ એસઆઈટીની એફિડેવિટ પર આધારિત છે. જોકે, દિશા સલિયનના પિતાએ ત્યારથી તેને પડકારતી બીજી એફિડેવિટ દાખલ કરી છે. તેથી, કેસ હજુ પૂરો થયો નથી.'

'એસઆઈટીના રિપોર્ટ પર કોર્ટના અવલોકનોનું પોતાની રીતે અર્થઘટન ન કરવું જોઈએ. દિશાના પિતા દ્વારા લગાવવામાં આવેલા આરોપો ગંભીર છે, અને મામલો ન્યાયાલયમાં છે. આગામી સુનાવણી ૧૬ જુલાઈના રોજ રાખવામાં આવી છે,' એમ તેમણે કહ્યું હતું.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ઠાકરે સામેના આરોપો રાજકીય રીતે પ્રેરિત છે, ત્યારે રાણેએ કહ્યું, 'આ રાજકારણ વિશે નથી. દિશા સાલિયનના પિતાએ તેમની પુત્રી ગુમાવી છે. તેમણે આદિત્ય ઠાકરે અને ડીનો મોરિયાનું નામ લીધું. શું તેઓ (દિશાના પિતા) હવે રાજકારણમાં જોડાઈ રહ્યા છે?'

શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉત દ્વારા તેમની પાસેથી માફીની માગણી કરવામાં આવી તે અંગે પૂછવામાં આવતા, તેમણે કહ્યું હતું કે, 'દિશા સાલિયન માટે ન્યાય માગવા બદલ હું શા માટે માફી માંગું?'

માર્ચમાં સતીષ સાલિયન હાઇકોર્ટમાં ગયા પછી રાણેએ ઠાકરે સામે કાર્યવાહીની માગણી કરી હતી અને કહ્યું હતું કે તેમણે રાજીનામું આપવું જોઈએ.

એક લોકપ્રિય ફિલ્મ સંવાદનો ઉપયોગ કરીને, ભાજપના નેતાએ કહ્યું હતું કે, 'પિક્ચર અભી બાકી હૈ... દિશા સાલિયનને ન્યાય મળશે.'

આ સંદર્ભમાં ઠાકરે દ્વારા દાખલ કરાયેલી માનહાનિની ફરિયાદનું સ્વાગત કરતા, રાણેએ કહ્યું, 'હું તેનું સ્વાગત કરું છું. કોર્ટમાં સત્ય બહાર આવવા દો.'

તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ઠાકરેના સોગંદનામામાં તેમને એક સામાજિક કાર્યકર અને ઉદ્યોગપતિ તરીકે વર્ણવવામાં આવ્યા છે, જેમાં તે એક વર્તમાન વિધાનસભ્ય છે તે હકીકતને બાકાત રાખવામાં આવી છે. ■

# ફડણવીસ માફી માગે: રાઉત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે ગુરુવારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને રાજ્યકક્ષાના પ્રધાન નિતેશ રાણે પાસેથી દિશા સાલિયન મૃત્યુ કેસના સંદર્ભમાં સેના (યુબીટી)ના વિધાનસભ્ય આદિત્ય ઠાકરે વિરુદ્ધ ભૂતકાળમાં કરેલી ટિપ્પણી બદલ માફી માગવાની માગણી કરી હતી.

ભૂતપૂર્વ સેલિબ્રિટી મેનેજર દિશા સાલિયનનું આઠમી જૂન, ૨૦૨૦ના રોજ મુંબઈના મલાડ વિસ્તારમાં એક નિવાસી ઈમારતના ૧૪મા માળેથી પડી જવાથી મૃત્યુ થયું હતું. ત્યારબાદ શહેર પોલીસે અકસ્માત મૃત્યુ અહેવાલ (એડીઆર) નોંધ્યો હતો.

પોલીસે ગયા મહિને બોમ્બે હાઈકોર્ટમાં રજૂ કરેલા સોગંદનામામાં જણાવ્યું હતું કે તેણે આત્મહત્યા કરી હતી અને તેના મૃત્યુમાં કોઈ ગેરરીતિ મળી નથી, જ્યારે તેના પિતા સતિશ સાલિયને પુનરોચ્ચાર કર્યો હતો કે તેની પર ગેંગરેપ આચર્યા બાદ હત્યા કરવામાં આવી હતી. સતિશ સાલિયને આ વર્ષે માર્ચમાં હાઇકોર્ટમાં અરજી દાખલ કરી હતી, જેમાં તેમની પુત્રીના મૃત્યુની તપાસ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા કરાવવા અને શિવસેના (યુબીટી)ના વિધાનસભ્ય આદિત્ય ઠાકરે સામે એફઆઈઆર નોંધવાની માગણી કરી હતી.

'પોલીસ રિપોર્ટમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે દિશા સાલિયનના મૃત્યુમાં આદિત્ય ઠાકરેનો કોઈ હાથ નથી. છતાં, તેમની છબી ખરાબ કરવા અને તેમને અપમાનિત કરવા માટે સત્તાનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો,' એમ રાઉતે અહીં પત્રકારોને જણાવ્યું હતું.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આદિત્ય ઠાકરેની માફી માગવી જોઈએ. તેમણે એમ પણ કહ્યું હતું કે નારાયણ રાણેના પુત્ર, જે કેબિનેટ પ્રધાન પણ છે (નીતેશ રાણે), તેમણે માત્ર આદિત્ય ઠાકરેની જ નહીં, પરંતુ મહારાષ્ટ્રના લોકો પાસે પણ માફી માગવી જોઈએ.

પાયાવિહોણા આરોપો લગાવનારા દરેક વ્યક્તિએ જાહેરમાં માફી માગવી જોઈએ, એમ રાઉતે કહ્યું હતું,

'જેઓ રાજકીય લાભ માટે અન્ય લોકોને બદનામ કરે છે તેમને એક દિવસ ભારે કિંમત ચૂકવવી પડશે.' એવી ચેતવણી તેમણે ઉચ્ચારી હતી.

મુખ્ય પ્રધાન ફડણવીસ રાજ્યના ગૃહ વિભાગનો હવાલો સંભાળે છે.

એનસીપી (એસપી)ના વિધાનસભ્ય રોહિત પવારે પણ આ મુદ્દો ઉઠાવતા એવો દાવો કર્યો હતો કે, 'એકનાથ શિંદેના શિવસેના જૂથના ભાજપના નેતાઓ અને પ્રધાનો આદિત્ય ઠાકરે પર સતત અપમાનજનક ભાષાનો ઉપયોગ કરીને આરોપો લગાવી રહ્યા છે.'

વિધાન ભવન સંકુલમાં પત્રકારો સાથે વાત કરતા, પવારે સરકારને વિનંતી કરી કે તેઓ 'રાજકીય લાભ માટે જનતાને ગેરમાર્ગે દોરવાનો ઇરાદાપૂર્વકનો પ્રયાસ' કરનારાઓ સામે કાર્યવાહી કરે.

જોકે, ભાજપના નેતા અને ભૂતપૂર્વ પ્રધાન સુધીર મુનગંટીવારે સરકાર અને કાયદાનો અમલ કરનારી એજન્સીઓનો બચાવ કર્યો હતો.

'સરકાર ક્યારેય તપાસ એજન્સીઓ પર દબાણ કરતી નથી. પોલીસ પુરાવા અને તથ્યોના આધારે તપાસ કરે છે. એવું લાગે છે કે વિપક્ષી નેતાઓ રાજ્ય સરકાર સામે પૂર્વગ્રહ રાખે છે. મને આશા છે કે તેઓ ટૂંક સમયમાં તેમની ગેરસમજોનો અહેસાસ થશે,' એમ તેમણે કહ્યું હતું. ■

# બાંદ્રામાં બેન્ડસ્ટેન્ડ નજીક દરિયામાં ડૂબી રહેલી મહિલાને કોન્સ્ટેબલે બચાવી લીધી

## અદૃશ્ય શક્તિ પીછો કરતી હોવાનું લાગતાં ડરીને પાણીમાં ઝંપલાવ્યું: મહિલાએ પોલીસને કહ્યું

મુંબઈ: બાંદ્રામાં બેન્ડસ્ટેન્ડ નજીક દરિયામાં ડૂબી રહેલી ૫૩ વર્ષની મહિલાને પોલીસ કોન્સ્ટેબલે બચાવી લીધી હતી. બાંદ્રામાં રહેતી મહિલા માનસિક રોગી હોવાથી છેલ્લાં ૨૦ વર્ષથી તેની સારવાર ચાલી રહી છે.

સાંજના બેન્ડસ્ટેન્ડ ખાતે ફરવા નીકળી હતી ત્યારે કોઇ અદૃશ્ય શક્તિ પીછો કરતી હોવાનું લાગતાં પોતે ગભરાઇ ગઇ હતી અને પાણીમાં ઝંપલાવી દીધું હતું, એવું મહિલાએ પોલીસને જણાવ્યું હતું.

બાંદ્રા પોલીસ સ્ટેશનનો કોન્સ્ટેબલ સાઇનાથ દેવડે બુધવારે સાંજના બેન્ડસ્ટેન્ડ ખાતે ગેલેક્સી અપાર્ટમેન્ટ સામે પેટ્રોલિંગ કરી રહ્યો હતો ત્યારે દરિયામાં ડૂબી રહેલી મહિલા પર તેની નજર પડી હતી. પળવારનો વિચાર કર્યા વિના કોન્સ્ટેબલ દેવડે ત્યાં દોડી ગયો હતો અને પાણીમાં ઝંપલાવીને મહિલાને બચાવી હતી.

મહિલા બેભાન થઇ હોવાથી તેને તાત્કાલિક ભાભા હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી. મહિલાની ઓળખ વ્હેનેનટિયા સરિતા ક્રાસ્ટા (૫૩) તરીકે થઇ હોઇ તે બાંદ્રા પશ્ચિમમાં સેન્ટ બાપટિસ્ટ રોડ પરના આશિયાના અપાર્ટમેન્ટમાં રહેતી હોવાનું તપાસમાં જાણવા મળ્યું હતું.

મહિલા બુધવારે સાંજના બેન્ડસ્ટેન્ડ ખાતે ફરી રહી હતી ત્યારે કોઇ અદૃશ્ય શક્તિ પીછો કરી રહી હોવાનું તેને લાગ્યું હતું. આથી તેણે ગભરાઇને પાણીમાં ઝંપલાવી દીધું હતું, એવું તેણે પોલીસને જણાવ્યું હતું. દરમિયાન પોલીસે મહિલાના પરિવારનો સંપર્ક સાધીને તપાસ કરી હતી, જેમાં મહિલા માનસિક રોગી હોવાનું જાણવા મળ્યું હતું. ■

# બાળકની હત્યા કર્યા બાદ મૃતદેહને ગૂણીમાં ભરી જંગલમાં ફેંક્યો: સાવકા પિતા સહિત બે પકડાયા

અકોલા: નવ વર્ષના બાળકની ગળું દબાવીને હત્યા કર્યા બાદ તેના મૃતદેહને ગૂણીમાં ભરી જંગલમાં ફેંકવામાં આવ્યો હોવાની ઘટના અકોલા જિલ્લામાં બની હતી. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરી બાળકના સાવકા પિતા સહિત બે જણની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર બુધવારે વહેલી સવારે આ ઘટના બની હતી અને પોલીસને કલાકો બાદ બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે બાદમાં ગુનામાં સંડોવાયેલા આરોપીઓને પકડી પાડ્યા હતા. બંને આરોપીની ઓળખ આકાશ કાન્હેરકર (૩૮) અને તેના મિત્ર ગૌરવ ગાયગોલે (૩૬) તરીકે થઇ હતી.

નવ વર્ષનો બાળક દર્શન પલાસકર તેની માતા અને સાવકા પિતા આકાશ કાન્હેરકર સાથે રહેતો હતો. બુધવારે સવારે ૮.૩૦ વાગ્યે દર્શનની માતાએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને દર્શનના ગુમ થવા અંગે ફરિયાદ નોંધાવી હતી.

દરમિયાન દર્શનની શોધ ચલાવનારી પોલીસ ટીમે દર્શનના ઘરની આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા, જેમાં દર્શન તેના સાવકા પિતા આકાશ સાથે જતો નજરે પડ્યો હતો. આથી પોલીસે આકાશને કસ્ટડીમાં લઇને આકરી પૂછપરછ કરતાં તેણે ગુનાની કબૂલાત કરી હતી, એમ સબ-ડિવિઝનલ પોલીસ ઓફિસર અનમોલ મિત્તલે કહ્યું હતું.

આકાશે પોલીસને જણાવ્યું હતું કે તે મિત્ર સાથે દર્શનને ટૂ-વ્હીલર જંગલ વિસ્તારમાં લઇ ગયો હતો અને ત્યાં ગળું દબાવીને તેની હત્યા કરી હતી. આકાશની કબૂલાત બાદ પોલીસ જંગલ વિસ્તારમાં પહોંચી હતી અને અંજનગાવ તાલુકાના ચિંચોના ગામ નજીક ગૂણીમાંથી તેમને દર્શનનો મૃતદેહ મળી આવ્યો હતો.

સર્ચ ઓપરેશનમાં ૧૬ પોલીસ કર્મચારી અને સાત અધિકારી સામેલ હતા. દર્શનનો મૃતદેહ મળ્યા બાદ તેને પોસ્ટમોર્ટમ માટે અકોલાની સરકારી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો, એમ અનમોલ મિત્તલે જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# મહિનામાં ખાડાઓની ૩,૦૧૮ ફરિયાદો

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાને છેલ્લા મહિનામાં શહેર અને ઉપનગરોમાં ખાડા સંબંધિત ૩,૦૧૮ ફરિયાદો મળી છે. આમાંથી લગભગ ૮૫ ટકા ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું હોવાનું પાલિકાના અધિકારીઓએ જણાવ્યું હતું.

જ્યારે ૪૭૪ ખાડાઓ પર કોઈ ધ્યાન આપવામાં આવ્યું નથી.

બીએમસી એ દૈનિક નિરીક્ષણ કરવા, ખાડાઓ ઓળખવા અને ૪૮ કલાકની અંદર સમારકામ સુનિશ્ચિત કરવા માટે ૨૨૭ વોર્ડ-સ્તરના સબ-ઇજનેરોને તૈનાત કર્યા છે. ડેટા મુજબ, બીએમસી ને પહેલી જુલાઈ, ૨૦૨૫ સુધીમાં નાગરિકો તરફથી ૧,૬૭૪ ફરિયાદો મળી હતી, જ્યારે નાગરિક ઇજનેરોએ તેમના સંબંધિત વોર્ડમાં ૧,૮૮૧ ખાડા શોધી કાઢ્યા હતા.

વોચડોગ ફાઉન્ડેશનના સ્થાપક ગોડફ્રે પિમેન્ટાએ અંધેરી પૂર્વમાં સહર રોડ પર ખાડાઓ અંગે ફરિયાદ કરી હતી, પરંતુ બીએમસીએ દાવો કર્યો હતો કે આ રસ્તો મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ હેઠળ આવે છે, અને મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ એ ફરી બીએમસી પર નિશાન સાધ્યું હતું. આ દોષારોપણના કારણે નાગરિકોએ શા માટે ભોગ બનવું જોઈએ?

ફાઇટ ફોર રાઇટ ફાઉન્ડેશનના વિનોદ ઘોલપે જણાવ્યું હતું કે, તાજેતરના ભારે વરસાદ પછી રસ્તાઓ પર ખાડા ફરી દેખાયા છે. અમને આશા છે કે પરિસ્થિતિ ખરેખર સુધરશે અને બધા રસ્તાઓ સંપૂર્ણપણે કોંક્રીટ થઈ ગયા પછી ખાડાઓ દૂર થશે. ■



**નુકસાન:** નવી મુંબઈમાં ગુરુવારે બિલ્ડિંગની દીવાલ ધસી પડતાં અનેક વાહનોને નુકસાન થયું હતું. વરસાદને કારણે દીવાલ તૂટી પડી હોવાનું કહેવાય છે. (પીટીઆઈ)

# દશકામાં ઈન્વેસ્ટરો સાથે ૨.૯૫ લાખ કરોડનો ફ્રોડ: સીએમ

મુંબઈ: છેલ્લા ૧૦ વર્ષમાં મુંબઈમાં લગભગ ૨.૭૧ લાખ રોકાણકારો સાથે ૨.૯૫ લાખ કરોડ રૂપિયાની જંગી છેતરપિંડી થઈ હોવાનું મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા ૧૦ વર્ષમાં મહારાષ્ટ્રમાં, મુંબઈને બાદ કરતા લગભગ ૧.૦૫ કરોડ રોકાણકારો સાથે ૨૨,૫૫૨ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે.

મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ અહેવાલ આપ્યો છે કે મુંબઈમાં છેલ્લા દસ વર્ષમાં ૨.૭૧ લાખ રોકાણકારો સાથે ૨,૯૫,૪૫૧ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે. ૨૦૧૬થી ૨૦૨૫ સુધીમાં, રાજ્યમાં કુલ ૪૬,૩૨૧ સાયબર ક્રાઇમ કેસ નોંધાયા હતા જેમાં રૂ. ૧૧,૦૩૩.૯૭ કરોડની નાણાકીય છેતરપિંડીનો સમાવેશ થાય છે.

ફડણવીસે તેમના જવાબમાં જણાવ્યું હતું કે, નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલને ૨૦૨૪માં મહારાષ્ટ્રમાંથી ૧,૧૮૬.૪૬ કરોડ રૂપિયાના નાણાકીય છેતરપિંડીના ૫૮,૧૫૭ કેસ મળ્યા હતા, જેમાં મુંબઈના ૩૧,૫૮૩, પુણેના ૧૩,૯૭૧ અને થાણેના ૧૨,૫૮૨ કેસનો સમાવેશ થાય છે.

હાલમાં, રાજ્યમાં ૫૦ સાયબર પોલીસ સ્ટેશન કાર્યરત છે.

રોકાણકારો સાથે છેતરપિંડી કરી શકે તેવી વિવિધ નાણાકીય યોજનાઓ અંગે માહિતી મેળવવા માટે, મુંબઈ પોલીસ અને રાજ્યના વિવિધ પોલીસ એકમોએ એક નાણાકીય ગુપ્તચર એકમ બનાવ્યું છે. ■

# હિન્દી સ્કૂલમાં શીખવવી જ જોઈએ: સીએમનાં પત્ની કહે છે

મુંબઈ: દેશના ઘણા રાજ્યોમાં અત્યારે ભાષા વિવાદ ચાલી રહ્યો છે. મહારાષ્ટ્રમાં પણ હિન્દી ભાષા વિવાદ ચાલી રહ્યો છે અને રાજકારણીઓ ભાષાના નામે રાજકારણ કરી રહ્યા છે. ત્યારે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના પત્ની અમૃતા ફડણવીસે બુધવારે કહ્યું કે શાળાઓમાં હિન્દી શીખવવી જોઈએ કારણ કે તે દેશભરના લોકોને જોડવામાં મદદ કરે છે. આ ટિપ્પણી વિપક્ષને સરકારને ઘેરવાની નવી તક આપી શકે છે. અમૃતાનું આ નિવેદન ભાજપની આગેવાની હેઠળની સરકારે ધોરણ ૧ થી ૫ સુધી હિન્દીને ત્રીજી ભાષા તરીકે સમાવતો સરકારી આદેશ પાછો ખેંચી લીધાના ત્રણ દિવસ પછી આવ્યું છે. અમૃતા ફડણવીસે અહીં પત્રકારો સાથે વાતચીતમાં જણાવ્યું કે, '' મહારાષ્ટ્ર માટે મરાઠી નંબર વન (ભાષા) છે, તેમાં કોઈ શંકા નથી. વૈશ્વિક સ્તરે વાતચીત કરવા માટે અંગ્રેજી ઉપયોગી છે. પરંતુ મને વ્યક્તિગત રીતે લાગે છે કે ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સુધીના દેશભરના લોકો સાથે જોડાવા માટે,હિન્દીને અભ્યાસક્રમમાં સમાવી શકાય છે. તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓને ઉપલબ્ધ ભાષા વિકલ્પોમાંથી પસંદગી કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ.''

મહારાષ્ટ્રમાં આ દિવસોમાં હિન્દી ભાષાને લઈને હોબાળો મચી ગયો છે. ક્યારેક કોઈને હિન્દી બોલવા બદલ માર મારવામાં આવી રહ્યો છે તો ક્યારેક શાળાઓમાં હિન્દી શીખવવા સામે વિરોધ થઈ રહ્યો છે. આ સંદર્ભમાં, શિવસેના યુબીટીના વડા ઉદ્ધવ ઠાકરે અને મનસેના વડા રાજ ઠાકરે તાજેતરમાં ભેગા થયા છે. ■

# ગેરકાયદે બાઈક ટેક્સી નેટવર્ક: ખુદ પ્રધાને કૌભાંડનો પર્દાફાશ કર્યો

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે ગેરકાયદે રીતે એપ દ્વારા મુસાફરો બુક કરતી એક રેપિડો બાઇકને રંગે હાથે પકડી પાડી હતી. જ્યારે મહારાષ્ટ્રમાં, રાજ્ય સરકાર દ્વારા કોઈ પણ બાઇક એપ્લિકેશનને સત્તાવાર રીતે આવું કરવાની મંજૂરી આપવામાં આવી નથી.

મહારાષ્ટ્રના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકને એક વરિષ્ઠ અધિકારીને ગેરકાયદેસર બાઇક ટેક્સી એપ્લિકેશનો અને સેવાઓ કાર્યરત છે કે કેમ તેની તપાસ કરવાનું કહ્યું હતું, ત્યારે અધિકારીએ ખાતરી આપી કે એપ્લિકેશનો અને સેવાઓ કાર્યરત નથી. મુંબઈમાં ગેરકાયદે બાઇક ટેક્સીઓ ચાલતી નથી. વરિષ્ઠ અધિકારી પર વિશ્વાસ કરવાને બદલે, પ્રતાપ સરનાઈકે આ દાવાઓની જાતે તપાસ કરવાનું નક્કી કર્યું. તેથી પ્રતાપ સરનાઈકે રેપિડો એપનો ઉપયોગ કરીને મંત્રાલયથી દાદર સુધીની રાઈડ જાતે બુક કરી. જોકે, તેમણે આ માટે અલગ નામનો ઉપયોગ કર્યો હતો.

બાઇક ટેક્સી બુક કરાવ્યા પછી, તે આગામી ૧૦ મિનિટમાં બાઇક લેવા માટે સ્થળ પર પહોંચ્યા. આ દરમિયાન, તેમણે બાઇક ડ્રાઇવરને ભાડા તરીકે ૫૦૦ રૂપિયા ઓફર કર્યા અને કહ્યું કે મુંબઈમાં બાઇક ટેક્સી ગેરકાયદે છે. પૈસા આપતાં પ્રધાને કહ્યું, ''હું પરિવહન મંત્રી છું. મુંબઈમાં બાઇક ટેક્સીઓ ગેરકાયદે છે. આ નિયમ તમારા ફાયદા માટે છે. એમ અહીં આવો, હું તમને આ માટે ૫૦૦ રૂપિયા આપું છું.

પ્રધાને વધુમાં કહ્યું હતું કે તમારા જેવા ગરીબ લોકો સામે કેસ દાખલ કરીને અમને કંઈ મળવાનું નથી. પરંતુ આ પાછળ જે લોકો છે તેમને સજા થવી જોઈએ, એ અમારો મૂળ હેતુ છે. હકીકતમાં, અત્યાર સુધી કોઈપણ એપ-આધારિત બાઇક એગ્રીગેટરને મહારાષ્ટ્ર રાજ્ય સરકાર તરફથી મહારાષ્ટ્રમાં કામ કરવાની પરવાનગી મળી નથી. ■

# જીવંત સાપની પૂજા: પ્રણાલી શરૂ કરવા સામે વિરોધ

થાણે: પર્યાવરણવાદીઓ અને પ્રાણી અધિકાર કાર્યકરોના એક જૂથે મહારાષ્ટ્ર સરકારની નાગ પંચમી પર સાંગલી જિલ્લાના બત્તીસ શિરાલા શહેરમાં જીવંત સાપની પૂજા કરવાની પ્રથા ફરી શરૂ કરવાના માર્ગો શોધવાની યોજનાનો વિરોધ કર્યો છે.

બત્તીસ શિરાલા શ્રાવણ મહિનામાં ઉજવાતી નાગ પંચમી પર જીવંત સાપની પૂજા કરવાની તેની જૂની પ્રથા માટે જાણીતું છે. ૨૦૦૨ માં બોમ્બે હાઈ કોર્ટે શહેરમાં કોબ્રાના પ્રદર્શન પર પ્રતિબંધ મૂક્યો હતો. બુધવારે રાજ્ય વિધાનસભામાં ભાજપના ધારાસભ્ય સત્યજીત દેશમુખે આ મુદ્દો ઉઠાવતા કહ્યુ હતું કે, બત્તીસ શિરાલામાં નાગ પંચમીનો તહેવાર એક ધાર્મિક પરંપરા છે જેનું ઐતિહાસિક મહત્ત્વ છે. પ્રખ્યાત હર્પેટોલોજિસ્ટ મૃગંક પ્રભુએ જણાવ્યું હતું કે, એવા રિવાજને પુનર્જીવિત કરવાની બિલકુલ જરૂર નથી જે પહેલાથી જ લુપ્તપ્રાય પ્રજાતિઓને પીડા આપે છે. કોબ્રા વન્યજીવન સંરક્ષણ કાયદાની અનુસૂચિ-૧ હેઠળ સુરક્ષિત છે. આવી પ્રથાઓ કાયદાની ભાવના અને અક્ષરની વિરુદ્ધ છે. વધુમાં, બોમ્બે હાઈ કોર્ટના આદેશને કારણે તાજેતરના વર્ષોમાં આ પ્રથા ઘટી રહી છે, એમ નેટકનેક્ટ ફાઉન્ડેશનના ડિરેક્ટર બી. એન. કુમારે પણ આ પગલાંનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે ભક્તોને દૂધ પી રહ્યા છે તે બતાવવા માટે સાપને દિવસો સુધી ભૂખ્યા રાખવામાં આવે છે. ■

# મૅટિની

## કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

# ૪૪ વર્ષે પણ ચેલેંજિંગ રોલની તલાશ...





**ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સિલ્વર જ્યુબિલી મનાવી રહેલી કરિના કપૂરનાં અભિનય કૌશલનાં વાજા બહુ વાગ્યા નહીં એ હકીકત છે**

કરિના કપૂર...

આ નામ કાને પડતાની સાથે સૌપ્રથમ 'જબ વી મેટ'ની રમતિયાળ, નટખટ, બેફિકર ગીત ઢિલ્લોં નજર સામે તરવરવા લાગે. પછી તરત 'કભી ખુશી કભી ગમ'ની બિન્ધાસ્ત - બેધડક અને સ્ટાઈલિશ પૂ (પૂજા શર્મા) યાદ આવી જાય. સાથે સાથે 'થ્રિ ઈડિયટ્સ'ની ડૉ.પિયા સહસ્રબુદ્ધેનું પણ સ્મરણ થાય અને 'ગોલમાલ', 'બોડીગાર્ડ' અને 'બજરંગી ભાઈજાન'ના એના રોલ સુધ્ધાં યાદ આવી જાય.

અલબત્ત, ૨૫ વર્ષ પહેલા જે. પી. દત્તાની 'રેફ્યુજી'થી ફિલ્મોમાં પદાર્પણ કરનારી 'બેબો' કરિના કપૂરની ઓળખ આ ફિલ્મો પૂરતી રાખવી એ એની સાથે અન્યાય કરવા બરાબર છે. આ બધા રોલ સાથે 'ફિદા'ની નેહા, 'ચમેલી'ની ચમેલી, 'યુવા'ની મીરા, 'ઐતરાઝ'ની પ્રિયા મલ્હોત્રા, 'ઉડતા પંજાબ'ની ડૉ. પ્રીત સાહની અને 'વિરે દી વેડિંગ'ની કાલિન્દી પુરીને પણ યાદ કરવી જોઈએ.

વાત એમ છે કે 'જબ વી મેટ'ની ગીત અને અન્ય ફિલ્મોના ગીત એટલા બધા ગવાયા કે 'ચમેલી' અને અન્ય ફિલ્મોમાં એના અભિનયનો ચળકાટ દબાઈ ગયો. કરિનાની ગ્લેમરસ ઈમેજે એની અભિનયની આવડતને નુકસાન પહોંચાડ્યું છે એમ કહેવામાં અતિશયોક્તિ લાગી શકે છે, પણ એ દલીલની અવગણના ન કરી શકાય.

૨૫ વર્ષ પહેલા રિલીઝ થયેલી 'રેફ્યુજી'ની નાઝનીનથી શરૂ થયેલી સફર ગયા વર્ષે પ્રદર્શિત થયેલી 'ક્રૂ'ની જાસ્મીન કોહલી અને 'સિંઘમ અગેન'ની અવની સુધી પહોંચી છે. બે બાળકની ૪૪ વર્ષની માતાને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી બહુ કંઈ ગણતરીમાં લે નહીં, પણ કરિનાની વાત જરા જુદી છે. વિવિધ પ્રોડક્ટની એડવર્ટાઇઝમેન્ટમાં નિયમિત જોવા મળતી અભિનેત્રીને આજની તારીખમાં પણ મહત્ત્વ ધરાવતા રોલ ઓફર થાય છે. રિયલ લાઈફના બનાવ - ઘટના તેમ જ સામાજિક મુદ્દા કેન્દ્રમાં રાખી ફિલ્મો બનાવવા માટે જાણીતી મેઘના ગુલઝારની 'દાયરા' નામની ફિલ્મમાં કરિના કપૂર હીરોઈન છે અને હીરો છે સાઉથનો સ્ટાર પૃથ્વીરાજ સુકુમારન. સાંપ્રત સમાજની વાસ્તવિકતા અને આ સમાજમાં રહેતા લોકોની માનસિકતા, એમના વ્યવહાર પર પ્રકાશ ફેંકતી આ ફિલ્મ ક્રાઈમ થ્રિલર છે. મેઘનાની ફિલ્મ હોવાથી કરીના મહત્ત્વના રોલમાં હશે એવું ખાતરીપૂર્વક કહી શકાય. આ સિવાય ઓટીટી પ્લેટફોર્મ પર એક ફિલ્મ અને એક વેબ સિરીઝ માટે પણ એની વાતચીત ચાલુ છે, સત્તાવાર જાહેરાત નથી થઈ. કરિયરની સિલ્વર જ્યુબિલી નિમિત્તે આપેલા એક ઈન્ટરવ્યૂમાં કરીનાએ અભિનય સફર વિશે કરેલી વાત કરીનાનો સાચો પરિચય આપે છે, જેમ કે...

વૈવિધ્યપૂર્ણ પાત્રો સાકાર કરવાની મને જે તક મળે છે એમાંથી મળતો આનંદ અવર્ણનીય છે. શ્રેષ્ઠ અભિનયથી પાત્રમાં ઢળી એને પ્રભાવીપણે સાકાર કરવાથી સૌથી વધુ આનંદ મળે છે. કોઈ પણ એક્ટરના કૌશલ્યનો માપદંડ સોશિયલ મીડિયા પર એને કેટલી લાઈક્સ મળે છે કે કેટલી વાર એને રેડ કાર્પેટ પર ચાલવાની તક મળી છે એ નથી, પણ કેમેરા ચાલુ થતા જ એક્ટર પાત્રને કેટલું જીવંત , કેટલું અસરકારક બનાવી શકે છે એ છે. કરિનાને પૂજા, ગીતની સાથે સાથે ચમેલી, ડોલી મિશ્રા (ઓમકારા) ઉપરાંત 'જાને જાન'ની માયા ડિસોઝા કે પછી 'ધ બકિંગહેમ મર્ડર્સ'ની ડિટેક્ટિવ જસ્મિત તરીકે પણ ઓળખવી જોઈએ એ તરફ એનો આ ઈશારો છે. 'એક્ટર તરીકે સતત નવા પડકારોનો સામનો કરવાની તક મળે એવી મારી કોશિશ છે.' કરિનાનું કહેવું છે, 'લોકોને પૂ (પૂજા) કે ગીત ભલે વધુ સ્મરણમાં રહી ગયા હોય, મને તો એવાં પાત્રો ભજવવાથી સંતોષ મળે છે, જેમાં મને કશુંક નવું કરવાની, નવેસરથી અભિનયનો એકડો ઘૂંટવાની તક મળે. પાત્રનું બાહ્ય સ્વરૂપ, એની વાણી અને એના ચિત્તતંત્રમાં વૈવિધ્ય હોય એવા રોલ ભજવવા મળે તો જ કામ કરવું છે. મેં દરેક પ્રકારના રોલ કરી લીધા, હવે નવું કશું કરવાનું બાકી નથી રહેતું એવી લાગણીનો અનુભવ મને ક્યારેય નહીં થાય. કરેલા કામથી સંતોષ ન થવો જોઈએ.'

જોકે, ફિલ્મની પસંદગી કરવામાં કરિના કપૂરે થાપ પણ ખાધી છે. એણે નકારેલી કેટલીક ફિલ્મના નામ જાણ્યા પછી 'અરે કરિના, તુને યે ક્યા કિયા' એવી પ્રતિક્રિયા તમારા મોંમાંથી સરી પડે તો નવાઈ નહીં લાગે. કરિનાએ ના પડી હતી એમાંની સાત ફિલ્મ બોક્સ ઓફિસ પર બ્લોકબસ્ટર સાબિત તો થઈ જ, હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની નોંધપાત્ર ફિલ્મોમાં એની ગણના થાય છે. સંજય લીલા ભણસાલીની 'હમ દિલ દે ચુકે સનમ'માં નંદિનીના રોલ માટે કરિનાએ ના પાડી અને ઐશ્વર્યાને એનો બહુ લાભ થયો. રિતિકની ડેબ્યુ ફિલ્મ 'કહો ના... પ્યાર હૈ' માટે ના પાડી અને એક બ્લોકબસ્ટરમાં કામ કરવાની તક ગુમાવી. ભણસાલીની જ 'બ્લેક' માટે નનૈયો ભણ્યો અને રાની મુખરજીના માનપાન વધી ગયા. મધુર ભંડારકરની 'ફેશન' નકારી અને પ્રિયંકા ચોપડા 'નેશનલ એવોર્ડ' મેળવી ગઈ. 'ગોલિયોં કી રાસલીલા - રામલીલા'માં ના પાડી સંજય લીલા ભણસાલી સાથે નકારની હેટ - ટ્રીક કરી. દીપિકાએ તક ઝડપી લીધી. એ જ રીતે 'ચેન્નઈ એક્સપ્રેસ' અને કંગના રનૌટની કારકિર્દીને વેગ આપનારી 'ક્વીન' પણ કરિનાએ ઠુકરાવી હતી.

બીજી તરફ, ૨૦૨૫નું વર્ષ કરિનાના અંગત જીવનમાં બહોત ખુશી, બહોત ગમ લાવનારું રહ્યું છે. આ વર્ષના પ્રારંભમાં જ અજાણી વ્યક્તિએ ઘરમાં ઘૂસી સૈફ અલી ખાન પર ચાકુથી હુમલો કર્યો હતો. સદનસીબે સૈફ એમાંથી હેમખેમ ઉગરી ગયો. એ દુર્ઘટનાની શારીરિક પીડામાંથી તો સૈફ મુક્ત થઈ ગયો, પણ ચિત્ત પર પડેલા ઉઝરડામાંથી સાજા થવું આસાન નહોતું. જોકે, ૧૯૮૮માં વિખુટા પડી ગયેલાં મમ્મી - પપ્પા, બબીતા - રણધીર કપૂરે ૩૭ વર્ષ પછી શેષ જીવન એકમેકના સાંનિધ્યમાં પસાર કરવાનો લીધેલો નિર્ણય કરિના માટે ગ્રેટ ન્યૂઝથી કમ તો નથી જ. સૈફ પર થયેલા હુમલાને કારણે ચિત્ત પર પડેલા ઉઝરડાને મિટાવી દેવાનું કામ આ રિયુનિયન કરી શકવાની તાકાત ધરાવે છે. ૪૪ વર્ષની કરિનાની અડધી જિંદગી કેમેરા સામે અભિનય કરવામાં પસાર થઈ છે. એક સમયે વર્ષેદાડે ચાર - પાંચ ફિલ્મ કરતી કરિના હવે 'ઓછું પણ અર્થપૂર્ણ કામ કરવું' એ મંત્ર સાથે આગળ વધવા માગે છે. ■

## સ્ટાર-યાર-કલાકાર
સંજય છેલ

# બરસાતમેં તાક ધીના ધિન...!
## ફિલ્મી વરસાદના ભીના ભીના કિસ્સાની ભીતર...

*'ઓ સજના બરખા બહાર આયી, રસ કી ફુહાર લાયી, અખિયોં મેં પ્યાર લાયી'...* બિમલ રોયની ફિલ્મ 'પરખ'નું સલીલ ચૌધરીએ રચેલું સદાબહાર વરસાદી ગીત જેમણે મૂળ બંગાળીમાં ('ના જેઓના, રોજોની એખોનો..') લતાજીનાં અવાજમાં ના સાંભળ્યું હોય એમની હાલત ધોધમાર વરસાદમાં પણ અડધા જ ભીના થયા જેવી છે. (તપાસો : યુટ્યૂબ)

કુદરત પણ કેવી કમાલ કરામત કરે છેને? આખી ધરતીને લીલી ચૂંદડી ઓઢાડતા વરસાદનો પોતાનો કોઈ રંગ નથી માટે જ બ્લેક એન્ડ વ્હાઈટના જમાનાના આવાં ગીતોના ફિલ્મોમાં વરસાદ પોતે જ વાર્તાનું એક પાત્ર બની જતું હતું.

એવી જ એક સત્યજીત રેની બ્લેક ઍન્ડ વ્હાઇટ ફિલ્મમાં વરસાદના આગમન માટે એક ટાલિયાના માથા પર વરસાદનું પહેલું ટીપું દેખાડીને રેસાહેબે સુંદર શોટ કલ્પેલો. ફિલ્મોમાં ગીતોમાં રોમાન્સ અને એમાંયે વરસાદી ગીતોના રોમાન્સ વિના હિંદી ફિલ્મો સૂક્કા રણ જેવી લાગે.

તમને ખબર છે ૧૯૭૦-૮૦ની આસપાસ રાજ કપૂર, મનોજ કુમાર કે શકિત સામંતા જેવા નિર્માતા-નિર્દેશકો એમની ફિલ્મોમાં વરસાદની સિચ્યુએશન વાપરવા માટે એટલા બધા વખણાયા કે વગોવાયા હતા કે ત્યારે વરસાદ માટે ફિલ્મલાઇનમાં એક જોક બહુ ફેમસ હતો-

જેવો કોઈ ફિલ્મ લેખક ફિલ્મની વાર્તા સંભળાવે કે 'હીરો આતા હે.. સાથમેં બાદલ ભી હૈ..'

લેખક બસ માત્ર આ 'બાદલ' શબ્દ બોલે કે તરત જ નિર્દેશક- નિર્માતા કથા આગળ સાંભળ્યા વિના જ પ્રોડક્શન મેનેજરને તરત ઓર્ડર આપે કે 'સૂના? કહાની મેં બાદલ ઔર બારીશ હૈ. તો જાઓ જલદી નકલી બારીશ કા મશીન બુક કરાવો.' ત્યારે લેખક બિચારો એમને રોકીને સમજાવે કે, 'સર સર, કહાનીમેં બારીશ બિલકુલ નહિ હૈ. મૈને જો 'બાદલ' કહા વો તો ઘોડે કા નામ હૈ!'



'બરસાત'માં રાજ-નરગીસ


'મોહરા'માં રવીના – અક્ષય

ખેર. ફિલ્મોમાં ક્યારેય સાચો વરસાદ નથી વપરાતો. તમને જાણીને નવાઈ લાગશે કે વરસાદના ગીતો ભાગ્યે જ વરસાદમાં શૂટ થાય છે. વરસાદના દૃશ્ય કે સોંગનું શૂટિંગ સ્ટુડિઓના સેટ પર હોય કે પછી બહાર ખુલ્લામાં હોય પણ ત્યાં નકલી વરસાદ ઊભો કરવા માટે હંમેશાં એક રે(ઈ)ન મશીન મંગાવવામાં આવે છે. દસ-બાર પાણીના પાઈપ એક લાંબા સળિયા પર બાંધ્યા હોય, એના ઉપર ફુવારા જેવી જાળી, એ પાઈપ ને ૧૫-૨૦ ફૂટ સુધી ઉપર લઇને એમાં પંપ દ્વારા પાણી ધકેલાય અને એકસાથે એ બધા ફુવારાથી વરસતી જળધારાથી વરસાદની ઈફેક્ટ ઊભી થાય.

શૂટિંગ સમયે ભલે સાચો વરસાદ આવતો હોય તોય એ વરસાદને બાજુએ મૂકીને આવા નકલી રેન મશીનથી જ કામ ચલાવવું પડે છે. કેમ? એવો સવાલ જરૂર થશે.

સમજાવું. સાચા વરસાદનો ભરોસો નહિં ગમે ત્યારે અટકી જાય તો શૂટિંગ અટકી જાય અને વળી સાચા વરસાદનો ફોર્સ પણ એક સરખો ના હોય. સાચો વરસાદ તો સુપરસ્ટાર જેવો હોય ને? એનો મૂડ હોય ત્યારે જ આવે એટલે સતત એકધારો વરસાદ થતો દેખાડવા માટે રેન મશીન શૂટિંગમાં જોઈએ જ અને ઘણીવાર આવા વરસાદી સોંગના શૂટિંગમાં ભીના સેટ પર પલળેલા શરીરે વરસાદની ઈફેક્ટ આપતા ટેક્નિશિયનોને વીજળીના ઝટકાથી મોતનો સામનો કરવો પડે છે. થોડાં જ વર્ષ પહેલાં અવતાર ગીલ નામના ચરિત્ર અભિનેતાનો નાનો ભાઈ ગોવિંદાની એક ફિલ્મના શૂટિંગમાં પાણીની ટાંકી ફાટવાથી વીજળીનો આંચકો ખાઈને મૃત્યુ પામેલો.


કૃત્રિમ વરસાદનું મશીન

ફિલ્મી વરસાદ સાથે આંધી કે તોફાન દેખાડવા માટે એક મોટો પંખો વાપરવામાં આવે છે, જેને ફિલ્મી ભાષામાં 'તૂફાન ફેન' કહેવાય છે. એ પંખો જેવો ચાલુ થાય કે ભયંકર પવનના સુસવાટા ઊભા થાય. એની આગળ સૂકા પાંદડા વગેરે વહાવીને આંધીનું દ્રશ્ય ઊભું કરવામાં આવે છે, પણ આ તૂફાન ફેન ચલાવવામાં ખૂબ ખતરનાક હોય છે. એની બ્લેડમાં ફસાઈને અનેક કારીગરોના હાથ કપાયા છે અને ઘણી વાર તો વાળ ફસાઈ જવાથી ખોપરીના ફૂરચા પણ ઊડ્યા છે!

રોમાન્સ કરતા હીરો હીરોઈનોને વરસાદમાં ભીંજાતા જોઇને પોતાની ભીની ભીની ઈચ્છાઓને માણવા બેઠેલા પ્રેક્ષકોને વરસાદી શૂટિંગની આ કરુણ બાજુનો ભાગ્યે જ ખ્યાલ હોય છે એટલે જ વરસાદના ગીતોમાં ડાન્સ કરનારા ડાન્સરો અને એક્સ્ટ્રા કલાકારો ભીંજાવા માટે અલગ ખાસ પૈસા લે છે!

વરસાદમાં નાચગાઇને લોકોનું મનોરંજન કરતા કલાકારો પર શું વીતે છે એ સાંભળીને વરસાદી ગીતો જોવાનો નજરીયો બદલાઇ જશે. જેમકે...

૧૯૯૫ની અક્ષયકુમારની 'મહોરા' ફિલ્મમાં આપણા ગુજ્જુ સંગીતકાર વીજુ શાહનું ગીત 'ટીપ ટીપ બરસા પાની' પણ ઘણા લોકોનું આજેય ઓલ ટાઈમ ફેવરિટ છે...પણ એ ગીતના શૂટિંગમાં રવીના ટંડન જયારે કેસરી સાડીમાં નાચી રહી હતી ત્યારે એને હકીકતમાં ૧૦૪ ડિગ્રી તાવ હતો...એ જ રીતે જીતેન્દ્ર અને મૌસમી નું ગીત 'મેઘા રે મેઘા રે મત પરદેસ જારે', યાદ છે? એ વખતે જીતેન્દ્ર ને ૧૦૨ ડિગ્રી તાવ હતો, કારણ કે સતત અલગ અલગ ૩ સેટ પર એ વરસાદનાં ગીત શૂટ કરવામાં બિઝી હતો! એવી જ રીતે, મનોજ કુમારની 'ક્રાંતિ' ફિલ્મમાં હેમા માલિનીની હાલત વરસાદી ગીત 'ઝીંદગી કી ના તૂટે લડી' વખતે ખૂબ કફોડી હતી. હેમાજી એ વખતે પ્રેગ્નન્ટ હતાં ... હીરોઈન એશા દેઓલ ત્યારે હેમાજીનાં ગર્ભમાં હતી અને તોયે હેમાજીએ રેનસોન્ગનું શૂટિંગ સતત બે દિવસ કરેલું!

વરસાદના ગીતો પાછળ આવી કઈ કેટલી તરબતર કહાનીઓ પડી છે, પણ એક વાત નક્કી કે હિન્દી ફિલ્મો ના હોત તો આપણ ને વરસાદ આટલો ક્યારેય ના ભીંજવી શકત. જે પણ હોય, ફિલ્મોએ આપણને ખૂબ ભીંજવ્યા છે અને આપણી અંદરનો રોમાન્સ સદાયે ભીનો રાખ્યો છે.

એકવાર અમેરિકન પ્રેસિડેંટ બિલ ક્લિન્ટનનાં પત્ની હિલેરી ક્લિન્ટન વિદેશ સફરે ગયેલા અને અચાનક વરસાદ આવ્યો. એ ગાડીમાંથી ઉતરીને ચાલવા માંડ્યા. એમણે આસપાસના બોડીગાર્ડોને કહ્યું, 'તમે લોકો ચિંતા નહિ કરો મને પહેલાં વરસાદમાં બસ રખડવા દો.' હિલેરીની પાછળ સ્ટાફનો અને ગાડીઓનો આખો કાફલો ચાલતો રહ્યો. ઘણીવાર આપણે પણ એ સરકારી ગાડીઓમાં બેઠેલા બોરિંગ નોકરિયાતો જેવા બની જઈએ છીએ. વરસાદ આપણી પાસે જ છે, આસપાસ જ છે પણ આપણી અંદર નથી અને એટલે જ આપણે ભીંજાવું નથી...માટે જ કોઈક વાર આપણે આપણી ઈસ્ત્રી-ટાઈટ જિંદગીમાંથી બહાર નીકળીને બિન્ધાસ્ત ખુલ્લામાં જઈને પેલા રાજ કપૂરની જેમ નાચતા નાચતા ગાવું જોઈએ :

*હો બરસાતમેં તાક ધીના ધિન..!* ■



## સાત્વિકમ્ શિવમ્
અરવિંદ વેકરિયા

# ખરાબ સમય ઝાઝો ટકતો નથી... હા, આપણે પકડી રાખીએ એ જુદી વાત છે!

મેં રજનીકુમાર પંડ્યાનો આભાર માન્યો પછી જાણીતા દૈનિક ગુજરાતી અખબારના તંત્રીને મળવા નીકળી ગયો. આ તંત્રી પણ સેન્સર બોર્ડની પેનલનાં અગ્રણી હતા. રજનીકુમાર એમને ફોન કરી અમારા પ્રમાણપત્ર માટે ભલામણ કરવાનાં હતાં એવું એમણે કહ્યું હતું. તાકીદ પણ કરેલી કે માગો એટલુ કદાચ નહીં મળે પણ લાયક હશો એટલું મળશે. ફોન કરી એમણે અમારી 'લાયકાત' વિષે શું કહ્યું હશે એ પ્રશ્નાર્થ તો એ તંત્રીને મળીશ ત્યારે ઉકેલાશે. મને કલાકારો માટે, સાથે મને પણ શો વધે એમાં રસ હોય એ સ્વાભાવિક છે. બાકી ડોલરની જેમ હું પણ જે થવાનું હોય તે થશે કહી આ રઝળપાટ પડતી મૂકી શકું. દુઃખ દીવાલોનું છે, બાકી ખુલ્લામાં રહો તો ધરતીકંપ પણ હચમચાવી નથી શકતો.

મારી આ વાતમાં બે અગ્રણી ગુજરાતી દૈનિક અખબારનો ઉલ્લેખ આવશે, એનાં નામ આપવાનું ટાળ્યું છે. વાચક સમજદાર છે, કદાચ સમજી જ જશે.

હું એ તંત્રીની ઓફિસમાં પહોંચ્યો. પાંચેક મિનિટ પછી મને કેબિનમાં બોલાવ્યો. 'આવો અરવિંદભાઈ..બેસો!' મને પ્રેમથી આવકાર્યો. શો પછી બધા સભ્યો, ખાસ તો જોસેફ મેકવાન સાથે બધા અંદર મળવા આવેલા ત્યારે આ તંત્રી-મુરબ્બી પણ હતા એટલે બંને એકબીજાને ઓળખી ગયા. એમના આવકાર પરથી લાગ્યું કે રજનીભાઈનો ફોન આવી ગયો હશે. ત્યાંજ એ બોલ્યા, 'હમણાં જ રજનીકુમાર પંડ્યાનો ફોન હતો. તમારે માટે તો બકુલ ત્રિપાઠીએ પણ કહ્યું.'

હું માત્ર 'અચ્છા'થી વધુ ન બોલી શક્યો.

'મારા હિસાબે કલાને કલાની રીતે આવકારવી જોઈએ એવું હું માનું છું. માત્ર હું જ નહીં, અમે સંકળાયેલાં દરેક સભ્યો.... '

વાત વધુ અરુચિકર લાગે એટલે પછી 'કલા' પ્રત્યે પૂરતી રુચી હોવા છતાં એમાં આવતી અરુચિકર વાત અમને એલર્ટ કરી દે છે. ત્યારે અમને નિર્માતા, સંકળાયેલ કલાકારો નથી દેખાતા. સમાજ ઉપર આ રજૂઆતની શું અસર? એવા સવાલ મગજ પર અથડાયા કરે છે. સમાજ સામે ખોટી રજૂઆત ન જ થવી જોઈએ. એ જોવાની જવાબદારી અમને સોંપાણી છે ને! સમાજ સાથેનાં સંબંધો 'સોલિડ' રહેવા જોઈએ. 'અમે હિસાબમાં કાચા છીએ એવું નથી, પણ સંબંધમાં ગણતરી સારી ન લાગે માટે એ સંબંધ સાચવી રાખવા અમે મક્કમ છીએ.'

એ વડીલ તંત્રી પછી થોડો શ્વાસ ખાવા રોકાયા, પણ મારો શ્વાસ અધ્ધર થઈ ગયો હતો.

'લાયક હશો એટલું મળશે...' થયું : એટલો પણ લાયક નહીં હોઉં કે કઈ નહીં મળે?

'અરવિંદભાઈ, હવે હું આ નાટકમાં 'કટ્સ' કરવા બેસું તો અડધું નાટક 'કટ' થઇ જાય એવી પરિસ્થિતિ છે. હું 'કલા'માં માનું છું પણ મજબૂર છું. ચોખ્ખી વાત કહી દઉં કે ધોતિયા નીચે બધા નાગા જ હોય છે પણ જવાબદારી આખી જુદી વસ્તુ છે.'

હું અવાક બની માત્ર સાંભળતો રહ્યો. મને કહે, 'શક્ય હોય તો જેટલું કપાય એટલું રુચિકર લખી નાટકનું ડ્યુરેશન બેલેન્સ કરી લો.....ઓફ ધી રેકોર્ડ કહું તો નાટકમાં અમે બધા જ દિલ ખોલીને ખડખડાટ હસ્યા છીએ. પ્રેક્ષકો ફેમિલી સાથે આવ્યા હોય એ 'ખોટા હસે' નહીં એને બ્રેક લગાવવા અમારી નિમણૂક થઈ છે. જુઓ, ખરાબ સમય ઝાઝો ટકતો નથી આપણે પકડી રાખીએ એ જુદી વાત છે એટલે મેં કહ્યું એ સૂચન અમલમાં મુકો.'

મેં કહ્યું, 'બીજો કોઈ રસ્તો નથી?' 'જેટલા કટ્સ આપીએ એટલું શિષ્ટ ભાષામાં વધારી, વધારે શો પરફોર્મ કરવાનું પ્રમાણપત્ર મેળવી લો.' મેં પૂછ્યું 'જો એ શક્ય ન થયું તો...' 'દસ શોનું પ્રમાણપત્ર છે. થયા એટલાં બાદ કરો. હવે બોર્ડનાં સભ્યો રેન્ડમ ચેક કરવા આવશે જ કે તમે આપેલા કટ્સ ફોલો કરો છો કે નહીં!'

'ઠીક છે, તમે તમારો કિંમતી સમય અને સોનેરી સલાહ આપી એ બદલ આભાર.'

'આભાર ભગવાનનો... એ ગણ્યા વગર આપે છે અને આપણે છીએ કે એનું નામ ગણી ગણીને લઈએ છીએ' એમણે ફિલોસોફી ફટકારી.


'એકદમ સાચી વાત, થેંક યુ.' મેં કહ્યું અને થોડા દુઃખ સાથે મારા 'લાયક'નું લઈ હું નીકળી ગયો.

મેં આખી વાત અમારા લોકલ પી.આર.ઓ. તારકનાથ ગાંધીને કરી. મને કહે, 'એમણે કહ્યું એટલે ફાઈનલ. એમનાં નિર્ણયને બોર્ડના કોઈ સભ્ય ચેલેન્જ ન કરી શકે.'

'તો તો હવે બાકી રહેલા શો (૧૦ માંથી) પૂરા કરી ગુજરાત 'ઘમરોળવાનો' વિચાર મેડી ઉપર ચડાવી દેવાનો?' મેં પૂછ્યું.

'એક ચાન્સ લઇ જુઓ.' ગાંધી બોલ્યા. એમણે મને બીજા દૈનિકનું નામ આપ્યું. અમે રહેતા હતા એ હોટલની બાજુમાં એનું પ્રેસ હતું.

'એ તમને મદદ કરી શકે. તમે પેલા તંત્રીએ કહેલ બધી વાત કરો.'



'પણ જયારે પહેલા મળ્યો એ તંત્રી જ 'ફાઈનલ સિક્કો' મનાતો હોય તો આ બીજા અખબારના તંત્રી કઈ રીતે મદદ કરી શકે?' મેં સવાલ કર્યો.

'આ અતિ પહોંચેલ નમૂનો છે. બધાની રગ એના હાથમાં છે. રાજકીય વગ ધરાવે છે. એમને વાત કરો અને એ શું કહે છે એ જાણી લો. બહુ બહુ તો પહેલા તંત્રીની જેમ, 'ના' પાડશે, મારી તો નહીં નાખેને? હાથની રેખાઓની ખાસિયત જ આ છે, હોય છે આપણા હાથમાં પણ બીજાની સમજમાં આવતી હોય છે. તમે વાત કરો એ ચોક્કસ સમજી જશે.' તારકનાથ ગાંધી બોલ્યાં.

હું ગાંધીને જોઈ રહ્યો. એ બીજા તંત્રીને મળવા ચક્રો ગતિમાન કરવા માંડ્યો. એ તંત્રી પણ નાટકના જબરા શોખીન એટલે બીજા દિવસની એપોઇન્ટમેન્ટ તરત મળી ગઈ.

'બોલવામાં ધ્યાન રાખજો દાદુ. શું છે કે જ્યારે દિવસો સારા હોય ત્યારે સ્વાસ્થ્ય સાચવવું અને જ્યારે દિવસો ખરાબ હોય ત્યારે મગજ સાચવવું.' ગાંધી બોલ્યા.

હું બીજા તંત્રીને મળવાની માનસિક તૈયારીમાં લાગી ગયો.■

**ડબ્બલ રિચાર્જ**

*સાસુ-વહુનો ઝઘડો ચાલતો હતો. ત્યાં સસરાએ પૂછ્યું, 'શું થયું?' સાસુઃ 'તમે ટ્રમ્પ ના બનો, અમે અમારું ફોડી લઈશું.'*

# ગુજરાતના લોકલાડિલા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં ઉજવાયો 'મુંબઈ સમાચાર'નો ૨૦૪મો જન્મોત્સવ



**૧૬ ડૉક્ટરને મુંબઈ સમાચાર adani ધન્વંતરિ એવૉર્ડ**





'મુંબઈ સમાચાર'એ માત્ર સમાચારનું માધ્યમ નથી, પણ ભારતનો ઐતિહાસિક વારસો છે, 'મુંબઈ સમાચાર' ભારતનું દર્શન છે, અભિવ્યક્તિ છે, ભારત કઈ રીતે દરેક ઝંઝાવાતમાં અડીખમ રહ્યું હતું અને તેની ઝલક આપણને 'મુંબઈ સમાચાર'માં મળે છે, એવું 'મુંબઈ સમાચાર'ના ૨૦૪ સ્થાપના દિવસે ફુલ પેક થયેલા નહેરુ ઓડિટોરિયમ ખાતે લોકોને સંબોધતા ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

એશિયાના સૌથી જૂના અને દરેક દેશવાસીઓના ગૌરવ સમાન ગુજરાતી અખબાર 'મુંબઈ સમાચાર' ૧ જુલાઈ, ૨૦૨૫ના ૨૦૩ વર્ષ પૂરા કરીને ૨૦૪માં વર્ષમાં પ્રવેશ કર્યો હતો. અખબારના સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે મુંબઈના વરલી ખાતે આવેલા નહેરુ ઓડિટોરિયમ ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેને 'મુંબઈ સમાચાર'ના વાચકોએ પોતાની હાજરીથી ખોબલે ખોબલે પ્રેમ વરસાવીને સફળ બનાવ્યો હતો.



**ડૉ. અમિત વોરા**
MBBS, MD, DM, DNB (Cardiology)



**ડૉ. જગદીશ પરીખ**
MBBS, MD ·(Internal Medicine), DM (Cardiology)



**ડૉ. નિલેશ ડૉક્ટર**
MBBS, MS, DNB (General Surgery), MNAMS, FRCS



**ડૉ. સમ્રાટ શાહ**
MBBS, MD (Internal Medicine)



**ડૉ. જી પી રત્નપારખી**
MBBS, MD (Medicine), DM (Cardiology), FESC, FCSI, FSCAI



**ડૉ. સોનલ ચૌહાણ**
MBBS, MD, DMRE



**ડૉ. દિન્યાર દારૂવાલા**
MBBS, MD (Medicine), DM (Cardiology)



**ડૉ. મમતા મંગલાની**
MBBS, M.D.(Ped.), DCH, USMLE, FRCPCH



**ડૉ. વશિષ્ઠ મણિયાર**
MBBS, MD (Medicine), DM (Oncology)



**ડૉ. ભાસ્કર શાહ**
MBBS, MD Medicine, DM Cardiology



**ડૉ. હાર્દિક પરીખ**
MBBS, MS (Ophthalmology)



**ડૉ. જીવન જૈન**
MBBS



**ડૉ. કિશોર દવે**
MBBS, MD (Psychiatry), DPM



**ડૉ. શરદ શાહ**
MBBS, MD Homoeopathy



**ડૉ. બટુક ડિયોરા**
MBBS, MS (General Surgery), DNB (Neurosurgery)



**ડૉ. સિદ્ધાર્થ લાખાણી**
MBBS, MD, DM, DNB (Nephrology)

63 SATS Cybertech

સહ પ્રાયોજકઃ

MICL MAN INFRACONSTRUCTION LIMITED LIVE BETTER
NSE
DOSTI FRIENDS FOR LIFE
NEELYOG DREAMS TO REALITY
JJC NORTHEAST
Suru Kirlian
GAJRA Adorning Mother Earth ISO 9001:2015 CERTIFIED COMPANY 21+ years | 65+ projects | 5000+ happy families
Bunty's JINAL studio the creative people...
CORONA

# ૫૧ ગુજરાતી કૉફી ટેબલ બુકના વિમોચન સાથે ભૂમિ ત્રિવેદીના સૂરીલા ગીતોએ સજાવી મહેફીલ



'૫૧ ગુજરાતીઓ' કોફી ટેબલ બુકનું વિમોચન બાદ લોકો માટે આ બુક કાઉન્ટર પર રાખવામાં આવ્યું હતું. આ કોફી ટેબલ બુકનું સંપાદન નીલેશ દવેના નેતૃત્વ હેઠળ હેન્રી શાસ્ત્રી અને અનિલ રાવલના સહયોગે કરવામાં આવ્યું હતું, જેમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીથી લઈને અનેક ગુજરાતી વીરલાઓ કે જેઓ કંઈક અલગ કરી ચૂક્યા છે એમની ગૌરવ ગાથાનો સમાવેશ કરાયો છે. આ બુક 'મુંબઈ સમાચાર'ના ઓફિસમાંથી મેળવી શકાશે.

ઘાટકોપર પૂર્વના વિધાનસભ્ય પરાગ શાહે કાર્યક્રમમાં ખાસ હાજરી આપી હતી. પરાગભાઈ શાહ એક સફળ રાજકારણી હોવાની સાથે એક સફળ બિઝનેસમેન અને એનાથી પણ ઉમદા વ્યક્તિ છે. તેમની સેવાભાવી વૃત્તિઓના કારણે પરાગભાઈ ઘાટકોપરવાસીઓના દિલો પર રાજ કરી રહ્યા છે. પરાગભાઈ ઉપરાંત મુંબઈમાં વસતા ગુજરાતી સમાજના શ્રેષ્ઠીઓ પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. તંત્રી નીલેશ દવેએ 'મુંબઈ સમાચાર'ના કાર્યક્રમોના આયોજનમાં હંમેશ મદદ માટે તૈયાર રહેતા વિધાનસભ્ય પરાગ શાહ જેવા અગ્રણી નેતા અને બિરાદરોનો આભાર માન્યો હતો.




















'મુંબઈ સમાચાર' આયોજિત આ કાર્યક્રમને અદાણી જૂથ સહિત ૬૩ સાયબરટેક, એમઆઈસીએલ, દોસ્તી જૂથ, નીલયોગ, એનએસઈ, સુરુ કિરિલીન, ગજરા ગ્રૂપ જેજેસી નોર્થ ઈસ્ટ અને કોરોના હેલ્થનો સહયોગ સાંપડ્યો હતો. કાર્યક્રમના મુખ્ય અતિથિ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે ૧૬ ડૉક્ટરોને ધન્વંતરિ એવૉર્ડ-૨૦૨૫થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સિવાય આ પ્રસંગે ૫૧ ગુજરાતીની ગૌરવગાથાને આવરી લેતી કૉફી ટેબલ બુકનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું, જ્યારે બોલિવૂડ સિંગર ભૂમિ ત્રિવેદી અને તેમની ટીમના મધુર કંઠે ગવાયેલા ગીતોએ હાજર શ્રોતાઓને મનોરંજનનો રસથાળ પીરસ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત નિર્ધારિત સમયે સાંજે સાત વાગ્યે કાર્યક્રમનું સૂત્ર સંચાલન કરી રહેલાં મિલનભાઈ ત્રિવેદીના રમૂજથી છલકાતા પણ પહાડી અવાજથી થઈ હતી. વિઘ્નહર્તા દેવ ગણેશની વંદના સાથે શરૂ થયેલો આ કાર્યક્રમ ધીરે ધીરે આગળ ધપી રહ્યો હતો. 'મુંબઈ સમાચાર'ના તંત્રી શ્રી નીલેશ દવેએ માનનીય મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલને મંચ પર આમંત્રિત કર્યા અને શ્રોતાઓએ હર્ષોલ્લાસ અને તાળીઓના ગડગડાટ સાથે લોકલાડીલા મુખ્ય પ્રધાનને પોંખતા તેમને વધાવી લીધા હતા.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ મંચસ્થ થયા બાદ એલઈડી સ્ક્રિન પર પત્રકારત્વ અને એમાં ગુજરાતી પત્રકારત્વ ક્ષેત્રે 'મુંબઈ સમાચાર'ના ૧૮૨૨થી શરૂ થયેલી ૨૦૩ વર્ષની સફરની એક નાનકડી ઝલક દેખાડવામાં આવી હતી. ત્યાર બાદ તંત્રી નીલેશ દવેએ મોમેન્ટો અને શાલ ઓઢાડીને મુખ્ય પ્રધાનનું સન્માન કર્યું હતું.

પહેલી જુલાઈની ઉજવણી નેશનલ ડૉક્ટર્સ ડે તરીકે કરવામાં આવે છે અને દર વર્ષે સ્થાપના દિવસે કંઈક નવું કરીને નવો ચીલો ચાતરવાની પરંપરાને અનુસરીને આ વખતે પણ સમાજના કલ્યાણ માટે નિઃસ્વાર્થભાવે કામ કરતા ડૉક્ટર્સનું સન્માન કરીને જાળવી રાખી હતી. વિવિધ મેડિકલ ફેકલ્ટીના ૧૬ સેવાભાવી ડૉક્ટર્સનું મુખ્ય પ્રધાનના વરદહસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ એવૉર્ડમાં આયુર્વેદના જનક એવા ભગવાન ધન્વંતરિની ૧૫ ઇંચની મૂર્તિ અને તે ૨૫૦૦૦ના ચેકનો સમાવેશ થાય છે. એવૉર્ડ ફંક્શન બાદ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ૫૧ ગુજરાતીની ગૌરવગાથા જણાવતી કૉફી ટેબલ બુકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલે પોતાના વક્તવ્યની શરૂઆતમાં સૌ ડૉક્ટર્સને નેશનલ ડૉક્ટર્સ ડેની શુભકામનાઓ પાઠવી હતી અને 'મુંબઈ સમાચાર' પરિવારને પણ સ્થાપના દિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે પત્રકારત્વ, ગુજરતી ભાષા અને સમાજની સતત બે સદીથી વધુ સમય સેવા કરવાનું ગૌરવ ધરાવનાર આ અખબારે આજે ૨૦૩ વર્ષ પૂર્ણ કર્યા અને ૨૦૪માં વર્ષમાં મંગળ પ્રવેશ કરી રહ્યું છે ત્યારે હું સમગ્ર 'મુંબઈ સમાચાર' પરિવારને શુભેચ્છા પાઠવું છું.

વધુમાં તેમણે એવું પણ જણાવ્યું હતું કે સતત બદલાતા સમય સાથે પણ 'મુંબઈ સમાચાર' પરંપરાને જાળવીને પરિવર્તન અને પ્રગતિના માર્ગે આગળ વધીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિરાસતથી વિકાસના મંત્રને આત્મસાત કર્યું છે. ૨૦૦ વર્ષથી 'મુંબઈ સમાચાર'ની માલિકી પારસી પરિવારોમાં રહી છે અને તેમની આગેવાની હેઠળ ગુજરાતી ભાષાનું અખબાર ૨૦૩ વર્ષ પૂરા કરે એ ખરેખર અનુમોદનીય છે. બે સદીની આ સફરમાં સંસ્થાના વ્યવસ્થાપકો, તંત્રીઓ અને કર્મચારીઓ બદલાયા, પણ જ્યાં પારસીઓ હોય ત્યાં વિરાસત અને વિકાસનો ઈતિહાસ રચાય છે. 'સ'ખાવત અને 'સ'હાય એ પારસી સમાજની ખાસિયત છે અને હવે તેમાં વધુ એક 'સ' જોડાયો છે અને આ સ છે સ 'સ'ન્માનનો સ.

પોતાના સ્થાપના દિવસે એક અખબાર સમાજસેવકોના સન્માનમાં કાર્યક્રમ યોજે એ પોતાનામાં જ એક મોટી વાત છે. ૨૦૩ વર્ષ પૂરા કરવા એ કોઈ નાનીસૂની વાત નથી અને ચોક્કસપણે ગૌરવ લેવા જેવી વાત છે. આપણા પોતાના કાર્યકાળ અને જીવનમાં અનેક ઉતાર-ચઢાવ આવતા હોય છે. આવી સ્થિતિમાં ૨૦૩ વર્ષ સુધી તમામ પડકારોનો સામનો કરીને ટકી રહેવું એ ખુબ જ મોટી વાત છે. આ અખબાર શરૂ થયું ત્યારે દેશ ગુલામીની જંજીરોમાં જકડાયેલો હતો. બ્રિટિશરોના શાસનમાં ગુજરાતી જેવી પ્રાદેશિક ભાષામાં અખબાર ચલાવવાનો પડકાર પણ હતો. 'મુંબઈ સમાચારે' એ સમયમાં ગુજરાતી ભાષામાં પત્રકારત્વનો વ્યાપ વધાર્યો હતો.

ભવિષ્યમાં ભારતના વિકાસ સાથે 'મુંબઈ સમાચાર'ની વાત કરતા તેમણે કહ્યું 'મુંબઈ સમચાર' એ માત્ર એક સમાચારનું માધ્યમ નથી, પણ ભારતનો ઐતિહાસિક વારસો છે, 'મુંબઈ સમાચાર' ભારતનું દર્શન છે, અભિવ્યક્તિ છે, ભારત કઈ રીતે દરેક ઝંઝાવાતમાં અડીખમ રહ્યું હતું અને તેની ઝલક આપણને 'મુંબઈ સમાચાર'માં મળે છે.

વડા પ્રધાન મોદીએ વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો નિર્ધાર કર્યો છે, દેશની આઝાદીના શતાબ્દી વર્ષમાં 'મુંબઈ સમાચાર' પણ સવા બસો વર્ષ પૂર્ણ કરશે. સકારાત્મક પત્રકારત્વ સાથે 'મુંબઈ સમાચાર' વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપતું રહેશે એવી મને શ્રદ્ધા છે.

દર વર્ષે પહેલી જુલાઈ સ્થાપના દિવસ નિમિત્તે અત્યાર સુધી યોજાયેલા કાર્યક્રમોમાં શહીદ જવાનોના પરિવારનું સન્માન, પેરામિલિટરી જવાનોનું સન્માન, હૉસ્પિટલમાં કામ કરતી દાયણ બહેનોનું સન્માન, ટ્રાફિક પોલીસના જવાનોનું સન્માન, સફાઈ કામદારોનું સન્માન જેવા વિવધ ક્ષેત્રમાં મહત્ત્વનું યોગદાન આપનાર વ્યક્તિઓનું સન્માન કરવાની 'મુંબઈ સમાચાર'ની પહેલને મુખ્ય પ્રધાન પટેલે બિરદાવી અને ભવિષ્યમાં પણ આવા જ સત્કાર્ય કરતાં રહેવા માટે શુભેચ્છા પાઠવી હતી. મુખ્ય પ્રધાને વધુમાં એમ પણ જણાવ્યું હતું કે, આજે નેશનલ ડોક્ટર્સ ડેના દિવસે 'મુંબઈ સમાચાર'એ આધુનિક ધન્વંતરિ ગણાતા ૧૬ ડોક્ટર્સનું સન્માન કરીને સોનામાં સુગંધ ભળે એવું કાર્ય કર્યું છે. હું સન્માનિત સૌ ડોક્ટર મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છે.

ગુજરાતીઓની સાહસ અને સિદ્ધિઓને બિરદાવતાં તેમણે કહ્યું આપણે બધાએ ગુજરાતી હોવાનું ગૌરવ તો હોવું જ જોઈએ અને આપણા બધા માટે આ સોનેરી સમય ચાલી રહ્યો છે. આનાથી વધુ અચ્છે દિન ક્યારે આવશે. આપણા આખી દુનિયામાં ગુજરાત અને ગુજરાતીનો ડંકો વાગે છે અને આ બધું આભારી છે આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના કારણે જેમણે ગુજરાતને ગ્લોબલ લેવલ પર એક આગવી ઓળખ અપાવી છે. આ સાથે મુખ્ય પ્રધાને દેશ વિકાસ માટે વડા પ્રધાન મોદીના વિઝન વિષે લોકોને જણાવ્યું, ખાસ કરીને તેમણે વડા પ્રધાન મોદીએ ગુજરાત માટે કરેલા વિકાસ કર્યાનો ઉલ્લેખ કર્યો હતો.

મુખ્ય પ્રધાનના ભાષણ બાદ તંત્રી નીલેશ દવેએ આભારવિધિ કરી હતી. તેમણે પોતાના વ્યસ્ત શેડ્યૂલમાંથી આ કાર્યક્રમમાં પધારવા આમંત્રણ સ્વીકારવા બદલ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈનો આભાર માન્યો હતો. પારસી હોવા છતાં કામા પરિવારે કરેલી ગુજરાતી ભાષાની સેવાને તંત્રી શ્રી નીલેશ દવેએ બિરદાવી. ગુજરાતી ભાષાની સેવા કરવાની તક આપવા બદલ તંત્રી નીલેશભાઈએ કામા પરિવાર પ્રત્યે આદર સાથે આભાર વ્યક્ત કર્યો હતો.

(તમામ તસવીરોઃ જયપ્રકાશ કેળકર, અમય ખરાડે)











સુપ્રસિદ્ધ ગાયિકા ભૂમિ ત્રિવેદી અને તેની ટીમે સંગીતનો જાદુ પાથર્યો હતો, જેના પર સૌનાં હૈયાં ઝૂમી ઊઠ્યાં હતાં. ભૂમિ ત્રિવેદીએ ફિલ્મ રામ-લીલા, હેલારો સહિત અને જાણીતા ગીતો રજૂ કર્યા હતા. ભૂમિ ત્રિવેદીએ દોઢ કલાક સુધી હિન્દી અને ગુજરાતી ગીતો ગાઈને લોકોને ભાવવિભોર કરી દીધા હતા. ભૂમિના ગીતો સાંભળીને ઓડિયન્સ સ્ટેજ પર આવીને ગરબા ઘૂમ્યા હતા. કોઈ પણ કાર્યક્રમને સફળ બનાવવાની જવાબદારી ઓડિયન્સની હોય છે અને 'મુંબઈ સમાચાર'ના કાર્યક્રમમાં આ વખતે પણ વાચકો બહોળી સંખ્યામાં હાજર રહીને કાર્યક્રમને ચાર ચાંદ લગાવ્યા હતા.






# અધૂરી થીગડાં મારેલી ફિલ્મો!

મહેશ નાણાવટી

વાત ૧૯૭૯ની છે. એનઆઈડીની એક ટીમ મુંબઈની આઈઆઈટી ઉપર એક ડોક્યુમેન્ટ્રી ફિલ્મ બનાવવા માટે મુંબઈમાં આવી છે. એક સાંજે પવઈના આઈઆઈટી કેમ્પસમાં શૂટિંગ વહેલું પતી ગયું હોવાથી એમણે એકાદ ફિલ્મ જોવા જવાનું નક્કી કર્યું.

ટેક્સી લઈને ટીમવાળા એક થિયેટર પાસે પહોંચે છે અને ટીમમાં આસિસ્ટન્ટ તરીકે જોડાયેલા એનઆઈડીના સ્ટુડન્ટને પૈસા આપીને કહે છે, 'આ ફિલ્મની ચાર ટિકિટો લઈ લો!'

સ્ટુડન્ટ ગુંચવાયો છે. 'સર, આ ફિલ્મ? આ તો બહુ વાહિયાત પિકચર લાગે છે!' હાસ્તો? વાત જરાય ખોટી નહોતી. ફિલ્મનું નામ હતું 'સરકારી મહેમાન' (તમે પણ નથી સાંભળ્યું ને, આ નામ?) થિયેટર ઉપર જે બેનર લાગ્યું હતું એ જોઈને જ લાગતું હતું કે આ કોઈ ફાલતુ ટાઈપનું પિકચર છે.

એ ફિલ્મમાં વિનોદ ખન્ના અને અમજદ ખાન હતા એ સાચું, પણ એ સમયે વિનોદ ખન્ના પેલા પ્રખ્યાત ગુરુ રજનીશજીના પ્રભાવમાં આવીને, 'સંન્યાસી' બનવા માટે અમેરિકાના ઓરેગન રાઉન ખાતે આવેલા ભવ્ય આશ્રમમાં જતા રહ્યા હતા!

એટલું જ નહીં, હિન્દી ફિલ્મો જોનારા જાણતા હતા કે વિનોદ ખન્ના અચાનક એ રીતે 'ગુડબાય' કરીને જતો રહ્યો હતો કે અમુક ફિલ્મોનાં શૂટિંગો રઝળી પડ્યાં હતાં. આ 'સરકારી મહેમાન' એમાંની જ એક 'રઝળેલી' ફિલ્મ હતી!

'સર, આ મુવી શા માટે જોવી છે?' એવા સવાલના જવાબમાં એમઆઈડીનો બે ફેકલ્ટી મેમ્બરે કહ્યું કે 'આમાં 'એડિટિંગ'નું કામ જોવાનું છે!'

જી હા, જે ફિલ્મનો હીરો જ વચ્ચેથી ગાયબ થઈ ગયો હોય તેવી અડધી પડધી ફિલ્મને 'સાંધા જોડીને' જોવાલાયક શી રીતે બનાવવી? એ કરામત એ સમયના જાણીતા એડિટર 'આઈ એમ કુન્નુ'ની હતી!


બેશક ફિલ્મમાં લોચા-લાપસી હતા... છતાં વિનોદ ખન્નાની 'પીઠ' બતાડીને (યાને કે ડુપ્લિકેટ એક્ટરનો ઉપયોગ કરીને) અથવા વારંવાર વિનોદ ખન્ના 'સાંભળી રહ્યો છે' એવો ક્લોઝ-અપ વચ્ચે વચ્ચે મૂકીને આખી સ્ટોરી (જેમ તેમ કરીને) પૂરી તો કરી હતી!


જ્યારે કોઈ મુખ્ય કલાકાર આ રીતે ગાયબ થઈ જાય અથવા મૃત્યુ પામે ત્યારે બિચારો પ્રોડ્યુસર બહુ ખરાબ રીતે ફસાઈ જતો હોય છે. ન તો એ ફિલ્મને પૂરી કરી શકે કે ન તો બીજા એક્ટરને લઈને બધું એકડે એકથી શૂટિંગ કરી શકે. આવે વખતે આઈ એમ કુન્નુ જેવા એડિટરોનો કસબ કામમાં આવે, જેથી બિચારો પ્રોડ્યુસર પોતાના થોડા ઘણાં પૈસા પાછા કાઢી શકે.

૧૯૮૬માં રિલીઝ થયેલી 'લવ એન્ડ ગોડ' ફિલ્મનો તો કિસ્સો બહુ જ અટપટો છે.

જેમણે 'મુગલ-એ-આઝમ' બનાવી હતી તે દિગ્દર્શક કે. આસિફ લૈલા- મજનુંની કહાણી ઉપરથી ભવ્ય ફિલ્મનું નિર્માણ કરવા માગતા હતા. એમણે છેક ૧૯૬૩માં ગુરુ દત્ત અને નિમ્મીને લઈને શૂટિંગ શરૂ કરેલું, પરંતુ ૧૯૬૪માં ગુરુ દત્તનું અચાનક અવસાન થઈ ગયું. ફિલ્મ અટકી પડી. એના છ વરસ પછી સંજીવ કુમારને લઈને ૧૯૭૦માં એકડે એકથી 'લવ એન્ડ ગોડ' બનાવવાની શરૂ કરી, પરંતુ ૯ માર્ચ ૧૯૭૧માં ખુદ કે. આસિફનું મૃત્યુ થયું. આમ તો આ ફિલ્મને પૂરી કરવી હોય તો કોઈ બીજા દિગ્દર્શકને કામ સોંપવું જોઈએ, પરંતુ સંજોગોવશાત એવું થઈ શક્યું નહીં.

આખરે ૧૫ વરસ પછી કે.સી. બોકાડિયા, જે પોતે ડિસ્ટ્રિબ્યુટર પણ હતા, એમણે બીડું ઝડપ્યું. ત્રણ ત્રણ અલગ સ્ટુડિયોમાં પડેલી નેગેટિવો ભેગી કરીને એમાંથી ઉપયોગમાં લઈ શકાય એવી સામગ્રીને 'કટિંગ-પેસ્ટિંગ' કરીને, અમુક દૃશ્યો બનાવી શકાયાં. ત્યાર બાદ થોડું નવું શૂટિંગ ઉમેરીને કે.સી. બોકાડિયાએ ૧૯૮૬માં રિલીઝ કરી હતી!







આ ફિલ્મે બે કારણસર થોડી હવા જમાવી હતી. એક તો, કે. આસિફ 'લવ એન્ડ ગોડ' બહુ ભવ્ય રીતે બનાવી રહ્યા હતા એ વાત તો સિનેમાપ્રેમીઓ જાણતા જ હતા, ઉપરથી ૧૯૮૫માં સંજીવ કુમારનું મૃત્યુ થયું. આ બે વાતનો ફાયદો મળવાને કારણે જે કુતૂહલ પેદા થયેલું તેથી પ્રેક્ષકો ફિલ્મ જોવા માટે થિયેટરોમાં ગયા હતા, પણ સરવાળે નિરાશ થયા કેમ કે ફિલ્મમાં રીતસર 'થીગડાં' જ હતાં!

જોકે થીગડું ચાલાકીપૂર્વક મારવામાં આવે તો કમસે કમ ફિલ્મ 'જોઈ શકાય' એવી તો બને છે. આનો એક નમૂનો સંજીવકુમારની જ એક ફિલ્મ 'પ્રોફેસર કે પડોસન'નો છે.

એનું શૂટિંગ તો ૧૯૮૦થી શરૂ થયેલું પણ કોઈ કારણસર વચમાં લટકી પડેલું, જ્યારે ૧૯૮૫માં સંજીવકુમાર ગુજરી ગયા ત્યારે પ્રોડ્યુસર પાસે લગભગ ૭૫ ટકા જેટલું મટિરિયલ તૈયાર હતું. એ પછી શું થયું? એ વાત મજેદાર છે....

એ પછી ફિલ્મની 'સ્ટોરી'માં ફેરફાર કરવામાં આવ્યા. સંજીવકુમારના પાત્રને 'અદૃશ્ય'બનાવી દેવામાં આવ્યું! માત્ર અવાજ સંભળાય, પણ દેખાય નહીં! (કોમેડી હતીને? ચાલી જાય!) રસપ્રદ વાત એ પણ ખરી કે સંજીવકુમારના અવાજનું ડબિંગ ખ્યાતનામ સુદેશ ભોંસલેએ કર્યું હતું.!

જો નવી ફિલ્મોની વાત કરીએ તો 'હેરાફેરી,' જેને આજે લોકો 'કલ્ટ કોમેડી' કહે છે તે 'અધૂરી' બની હતી! મામલો એવો હતો કે કોઈ અણબનાવને કારણે કે પછી કોન્ટ્રાક્ટની શરત હશે, પણ દિગ્દર્શક પ્રિયદર્શને ફિલ્મ તો આખી બનાવીને આપી દીધી પણ એમાં ગાયનો જ નહોતાં!


એ વખતે થોડી ખબર હતી કે આ તો સુપરહિટ થવાની છે? એટલે પ્રોડ્યુસર અં.જી. નડિયાદવાલાએ એમાં છ ગાયન નવેસરથી બનાવડાવીને ઉમેર્યાં હતાં! પછી તો સૌ જાણે છે એમ 'દેનેવાલા જબ ભી દેતા, દેતા છપ્પર ફાડકે...' વાળી આ માત્ર સાડા સાત કરોડમાં બનેલી ફિલ્મે ત્રણ ગણો વકરો કર્યો હતો!

બાકી, ગમે તેમ થાગડ-થીગડ કરીને રિલીઝ થયેલી ફિલ્મનો લેટેસ્ટ નમૂનો હતી 'લેડી કિલર'! અર્જુન કપૂર અને ભૂમિ પેડનેકર પોતાનું મોં પણ ન બતાડી શકે એટલી હદે અધૂરી, સાંધા જોડેલી અને વેરવિખેર ફિલ્મ ૨૦૨૩માં આવી હતી. એનો માત્ર ૩૮૦૦૦ રૂપિયાનો વકરો એટલા માટે થયો હતો કે છેતરાઈ ગયેલા ટિકિટ ખરીદનારાઓએ કદાચ સોશિયલ મીડિયામાં એના રિવ્યૂ વિશે કશું જાણતા જ નહોતા! ■

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### રણવીર ભૂત બનશે?



'મેડોક ફિલ્મ્સ'ના દિનેશ વિજન કદાચ બહુ જલદી એક મોટો ધડાકો કરશે. મેડોકનું લોકપ્રિય હોરર-કોમેડી યુનિવર્સ હવે વધુ વજનદાર બનવા જઈ રહ્યું છે. બહુ જલદીથી દીપિકા પતિ રણવીર સિંહ આ યુનિવર્સમાં જોડાશે.

'સ્ત્રી' અને 'ભેડિયા' જેવી ફિલ્મોથી આ યુનિવર્સ ઊભું કરનાર મેડોક હજી બીજી એક હોરર-કોમેડી ફિલ્મ લાવી રહ્યું છે. એ ફિલ્મનું નામ છે 'થામા' અને તેમાં આયુષ્માન ખુરાના ચામાચીડિયાનો રોલ કરવાનો છે, પરંતુ આ ફિલ્મના પ્રોડ્યુસર્સ હવે પોતાના યુનિવર્સને વિકસિત કરવા માગે છે. જાણકારી મળ્યા અનુસાર ગયા અઠવાડિયે રણવીર સિંહ જાતે પોતે મેડોકની ઓફિસમાં ગયો હતો, પરંતુ, જેમ કાયમ બને છે એમ મેડોક કે રણવીર બંનેમાંથી કોઈએ પણ કોઈ જ ફોડ પાડ્યો નથી.

મેડોક અલગ પ્રકારની વાર્તાઓ લાવવા માટે જાણીતું છે.

મેડોકની રણવીર માટે કોઈ અલગ સ્ક્રિપ્ટ છે?

આમ પણ ૨૦૨૩ પછી રણવીરની કોઈ ફિલ્મ આવી નથી એટલે એ ફરીથી સ્ક્રિન પર ક્યારે દેખાશે તેની ઉત્કંઠા એના ચાહકોમાં હોય જ. હાલમાં રણવીરની બે ફિલ્મ સેટ ઉપર છે : આદિત્ય ધરની 'ધુરંધર' અને ફરહાન અખ્તરની 'ડોન થ્રી'. જોઈએ મેડોક સાથે રણવીર કોઈ મેડનેસ કરશે કે પછી આ મુલાકાત ફક્ત ચા-નાસ્તા સુધી જ સીમિત રહી જશે?!

### 'વોર ટુ' માટે યશરાજની જબરી રણનીતિ



'યશરાજ'ની સ્પાય યુનિવર્સ માટે અત્યંત મહત્ત્વની એવી 'વોર ટુ' ૧૪ ઓગસ્ટે રિલીઝ થશે. આજકાલના ટ્રેન્ડ અનુસાર હવે બહુ જલદીથી એનું પ્રમોશન પણ શરૂ થઇ જવાનું છે. 'વોર ૨' માટેની હાઈપ એટલા માટે પણ ઉંચી ગઈ છે, કારણ કે તેમાં હૃતિક રોશન સામે નેગેટીવ રોલમાં જુનિયર એનટીઆર છે. 'આર.આર.આર'ની અભૂતપૂર્વ સફળતા બાદ હિન્દી ઓડિયન્સમાં પણ જુનિયર એનટીઆરની લોકપ્રિયતા વધી છે. એમાંય આ તેલુગુ કલાકાર જો હૃતિક જેવા કલાકાર સામે વિલન તરીકે આવે તો એ 'હાઈપ' છાપરું તોડીને ઉપર જતી રહે એ સ્વાભાવિક છે. એવામાં 'યશરાજે' ફિલ્મમાં દેખાડવામાં આવેલી આ બંને કલાકારની દુશ્મનીને એનકેશ કરવા માટે એક જબરદસ્ત રણનીતિ અપનાવી છે. જ્યારે પણ 'વોર ટુ'નું પ્રમોશન શરૂ થશે ત્યારે કાયમની જેમ ફિલ્મના તમામ કલાકાર એક સાથે પ્રમોશન નહીં કરે. એમાંય, હૃતિક અને જુનિયર એનટીઆર તો એકબીજાથી દૂર જ રહેશે. યસ! તમે બરાબર જ વાંચ્યું છે. ઓડિયન્સમાં આ બંનેની કટ્ટર દુશ્મનીની લાગણીને વધુ હવા મળે એ માટે 'યશરાજ' આ બંને મુખ્ય કલાકારને અલગ અલગ પ્રમોશનલ ઈવેન્ટ્સમાં મોકલશે. આથી ફિલ્મ રિલીઝ થવા સુધીમાં એક એવું વાતાવરણ ઊભું થશે કે ફિલ્મમાં આ બંને એકબીજા વિરુદ્ધ પોતાની દુશ્મનાવટ કેવી રીતે બહાર લાવશે એ તો જોવા લોકો ઊમટી પડે...

બાકી, બોલિવૂડ આજકાલ નવા નવા પેંતરાં કરી રહ્યું છે, જેમકે 'હાઉસફૂલ ફાઈવ'ના બે અલગ અલગ એન્ડ અને હવે 'વોર ટુ'માં બે અલગ અલગ પ્રમોશન!

**કટ એન્ડ ઓકે...**

*'ટ્રાફિકમાં ગૂંગળાઈ જવા કરતાં રાહ જોવી સારી!' પુત્ર કુશ દ્વારા નિર્દેશિત અને પુત્રી સોનાક્ષી દ્વારા અભિનીત ફિલ્મ*

*'નિકિતા રોય'ની રિલીઝ પાછળ ઠેલવા અંગે પિતા શત્રુઘ્ન સિન્હાની પ્રતિક્રિયા.*

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| तुंद | ઘાસ |
| तुला | કપાસ |
| तूल | ફાંદ |
| तृण | તરસ |
| तृषा | ત્રાજવું |

### ઓળખાણ પડી?



સૈફ અલી ખાન અને પ્રીતિ ઝિન્ટાની જોડી પ્રખ્યાત હતી. બંને કલાકારોએ પ્રથમ વાર સાથે કામ કર્યું હતું એ ફિલ્મની ઓળખાણ પડી ?

અ) દિલ ચાહતા હૈ બ) કલ હો ના હો ક) સલામ નમસ્તે ડ) ક્યા કેહના

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | ત્મ | ૨ વિ | શ્વા | ૩ સ | | ૪ સ | વોં | ત્ત | ૫ મ |
| વ | | ઘા | | ૬ વ | ૭ કા | ર | | | હા |
| શ્ય | | | ૮ આ | લ | બે | લ | | ૯ ર | ન |
| ૧૦ ક | ૧૧ મા | ૧૨ ઉ | | ૧૩ ત | લ | | ૧૪ દ | ક્ષ | તા |
| | ૧૫ વ | ખા | ર | | | ૧૬ ચ | ર | ણ | |
| ૧૭ ઉ | જ | ળી | | ૧૮ અ | ભ | ર | ખા | | ૧૯ અ |
| ૨૦ દા | ત | | ૨૧ જ | પ | | ૨૨ વા | સ્ત | ૨૩ વિ | ક |
| હ | | ૨૪ આ | વ | ના | ર | | | ૨૫ ક | લ્પ |
| ૨૬ ર | મ | ત | | પ | | ૨૭ સુ | હા | સિ | ની |
| ણ | | ૨૮ પ | વ | ન | પુ | ત્ર | | ૨૯ ત | ય |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | | | ૮ | | | ૯ | |
| ૧૦ | | | ૧૧ | ૧૨ | | | ૧૩ | | |
| | | ૧૪ | | ૧૫ | | | | | |
| | ૧૬ | | | | | | ૧૭ | ૧૮ | |
| ૧૯ | | | | ૨૦ | | ૨૧ | | | ૨૨ |
| ૨૩ | ૨૪ | | ૨૫ | | ૨૬ | | | ૨૭ | |
| ૨૮ | | | | | ૨૯ | ૩૦ | ૩૧ | | |
| | | | ૩૨ | | | | | | |
| | ૩૩ | | | | | | ૩૪ | | |

**આડી ચાવી**

૧. છૂટ્ટા પૈસા (૫)
૪. પસ્તાવો, દિલગીરી (૪)
૭. નૃત્યનો એક પ્રકાર (૨)
૮. શિષ્યા (૨)
૯. --- વિનાનો એટલે ક્ષમતાવિહોણો (૨)
૧૦. વારો (૨)
૧૧. અબીહાલ, હમણાં ને હમણાં (૩)
૧૩. --- માત્ર ભૂલને પાત્ર (૩)
૧૫. મા-બાપ (૪)
૧૬. ઘેલછા, મદ, તોર (૩)
૧૭. સામાન (૨)
૨૧. સારી રીતે રક્ષાયેલું (૪)
૨૩. મૃત્યુના દેવ (૨)
૨૫. ઈચ્છા, મનથી (૩)
૨૭. તરાપો, વહાણ, રસ્તો (૨)
૨૮. થાંભલા જેવું ઊંચું ચણતર (૩)
૨૯. વર્ષ, વૃષભ રાશિ (૩)
૩૨. અર્ધજાગૃતમન (૫)
૩૩. ગૂઢ, ઈન્દ્રિયાતીત (૩)
૩૪. માણસે તો --- પડે (૩)

**ઊભી ચાવી**

૧. બહાદુર (૪)
૨. રીત રિવાજ (૩)
૩. --- જયંતી એટલે ૨૫મી જયંતીનો ઉત્સવ (૩)
૪. બહેનપણીને કહેવાય (૨)
૫. સમ, કસમ, શપથ (૩)
૬. શણગાર, સજવું તે (૪)
૮. સાવચેતી, સાવધાની (૪)
૧૨. લક્ષ્મી, પત્ની (૨)
૧૩. ઝડપથી, મુશ્કેલીથી (૪)
૧૪. સત્કાર, પ્રતિષ્ઠા (૩)
૧૮. દેખેલું, તાકેલું (૩)
૧૯. વશ, કાબૂમાં હોય એવું (૪)
૨૦. ભભકો, દેખાવ, છટા (૨)
૨૨. ઉપરતળે થવું, સળવળવું (૫)
૨૪. બાધા, મનાઈ (૨)
૨૬. સાવધાની (૪)
૩૦. ઋતુ (૨)
૩૧. ખાણ ખોદનારો (૩)
૩૨. અમે, અમારું (૨)

### ગુજરાત મોરી મોરી રે

વર્તમાન ગુજરાતી ફિલ્મ જગતના ત્રણ ટોચના એક્ટર હિતેન કુમાર, યશ સોની અને હિતુ કનોડિયાએ સાથે કામ કર્યું એ ફિલ્મ કઈ?

અ) ધુમ્મસ બ) વશ ક) રાડો ડ) શું થયું?

### જાણવા જેવું

૧૯૩૦ના પ્રથમ ગુજરાતી બોલપટ 'નરસિંહ મહેતા' પહેલા ૧૯૨૦માં આ જ ટાઈટલ સાથે મૂંગી ફિલ્મ ઓરિએન્ટ કંપનીએ બનાવી હતી. ફિલ્મમાં પડદા પર જ્યારે સંબંધિત દ્રશ્યો દર્શાવાય ત્યારે ગીત 'વૈષ્ણવજન તો..' સિનેમા ખંડમાં ઉપસ્થિત સંગીતકારો અને દર્શકો દ્વારા ગાવામાં આવતું હતું.

### સુડોકુ-૯૦૩૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | | | | ૪ | | |
| | | ૫ | ૧ | | ૬ | ૨ | | |
| ૬ | ૮ | | | | | | ૫ | ૧ |
| ૫ | | ૮ | | ૬ | | ૭ | | ૪ |
| | | | ૪ | | ૨ | | | |
| ૨ | | ૭ | | ૮ | | ૬ | | ૯ |
| ૮ | ૫ | | | | | | ૭ | ૨ |
| | | ૨ | ૬ | | ૯ | ૧ | | |
| | | ૪ | | | | ૫ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૦૩૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૭ | ૫ | ૨ | ૮ | ૪ | ૧ | ૬ | ૯ |
| ૪ | ૧ | ૬ | ૭ | ૩ | ૯ | ૨ | ૫ | ૮ |
| ૨ | ૯ | ૮ | ૧ | ૫ | ૬ | ૩ | ૭ | ૪ |
| ૭ | ૮ | ૧ | ૫ | ૬ | ૩ | ૪ | ૯ | ૨ |
| ૫ | ૪ | ૯ | ૮ | ૨ | ૭ | ૬ | ૩ | ૧ |
| ૬ | ૨ | ૩ | ૯ | ૪ | ૧ | ૫ | ૮ | ૭ |
| ૮ | ૩ | ૨ | ૪ | ૭ | ૫ | ૯ | ૧ | ૬ |
| ૯ | ૬ | ૪ | ૩ | ૧ | ૮ | ૭ | ૨ | ૫ |
| ૧ | ૫ | ૭ | ૬ | ૯ | ૨ | ૮ | ૪ | ૩ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

મધુર ગીત 'બડે અચ્છે લગતે હૈં' હતું એ સચિન પિળગાંવકર અને રજની શર્માને લીડ રોલમાં ચમકાવતી ફિલ્મનું નામ યાદ છે?

અ) નદિયા કે પાર બ) ગીત ગાતા ચલ ક) બાલિકા બધુ ડ) અખિયોં કે ઝરોખોં સે

### નોંધી રાખો

માણસે કેવા હોવું જોઈએ? અતિ ભલો ન બોલનો, અતિ ભલી ન ચૂપ, અતિ ભલી ના બરસનો, અતિ ભલી ન ધૂપ.

### માઈન્ડ ગેમ

'તેજાબ'થી અફાટ લોકપ્રિયતા મેળવનારી માધુરી દીક્ષિતે કઈ ફિલ્મમાં અનિલ કપૂર અને જેકી શ્રોફ સાથે કામ કર્યું હતું ?

અ) ત્રિદેવ બ) પરિંદા ક) દિલ ડ) બેટા

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| आतिश | આગ |
| ख्वाहिश | ઈચ્છા |
| गर्दिश | મુશ્કેલી |
| वर्जिश | વ્યાયામ |
| साजिश | ષડયંત્ર |

ઓળખાણ પડી? — શકીલા

માઈન્ડ ગેમ — જ્વેલ થીફ

ગુજરાત મોરી મોરી રે — ચુનીલાલ મડિયા

ચતુર આપો જવાબ માથું ખંજવાળો — મધર ઈન્ડિયા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) નયના ભટ્ટ (૭) નીતા દેસાઈ (૮) ખુશરૂ કાપડિયા (૯) હર્ષા મહેતા (૧૦) લજિતા ખોના (૧૧) પુષ્પા પટેલ (૧૨) તાહેર ઔરંગાબાદવાલા (૧૩) શીરીન ઔરંગાબાદવાલા (૧૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) મીનળ કાપડિયા (૧૮) શ્રદ્ધા આશર (૧૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નયના ગિરીશ મિસ્ત્રી (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) અલકા વાણી - સિડની (૨૬) પ્રવીણ વોરા (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) મહેશ દોશી (૨૯) વિણા સંપટ (૩૦) ભાવના કર્વે (૩૧) અંજુ ટોલિયા (૩૨) પુષ્પા ખોના (૩૩) કિશોર બી. સંઘરાજકા (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) શિલ્પા શ્રોફ (૩૬) જ્યોત્સના ગાંધી (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) હિના દલાલ (૩૯) રમેશ દલાલ (૪૦) ડાયના સંતોકે (૪૧) દિપીકા દોશી (૪૨) સુરેશ ઉદેશી (૪૩) નિતિન જયંતિલાલ બજરિયા (૪૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૫) ધીરેન્દ્ર ઉદેશી (૪૬) ગીતા ઉદેશી (૪૭) પ્રતિમા પમાણી (૪૮) ડો. પ્રકાશ કટકિયા (૪૯) અરવિંદ કામદાર (૫૦) અંબરીષ ઓઝા (૫૧) શીરીષ ઉદેશી (૫૨) નૂતન વિપિન શાહ



**યાત્રા:** જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહલગામના નુનવાન બેસ કેમ્પ ખાતે અમરનાથના યાત્રીઓનો પ્રથમ જથ્થો (ટુકડી). (પીટીઆઇ)

# અમરનાથ યાત્રા બની રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાની યાત્રા

## બસ પર લાગ્યાં 'ઑપરેશન સિંદૂર'ની પ્રશંસાનાં બેનર

*સુરેશ એસ ડુગ્ગર*

જમ્મુ : પહલગામના નરસંહારના આતંકને કોરે મૂકીને અમરનાથ યાત્રામાં સામેલ થનારા લોકો ફરી સાબિત કરી રહ્યા છે કે અમરનાથયાત્રા રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનું પ્રતીક બની છે. આસ્થા અને દૃઢતા બતાડતા ગુજરાતના અમરનાથ યાત્રીઓના એક જૂથે નુનવાન બેઝ કેમ્પમાં પહોંચીને પોતાના વાહન પર એક બેનર લગાડ્યું હતું, જેમાં 'ઑપરેશન સિંદૂર'ની સરાહના કરવામાં આવી હતી.

અહીં ઉલ્લેખનીય છે કે ૨૨ એપ્રિલે આતંકવાદી હુમલાને પગલે ભારતે 'ઑપરેશન સિંદૂર' વડે પાકિસ્તાનમાં રહેલી આતંકવાદી છાવણીઓ પર હુમલો કર્યો હતો.

વાહન પરના બેનરમાં લખવામાં આવ્યું હતું કે 'ઑપરેશન સિંદૂર': શક્તિ અને સંકલ્પનો સંદેશ. આ જૂથના સભ્યોએ કહ્યું હતું કે તીર્થયાત્રીની સુરક્ષા નિશ્ચિત કરવા બદલ વડા પ્રધાન મોદીના નેતૃત્વવાળી સરકારનો આભાર માનવાની એક રીત છે.

ગુજરાતના અમદાવાદથી આવેલા એક શ્રદ્ધાળુ મૂકેશે પત્રકારોને કહ્યું હતું કે પહલગામ આતંકવાદી હુમલાનો હેતુ શ્રદ્ધાળુમાં ડર ઊભો કરવાનો હતો, પરંતુ 'ઑપરેશન સિંદૂર' વડે આપણે એક સુંદર સંદેશ દીધો છે. બીજા એક ભાવિકે કહ્યું હતું કે અમે અહીં ઉચ્ચસ્તરીય સુરક્ષા વ્યવસ્થા જોઈ છે. ભાવિકોએ કોઈ પણ ડર વિના યાત્રામાં આવવું જોઈએ. પ્રશાસન અને સુરક્ષા દળોની વ્યાપક વ્યવસ્થા છે અને ડરવાની જરૂર નથી.

ભાવિકે કહ્યું હતું કે 'ઑપરેશન સિંદૂર' હજી પૂરું થયું નથી. 'ઑપરેશન સિંદૂર' પવિત્ર યાત્રા શાંતિપૂર્ણ બનાવવાની પ્રતિબદ્ધતા દાખવે છે. પહલગામ બેઝ કેમ્પમાં માહોલ ઉત્સાહવર્ધક હતો. દેશના વિવિધ ભાગમાંથી ભાવિકો ભારે સુરક્ષા વચ્ચે ત્યાં પહોંચ્યા છે. ■

# શિકાગોમાં આડેધડ ગોળીબારમાં પાંચનાં મોત

શિકાગો: શિકાગોમાં અજાણી વ્યક્તિ દ્વારા આડેધડ કરવામાં આવેલા ગોળીબારમાં પાંચ જણનાં મોત થયાં હોવા ઉપરાંત ૧૪ જણ ઘાયલ થયા હોવાનું પોલીસે ગુરુવારે કહ્યું હતું.

ઘાયલોમાંથી ત્રણની હાલત ગંભીર હોવાનું તેમણે કહ્યું હતું.

શિકાગોના રિવર નોર્થ નેબરહૂડમાં બુધવારે રેસ્ટોરાંની બહાર આ ઘટના બની હતી.

રૅપરના આલ્બમના રિલીઝ માટે આ રેસ્ટોરાંમાં પાર્ટી રાખવામાં આવી હતી. અચાનક જ અજાણી વ્યક્તિએ રેસ્ટોરાંની બહાર ઊભેલા લોકો પર ગોળીબાર કર્યો હતો.

ગોળીબાર કર્યા બાદ હુમલાખોર તરત જ વાહનમાં ફરાર થઈ ગયો હતો. ઘટનાને મામલે હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં ન આવી હોવાનું પોલીસે કહ્યું હતું.

પ્રાથમિક જાણકારી મુજબ ૨૧થી ૩૨ની વયજૂથની ૧૩ મહિલા અને પાંચ પુરુષ પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. મૃતકોમાં બે મહિલા સહિત પાંચ જણનો સમાવેશ થતો હતો.

મૃત્યુ પામેલી બે મહિલા સહિત નવ જણને નજીકની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, એમ પોલીસે કહ્યું હતું. (એજન્સી)■

# મંડીમાં વાદળ ફાટવાથી થયેલી જાનહાનિ ૧૩ની થઈ : ૨૯ હજી લાપતા

શિમલા : હિમાચલ પ્રદેશના મંડીમાં વાદળ ફાટવા અને પૂર આવવાને લીધે થયેલી જાનહાનિ વધુ બે મૃતદેહ મળી આવતાં ૧૩ની થઈ હતી. હજી ૨૯ જણ ગુમ છે અન તેમની શોધ ચાલુ છે. અધિકારીઓએ કહ્યું હતું કે મંગળવારે મંડીના વિવિધ વિસ્તારમાં દસ જગ્યાએ વાદળ ફાટ્યાં હતાં, ત્રણ જગ્યાએ ઓચિંતુ પૂર આવ્યું હતું અને એક જગ્યાએ ભૂસ્ખલન થયું હતું.

અધિકારીઓએ માહિતી આપી હતી કે ગુરુવારે સવારે બે મૃતદેહ મળી આવ્યા હતા. કુલ સાત મૃતદેહ ગોહરમાંથી, પાંચ થુઆન્ગમાંથી અને એક મૃતદેહ કારસોગ સબડિવિઝનમાંથી મળી આવ્યા હતા.

આ કુદરતી આફતમાં ૧૫૦ ઘર, ૧૦૪ ગૌશાળા, ૩૧ વાહન, ૧૪ પુલ અને સંખ્યાબંધ રસ્તાઓને નુકસાન પહોંચ્યું છે. ૧૬૨ ઢોર તણાઈ ગયાં છે. મંડીમાં ૩૧૬ સહિત રુલ ૩૭૦ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા અને પાંચ રાહત શિબિર ખોલવામાં આવી છે, એવી માહિતી સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટરે આપી હતી.

સોલાન્ગ નાળાની નજીક એક ગટર છલકાતા મનાલી-કીલોન્ગ રોડ બંધ કરવામાં આવ્યો છે. અને પરિવહનને રોહતાંગ પાસ તરફ વાળવામાં આવ્યો થે. બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન (બીઆરઓ)એ યંત્રો અને માનવીને તહેનાત કર્યા છે. મંડી જિલ્લાના ૧૮૬ સહિત કુલ ૨૬૧ રોડને પરિવહન માટે બંધ કરવામાં આવ્યા છે., ૫૯૯ ટ્રાન્સફોર્મર અને ૭૯૭ પાણી પુરવઠા યોજના ભારે વરસાદને લીધે ખોરવાઈ ગઈ છે.

મુખ્ય પ્રધાન સુખવિન્દર સિંહ સુકુ અને વિરોધ પક્ષના નેતા જય રામ ઠાકુરે બુધવારે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. સુકુએ સ્થાનિક લોકોને ખાતરી આપી હતી કે જો નજીકમાં સરકારી જમીન ઉપલબ્ધ હશે તો તે ઘરવિહોણા થનારા લોકોને આપવામાં આવશે. જો કોઈ ભૂમિ વન વિભાગમાં આવતી હશે તો રાજ્ય સરકાર કેન્દ્ર સરકાર જોડે આ બાબત ઉપાડી લેશે. જ્યાં રોડ નુકસાન પામ્યા છે ત્યાં અનાજ હેલિકોપ્ટર દ્વારા પહોંચાડવામાં આવશે.

નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ) અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ ( એસડીઆરએફ)ના જવાનો અને પોલીસ તથા હોમગાર્ડ જિલ્લામાં શોધ અને બચાવ કાર્ય કરી રહ્યા છે.

હિમાચલ પ્રદેશમાં ગુરુવારે પણ મધ્યમથી ભારે વરસાદ પડી રહ્યો હતો.

દરમિયાન હિમાચલ પ્રદેશના સિરમૌરના પચ્છાડમાં બુધવાર સાંજથી ૧૩૩.૩ મિલીમિટર , મેહરા બરસરમાં ૯૨ મિલીમિટર, જબ્બરહટ્ટીમાં ૫૫.૨ મિલીમિટર, જટીન બંધ ૫૬.૬ મિલીમિટર, ઉનામાં ૫૫.૨, બ્રહ્માણીમાં ૪૨.૨ મિલીમિટર, બગ્ગીમાં ૩૭.૫ મિલીમિટર, મુરારી દેવામાં ૩૪.૬ મિલીમિટર અને કંગરામાં ૩૨.૬ મિલીમિટર વરસાદ પડ્યો હતો.

હવામાન ખાતાએ રાજ્યમાં પાંચ જુલાઈથી નવ જુલાઈ સુધી એમ પાંચ દિવસ માટે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન ખાતાએ આગામી ૨૪ કલાક માટે કાંગડા, મંડી. હમિરપુર, શિમલા, સોલન અને સિરમોરમાં પૂર આવે એવીઆગાહી કરી હતી. (એજન્સી)■



**ભેખડો ધસી:** હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લામાં ભારે વરસાદને લીધે ઘસી પડેલી ભેખડો. તેને લીધે મનાલી – લેહ રાષ્ટ્રીય ધોરીમાર્ગ બંધ કરી દેવાની ફરજ પડી હતી. (પીટીઆઇ)

# ઓડિશાએ શાળા શિક્ષણમાં પાંચમું સ્થાન મેળવ્યું: નવીન પટનાયક

ભુવનેશ્વર: અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું કે, જ્યારે બીજેડી પ્રમુખ નવીન પટનાયક મુખ્ય પ્રધાન હતા ત્યારે ૨૦૧૯-૨૦ અને ૨૦૨૩-૨૦૨૪ દરમિયાન પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઇન્ડેક્સ (પીજીઆઈ-૨.૦) મુજબ ઓડિશાએ શાળા શિક્ષણ પ્રણાલીમાં નોંધપાત્ર પરિવર્તન હાંસલ કર્યું છે અને દેશમાં પાંચમું સ્થાન મેળવ્યું છે.

બીજેડી પ્રમુખ નવીન પટનાયકે એક્સ પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે: ''ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઇન્ડેક્સ (પીજીઆઈ-૨.૦) રિપોર્ટ મુજબ, સ્કૂલ ગ્રેડિંગ સિસ્ટમમાં ઓડિશાએ રાષ્ટ્રીય સ્તરે પાંચમો ક્રમ મેળવ્યો છે તે શેર કરતાં આનંદ થાય છે.

ઓડિશાએ ૫૯૫.૬ નો સ્કોર હાંસલ કર્યો છે અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે પ્રાચેસ્ટા-૩ ગ્રેડ મેળવ્યો છે, જે ૨૦૧૯ માં ૧૪મા ક્રમે હતો. પીજીઆઈ ૨.૦ બે શ્રેણીઓમાં ૭૩ સૂચકાંક દ્વારા શાળા શિક્ષણનું મૂલ્યાંકન કરે છે: પરિણામો અને શાસન અને વ્યવસ્થાપન.''

''અમારી ૫ટી પહેલ હેઠળ, અમે નવી આકાંક્ષાઓ પ્રગટ કરવા અને શાળાના વિદ્યાર્થીઓ માટે નવી ક્ષિતિજો ખોલવા માટે લગભગ ૭૦૦૦ શાળાનું પરિવર્તન કર્યું. અમે હંમેશાં માનતા હતા કે ન્યૂઓડિશા દરેક બાળકને શિક્ષણની શક્તિથી સશક્ત બનાવશે.

ખુશી છે કે સરકારી શાળા શિક્ષણ માટે મજબૂત પાયો વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ બનાવવામાં મદદ કરશે. આ વિશાળ પરિવર્તન માટે બધા શિક્ષકો, માતાપિતા, વહીવટકર્તાઓ અને સહાયક સ્ટાફનો આભાર,'' એમ પટનાયકે કહ્યું.

શિક્ષણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલમાં દર્શાવવામાં આવ્યું છે કે ઓડિશા ''એક્સેસ'' ડોમેનમાં પણ ટોચ પર છે, ૯૪૧-૧૦૦૦ ની સ્કોર રેન્જ સાથે ઉચ્ચતમ ગ્રેડ પ્રાપ્ત કરે છે. ■

# પંજાબ: લુધિયાણાના નવા ચૂંટાયેલા ધારાસભ્ય સંજીવ અરોરાને કેબિનેટમાં સ્થાન મળ્યું

ચંદીગઢ : પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માનએ ગુરુવારે તેમના પ્રધાનમંડળનું વિસ્તરણ કર્યું હતું, જેમાં લુધિયાણા પશ્ચિમના નવા ચૂંટાયેલા ધારાસભ્ય સંજીવ અરોરાનો પ્રધાન તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો.

રાજ્યપાલ ગુલાબ ચંદ કટારિયાએ અહીં રાજભવન ખાતે એક સમારોહમાં અરોરાને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા. માન, કેબિનેટ પ્રધાનો અને અન્ય ઘણા પક્ષના નેતાઓ આ પ્રસંગે હાજર રહ્યા હતા. અરોરાના સમાવેશ સાથે, માન સરકારમાં પ્રધાનમંડળની સંખ્યા ૧૭ સુધી પહોંચી ગઈ. પંજાબનાં પ્રધાનમંડળમાં મુખ્ય પ્રધાન સહિત ૧૮ પ્રધાન હોઈ શકે છે. આપ સરકારે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં તેનું છેલ્લું પ્રધાનમંડળનું પુનર્ગઠન કર્યું ત્યારે તેણે ચારને પડતા મૂક્યા બાદ પાંચ નવા પ્રધાનનો સમાવેશ કર્યો હતો.

૬૧ વર્ષીય અરોરા લુધિયાણા સ્થિત ઉદ્યોગપતિ છે અને તેમના સામાજિક કલ્યાણ કાર્ય માટે પણ જાણીતા છે. તેઓ કૃષ્ણ પ્રાણ બ્રેસ્ટ કેન્સર ચેરિટેબલ ટ્રસ્ટ ચલાવે છે. ઉદ્યોગપતિમાંથી રાજકારણી બનેલા આ નેતા ૨૦૨૨ માં પંજાબથી રાજ્યસભાના સભ્ય બન્યા હતા. મંગળવારે, તેમણે રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડને ઉપલા ગૃહમાંથી પોતાનું રાજીનામું સુપરત કર્યું હતું, જેમણે તેને સ્વીકારી લીધું હતું.■




**જય જગન્નાથ:** કોલકાતાના બ્રિગેડ પરેડ મેદાન ખાતે ભગવાન જગન્નાથ, ભગવાન બળભદ્ર અને દેવી સુભદ્રાના આશીર્વાદ લેવા પહોંચેલા પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજી. (પીટીઆઇ)

# મધ્ય પ્રદેશના બાગેશ્વર ધામમાં ભારે વરસાદ પછી તંબુ પડી જવાથી એકનું મોત

છતરપુર: મધ્ય પ્રદેશના છતરપુર જિલ્લામાં બાગેશ્વર ધામ પરિસરમાં ગુરુવારે ભારે વરસાદને કારણે તંબુ તૂટી પડતાં એક વ્યક્તિનું મોત થયું હતું અને ચાર અન્ય ઘાયલ થયા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

જિલ્લા મુખ્યાલયથી ૨૮ કિમી દૂર આવેલા ગઢા ગામમાં વરસાદથી બચવા માટે ભક્તોએ તંબુ નીચે આશરો લીધો ત્યારે આ ઘટના સવારે ૭.૩૦ વાગ્યાની આસપાસ બની હતી, એમ બામિથા પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ આશુતોષ શ્રોતીએ પત્રકારોને જણાવ્યું હતું.

મુસળધાર વરસાદને કારણે તંબુ તૂટી પડ્યો હતો, જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને ચાર અન્ય ઘાયલ થયા હતા, એમ તેમણે જણાવ્યું હતું.

ઘાયલોમાંથી બેને છતરપુરના આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં તેમની સ્થિતિ ખતરાની બહાર હોવાનું જણાવાયું છે, જ્યારે અન્ય બે વ્યક્તિને સામાન્ય ઇજાઓ પહોંચી છે.

ઉત્તર પ્રદેશના બસ્તી જિલ્લાના ચૌરી સિકંદરપુરના રહેવાસી રાજેશ કૌશલે જણાવ્યું હતું કે તેમના સસરા શ્યામલાલ કૌશલ (૫૦)નું તંબુની ધાતુની ફ્રેમ વાગવાથી મૃત્યુ થયું હતું.

તેમણે જણાવ્યું હતું કે તેમના પરિવારના છ સભ્ય બુધવારે રાત્રે કાર દ્વારા બાગેશ્વર ધામ પહોંચ્યા હતા. તેઓ શુક્રવારે બાગેશ્વર ધામના દ્રષ્ટા ધીરેન્દ્ર શાસ્ત્રીના જન્મદિવસ પહેલા તેમના આશીર્વાદ લેવા આવ્યા હતા.

તેમણે ઉમેર્યું હતું કે ગુરુવારે સવારે લગભગ ૭.૩૦ વાગ્યે પરિવાર દ્રષ્ટાને મળવા માટે સ્થળ પર પહોંચ્યો હતો. ■



**સન્માન:** ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને તેમની 'વૈશ્વિક નેતાગીરીમાંની મુત્સદ્દીગીરી અને પ્રભાવ' બદલ ઘાનાનો સર્વોચ્ચ અવૉર્ડ 'ધિ ઑફિસર ઑફ ધિ આર્ડર ઑફ ધ સ્ટાર ઑફ ઘાના' એનાયત કરતા ઘાનાના પ્રમુખ. (પીટીઆઇ)

# ગાઝામાં હવાઈ હુમલામાં ૯૪નાં મોત

તેલ અવીવ: ગાઝામાં રાતભર થયેલા હવાઇ હુમલા અને ગોળીબારમાં ૯૪ પેલેસ્ટિનિયનોનાં મોત થયાં છે. જેમાં ૪૫ લોકો ખૂબ જરૂરી માનવતાવાદી સહાય મેળવવાનો પ્રયાસ કરતી વખતે મોતને ભેટ્યા હતા. આ જાણકારી હૉસ્પિટલો અને આરોગ્ય મંત્રાલયે ગુરૂવારે આપી હતી.

જો કે ઇઝરાયલી સેનાએ હુમલાઓ પર તાત્કાલિક કોઇ ટિપ્પણી કરી ન હતી. ગાઝા પટ્ટીની વસ્તીને ખોરાક પૂરો પાડવા માટે ઇઝરાયલ દ્વારા સમર્થિત એક નવી બનેલી ગુપ્ત અમેરિકન સંસ્થા ગાઝા હ્યુમેનિટેરિયન ફાઉન્ડેશન સાથે સંકળાયેલા સ્થળોની બહાર પાંચ લોકો માર્યા ગયા હતા. જ્યારે ગાઝા પટ્ટીના અન્ય સ્થળોએ સહાય ટ્રકની રાહ જોઇ રહેલા ૩૩ અન્ય લોકો મૃત્યુ પામ્યાં હતાં.

બુધવારે રાત્રે અને ગુરુવારે સવારે ગાઝા પર થયેલા હવાઇ હુમલામાં ડઝનબંધ લોકો માર્યા ગયા હતા. જેમાં વિશાળ મુવાસી ઝોનમાં તંબુઓ પર થયેલા હુમલામાં ૧૫ લોકો માર્યા ગયા હતા. જ્યાં ઘણા વિસ્થાપિત પેલેસ્ટિનિયનો આશ્રય લઇ રહ્યા છે.

ગાઝાના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે ગાઝામાં મોતને ભેટેલા પેલેસ્ટિનિયનોની સંખ્યા ૫૭,૦૦૦થી વધુ થવા પામી છે. જેમાં ૨૨૩ ગુમ થયેલા લોકોનો પણ સમાવેશ થાય છે. જેમને મૃત જાહેર કરવામાં આવ્યા છે. મૃતકોમાં અડધાથી વધુ મહિલાઓ અને બાળકો છે. આ મૃત્યુ એવા સમયે થયા છે જ્યારે ઇઝરાયલ અને હમાસ સંભવિત યુદ્ધવિરામની નજીક પહોંચી રહ્યા છે, જે ૨૧ મહિનાથી ચાલી રહેલા યુદ્ધનો અંત લાવશે. ■

# ઉ.પ્ર.માં માર્ગ અકસ્માતમાં ચાર બાળકો સહિત પાંચનાં મોત

હાપુર: ઉત્તર પ્રદેશના હાપુરમાં એક પૂરપાટ ઝડપે આવતી ટ્રકે મોટરસાઇકલને ટક્કર મારતા ભયંકર અકસ્માત સર્જાયો હતો. જેમાં ચાર બાળકો સહિત પાંચ લોકોનાં મોત નીપજ્યા હતા. આ જાણકારી પોલીસે ગુરુવારે આપી હતી.

અધિક પોલીસ અધિક્ષક વિનીત ભટનાગરના જણાવ્યા અનુસાર આ અકસ્માત બુધવારે હાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બુલંદશહેર રોડ પર મિનિલેન્ડ શાળા પાસે થયો હતો. પ્રારંભિક અહેવાલો અનુસાર રફીકનગરનો રહેવાસી ૪૦ વર્ષીય દાનિશ હાપુર વિસ્તારમાં તેના મિત્રના ફાર્મહાઉસના સ્વિમિંગ પૂલમાંથી પાછો ફરી રહ્યો હતો. રફીક તેના બે બાળકો અને તેના ભાઇના બાળકો સાથે મોટરસાઈકલ પર સવાર હતો, જેની ઉંમર ૮ થી ૧૧ વર્ષની વચ્ચે હતી. તેની બાઇકને એક પૂરપાટ ગતિએ આવતી ટ્રકે ટક્કર મારી હતી. જેના કારણે તમામ પાંચનાં મોત નીપજ્યા હતા. અકસ્માત બાદ ટ્રક ડ્રાઇવર ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો. જે હજુ પણ ફરાર છે.

આ અકસ્માતની જાણ થતાં જ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઇ હતી. મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તેમજ ટક્કર મારનાર ટ્રકને જપ્ત કરી લેવામાં આવ્યો છે. ■

# તેલંગણા પ્લાન્ટ વિસ્ફોટમાં હજુ પણ નવ લોકો ગુમ

સંગારેડ્ડી: તેલંગણાના પાસુમિલ્લારમમાં સિગાચી ઇન્ડસ્ટ્રીઝના ફાર્મા પ્લાન્ટમાં થયેલા વિસ્ફોટમાં હજુ પણ નવ લોકો ગુમ છે. તેમને શોધવાના પ્રયાસો ચાલુ છે. આ વિસ્ફોટમાં ૩૮ લોકોનાં મોત નીપજ્યા હતા. જ્યારે ૩૫ લોકો ઘાયલ થયા હતા. આ જાણકારી જિલ્લા પોલીસ અધિક્ષક પરિતોષ પંકજે ગુરુવારે આપી હતી.

આ દરમિયાન વિસ્ફોટનું કારણ જાણવા અને ઘટનાક્રમનો ક્રમ સ્થાપિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત કરાયેલી નિષ્ણાત સમિતિ ગુરુવારે ઘટનાસ્થળની મુલાકાત લે તેવી શક્યતા હતી. પેનલ એક મહિનાની અંદર ચોક્કસ સૂચનો અને ભલામણો સાથે વિગતવાર અહેવાલ સરકારને સુપરત કરશે. આ સમિતિનું નેતૃત્વ સીએસઆઇઆર-ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ કેમિકલ ટેક્નોલોજીના નિવૃત્ત વૈજ્ઞાનિક ડો. બી. વેંકટેશ્વર રાવ કરશે.

જિલ્લાના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે વિવિધ હોસ્પિટલોમાં સારવાર લઇ રહેલા કેટલાક ઘાયલોને ગુરુવારે રજા મળવાની હતી.

એસપી પંકજે જણાવ્યું કે મૃત્યુઆંક ૩૮ છે. નવ લોકો ગુમ છે. પરંતુ કદાચ આજે કે કાલે જ્યારે અમને એફએસએલ(ફોરેન્સિક સાયન્સ લેબ) તરફથી હાડકાં અને અન્ય વસ્તુઓનો રિપોર્ટ મળશે ત્યારે વસ્તુઓ સ્પષ્ટ થઇ જશે.

તેમણે કહ્યું કે કાટમાળ દૂર કરવાનું ૯૦ ટકા કામ પૂર્ણ થઇ ગયું છે અને હવે કોઇ મૃતદેહ બહાર આવવાની આશા નથી. સિગાચીએ મૃતકોના પરિવારજનોને એક-એક કરોડ રૂપિયાની આર્થિક સહાયની ઘોષણા કરી છે. ■

# ભારતના ૫૮૭, ઈંગ્લૅન્ડના ૩/૭૭

## ▶ ગિલ સાડાઆઠ કલાકની બૅટિંગમાં ત્રેવડી સદી ચૂક્યો

એજબૅસ્ટનઃ બ્રિટિશરોના ગઢ સમાન એજબૅસ્ટનમાં રમાતી બીજી ટેસ્ટ મૅચમાં ગુરુવારનો બીજો દિવસ શુભમન ગિલ (૨૬૯ રન, ૩૮૭ બૉલ, ૫૦૯ મિનિટ, ત્રણ સિક્સર, ૩૦ ફોર)નો અને ભારતીય બોલર્સનો હતો. ભારતે ૫૮૭ રનનો તોતિંગ સ્કોર નોંધાવ્યા બાદ યજમાન ઇંગ્લૅન્ડની ટીમનો સ્કોર રમતને અંતે ૩/૭૭ હતો. ત્રણમાંથી બે વિકેટ આકાશ દીપે અને એક મોહમ્મદ સિરાજે લીધી હતી. બ્રૂક ૩૦ રને અને રૂટ ૧૮ રને દાવમાં હતો.

બુમરાહના સ્થાને રમી રહેલા પેસ બોલર આકાશ દીપે બે બૉલમાં ઓપનર બેન ડકેટ (૦) અને ઑલી પૉપ (૦)ની વિકેટ લીધી હતી. ડકેટનો કૅચ શુભમન ગિલે અને પૉપનો કૅચ રાહુલે ઝીલ્યો હતો. સિરાજે ઓપનર ક્રૉવ્લીને તેના ૧૯ રનના સ્કોર પર કરુણ નાયરના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. ઇંગ્લૅન્ડની ટીમ કુલ ૩૮૮ રન કરશે તો ફૉલોઑનથી બચી શકશે.

એ પહેલાં, ભારતે ૧૫૧ ઓવરમાં ૫૮૭ રન કર્યા હતા. ગિલે પહેલા બે દિવસ મળીને કુલ સાડાઆઠ કલાક સુધી ક્રીઝમાં રહીને ઇંગ્લૅન્ડના બોલર્સને જોરદાર લડત આપી હતી અનેક વિક્રમો પોતાના નામે કર્યા હતા. જોકે તે ટ્રિપલ સેન્ચુરી કરનાર (સેહવાગ અને કરુણ નાયર પછીનો) ત્રીજો ભારતીય ખેલાડી બનવાનું ગૌરવ ચૂકી ગયો હતો. સેહવાગે બે વખત ટ્રિપલ સેન્ચુરી ફટકારી હતી.

ભારતના ૫૮૭ રનમાં ગિલના ૨૬૯ રન ઉપરાંત જાડેજાના ૮૯ રન, યશસ્વીના ૮૭ રન, વૉશિંગ્ટન સુંદરના ૪૨ રન, કરુણ નાયરના ૩૧ રન, રિષભ પંતના પચીસ રન સામેલ હતા. રાહુલ બે રન અને નીતીશ એક રન કરીને આઉટ થયો હતો. બશીરે ત્રણ તેમ જ ટન્ગ અને વૉક્સે બે-બે વિકેટ લીધી હતી. વૉશિંગ્ટનની મહત્ત્વની વિકેટ જો રૂટે મેળવી હતી. ■

# શુભમન ગિલઃ બ્રિટિશરોની ધરતી પર એશિયાનો શહેનશાહ

## ▶ ઈંગ્લૅન્ડમાં ડબલ સેન્ચુરી ફટકારનારો પ્રથમ એશિયન કૅપ્ટન બન્યો, ગાવસકર-અઝહરનો વિક્રમ પણ તોડ્યો

બર્મિંગમઃ શુભમન ગિલ ઇંગ્લૅન્ડમાં ટેસ્ટ કૅપ્ટન તરીકે ડબલ સેન્ચુરી ફટકારનારો ભારતનો તેમ જ એશિયાનો પહેલો ખેલાડી બન્યો છે. તેણે ગુરુવારે એજબૅસ્ટનમાં બીજી ટેસ્ટના બીજા દિવસે કરીઅરની પ્રથમ ડબલ સેન્ચુરી નોંધાવી હતી અને એ સાથે બ્રિટિશરોની ધરતી પર એશિયાના શહેનશાહ બનવાની સિદ્ધિ પણ હાંસલ કરી હતી. ગિલ ૨૬૯ રનના પોતાના સ્કોર પર આઉટ થયો હતો. છેવટે ભારતનો પહેલો દાવ ૫૮૭ રનના સ્કોર પર પૂરો થયો હતો.

ગિલે પેસ બોલર જૉશ ટન્ગના બૉલને ડીપ ફાઇન લેગ તરફ મોકલીને સિંગલ રન લીધો એ સાથે ઐતિહાસિક ડબલ સેન્ચુરી પૂરી કરી હતી. છેવટે ભારતના ૫૭૪ રનના સ્કોર પર ટન્ગના બૉલમાં જ ગિલ સ્ક્વેર લેગ પર ઑલી પૉપને સીધો કૅચ આપી બેઠો હતો. ગિલે ૩૮૭ બૉલમાં ત્રણ સિક્સર અને ૩૦ ફોરની મદદથી ૨૬૯ રન કર્યા હતા.

આ પહેલાં ઇંગ્લૅન્ડમાં એશિયન કૅપ્ટન તરીકે શ્રીલંકાના તિલકરત્ને દિલશાનના ૧૯૩ રન હાઇએસ્ટ હતા જે તેણે ૨૦૧૧ની સાલમાં લૉર્ડ્સમાં નોંધાવ્યા હતા. ભારતના ભૂતપૂર્વ કૅપ્ટનોમાં ઇંગ્લૅન્ડની ધરતી પર આ પહેલાં મોહમ્મદ અઝહરુદ્દીનના સુકાની તરીકે ૧૭૯ રન હાઇએસ્ટ સ્કોર હતો જે તેણે ૧૯૯૦માં મૅન્ચેસ્ટરમાં નોંધાવ્યો હતો.

ગિલે ઇંગ્લૅન્ડની ધરતી પર એક દાવમાં સૌથી વધુ ટેસ્ટ-રન કરવાનો સુનીલ ગાવસકરનો ૪૬ વર્ષ જૂનો ભારતીય વિક્રમ પણ તોડ્યો હતો. ગાવસકરે ૧૯૭૯માં ઓવલની ઇનિંગ્સમાં ૨૨૧ રન કર્યા હતા જે અત્યાર સુધી ભારતીયોમાં સૌથી મોટો વ્યક્તિગત સ્કોર હતો. જોકે હવે ગિલના ૨૬૯ રન સૌથી વધુ છે.

ગિલે કૅપ્ટન તરીકે ઇંગ્લૅન્ડમાં મોટી સિદ્ધિ નોંધાવી છે, પરંતુ વિરાટ કોહલીનો ભારતીય વિક્રમ અભૂતપૂર્વ છે. ટેસ્ટમાંથી નિવૃત્ત થઈ ચૂકેલા વિરાટે ભારત વતી કૅપ્ટન તરીકે સાત ડબલ સેન્ચુરી ફટકારી હતી.

શુભમન ગિલના ૨૬૯ રન SENA તરીકે ઓળખાતા ચાર મોટા દેશ (સાઉથ આફ્રિકા, ઇંગ્લૅન્ડ, ન્યૂ ઝીલૅન્ડ, ઑસ્ટ્રેલિયા)માં ભારતીય ખેલાડીઓમાં હવે હાઇએસ્ટ છે. તેણે મોહમ્મદ અઝહરુદ્દીનનો ૧૯૨ રનનો વિક્રમ તોડી નાખ્યો છે. અઝહરે એ ૧૯૨ રન ૧૯૯૦ની સાલમાં ન્યૂ ઝીલૅન્ડમાં ઑકલૅન્ડ ટેસ્ટના એક દાવમાં કર્યા હતા.



શુભમન ગિલ ગઈ કાલે ૨૬૯ રન બનાવીને આઉટ થતાં પાછો આવી રહ્યો હતો ત્યારે તેને હજારો પ્રેક્ષકોએ ઊભા થઈને પૅવિલિયનમાં સ્વાગત કર્યું હતું. (બીસીસીઆઇ)

### સુકાની તરીકેની પહેલી બે ટેસ્ટમાં સેન્ચુરીઃ ગિલ ચોથો

(૧) વિજય હઝારે ૧૯૫૧માં ૧૬૪ નોટઆઉટ, ૧૫૫ અને ૬ રન.

(૨) સુનીલ ગાવસકર ૧૯૭૬-૧૯૭૮માં ૧૧૬ રન, ૩૫ અણનમ અને ૨૦૫ રન, ૭૩ રન.

(૩) વિરાટ કોહલી ૨૦૧૪-૨૦૧૫માં ૧૧૫ રન, ૧૪૧ રન અને ૧૪૭ રન, ૪૬ રન.

(૪) શુભમન ગિલ ૨૦૨૫માં ૧૪૭ રન, ૮ રન અને ૨૬૯ રન.

### ઈંગ્લૅન્ડમાં ભારતીયોનો સૌથી મોટો સ્કોર

શુભમન ગિલઃ ૨૬૯ રન
સુનીલ ગાવસકરઃ ૨૨૧ રન
રાહુલ દ્રવિડઃ ૨૧૭ રન
સચિન તેન્ડુલકરઃ ૧૯૩ રન
રવિ શાસ્ત્રીઃ ૧૮૭ રન ■

# ગલૂડિયાંએ બચકું ભર્યાં પછી કબડ્ડી ખેલાડીએ બે મહિને જીવ ગુમાવ્યો



બુલંદશહેર (ઉત્તર પ્રદેશ)ઃ બાવીસ વર્ષની ઉંમરના રાજ્ય-સ્તરિય કબડ્ડી ખેલાડી બ્રિજેશને બે મહિના પહેલા શ્વાન કરડ્યા બાદ ઍન્ટિ-રૅબિઝ વૅક્સિન ન લેતાં બ્રિજેશનું મૃત્યુ થયું છે. બે મહિના પહેલાં બ્રિજેશ શ્વાનના બચ્ચાંને મોટી કચરાપેટીમાંથી બચાવવા ગયો ત્યારે એ ગલૂડિયાંએ તેને બચકું ભર્યું હતું. જોકે ૨૮મી જૂને બ્રિજેશની તબિયત અચાનક બગડી ગઈ હતી અને સારવાર લેવા છતાં તેનું મૃત્યુ થયું હતું.

બ્રિજેશે ફરાના ગામમાં કબડ્ડીની વધુ તાલીમ લઈ રહ્યો હતો અને એ અરસામાં તેની સાથે આ જીવલેણ ઘટના બની હતી. બ્રિજેશના મૃત્યુ બાદ આરોગ્ય વિભાગે ફરાના ગામમાં ૨૯ જણને ઍન્ટિ-રૅબિઝ વૅક્સિન આપી છે. ■

# વૈભવ સૂર્યવંશીની રેકૉર્ડ-બ્રેક ઇનિંગ્સઃ અન્ડર-૧૯ વન-ડેમાં નવ સિક્સરનો ભારતીય વિક્રમ રચ્યો



નૉટિંગમઃ બુધવારે ભારતીય જુનિયર ટીમે ઇંગ્લૅન્ડની જુનિયર ટીમને ૩૩ બૉલ બાકી રાખીને ચાર વિકેટના માર્જિનથી પરાજિત કરવાની સાથે પાંચ વન-ડે મેચની સિરીઝમાં ૨-૧થી સરસાઈ મેળવી લીધી હતી. ૧૪ વર્ષનો વૈભવ સૂર્યવંશી (૮૬ રન, ૩૧ બૉલ, ૯ સિક્સર, ૬ ફોર) આ મૅચનો સુપરસ્ટાર હતો. વૈભવે આ મૅચમાં નવ સિક્સર ફટકારીને એક વન-ડેમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો નવો ભારતીય વિક્રમ રચ્યો હતો.

### વૈભવે તોડ્યો મનદીપનો રેકૉર્ડ

આ પહેલાં અન્ડર-૧૯ ક્રિકેટમાં એક વન-ડેમાં સૌથી વધુ આઠ સિક્સર ફટકારવાનો ભારતીયોમાં મનદીપ સિંહનો વિક્રમ હતો.

### ૭૦-પ્લસની બે મોટી ભાગીદારી

ભારતીય ટીમના કેપ્ટન અને ઓપનર અભિજ્ઞાન કુન્ડુ (૧૨ રન)ની વિકેટ સસ્તામાં પડી ગયા પછી બીજા ઓપનર વૈભવ સૂર્યવંશીએ વિહાન મલ્હોત્રા (૪૬ રન, ૩૪ બૉલ, એક સિક્સર, સાત ફોર) સાથે બીજી વિકેટ માટે ૭૩ રનની ભાગીદારી કરી. ત્યાર બાદ બીજી નાની ભાગીદારીઓ વચ્ચે વૈભવ સહિત પાંચ બૅટ્સમેને વિકેટ ગુમાવી ત્યાર પછી કનિષ્ક ચૌહાણ (૪૩ અણનમ, ૪૨ બૉલ, એક સિક્સર, છ ફોર) અને આરએસ અંબરિશ (૩૧ અણનમ, ૩૦ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર) વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૭૫ રનની અતૂટ ભાગીદારી થઈ હતી.

### બંને ટીમે કેવું પર્ફોર્મ કર્યું?

વરસાદના વિઘ્નને કારણે આ મૅચ ૪૦-૪૦ ઓવરની કરવામાં આવી હતી. ઇંગ્લૅન્ડની અન્ડર-૧૯ ટીમે બૅટિંગ મળ્યા બાદ છ વિકેટે ૨૬૮ રન કર્યા હતા જેમાં કેપ્ટન થૉમસ રયૂના ૭૬ રન હાઈએસ્ટ હતા. ભારતીય જુનિયર ટીમના ઑફ સ્પિનર કનિષ્ક ચૌહાણે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. ભારતે ૩૪.૩ ઓવરમાં છ વિકેટના ભોગે ૨૭૪ રન કરીને જીત હાંસલ કરી હતી. ■

પરમિશન ગ્રાન્ટેડ

# પાકિસ્તાનની હૉકી ટીમને એશિયા કપ માટે ભારત આવવા કેન્દ્ર સરકારની લીલી ઝંડી

નવી દિલ્હીઃ ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપ વખતે પાકિસ્તાનની ટીમને ભારતમાં અને ખાસ કરીને અમદાવાદમાં પ્રવેશ આપવા બાબતમાં ભારત સરકાર દ્વારા બહુ જલદી નિર્ણય લઈ લીધા બાદ આ વખતે પાકિસ્તાનની હૉકી ટીમને ભારતમાં આવવા દેવા વિશેનો નિર્ણય લેવામાં ખાસ્સો સમય લાગ્યો છે જે સ્વાભાવિક છે, કારણકે હજી દોઢ મહિના પહેલાં બન્ને દેશ વચ્ચે ટૂંકો જંગ ખેલાયો હતો. ભારતના સશસ્ત્ર દળોએ આતંકવાદી મથકો પર અને હવાઈ મથકો પર જોરદાર હુમલા કરીને પાકિસ્તાનની સાન ઠેકાણે લાવી દીધી હતી અને હવે ખેલભાવનાને ધ્યાનમાં રાખીને એ જ દુશ્મનદેશના હૉકી ખેલાડીઓને ભારતમાં રમવા આવવાની છૂટ આપી છે.

આવતા મહિને ભારતમાં હૉકીનો એશિયા કપ રમાવાનો છે અને એ માટે ભારતના કેન્દ્રીય ગૃહ મંત્રાલય, વિદેશ મંત્રાલય તેમ જ ખેલકૂદ મંત્રાલયે પાકિસ્તાનની હૉકી ટીમને ભારત આવવાની પરવાનગી આપી છે. હૉકીનો એશિયા કપ બિહારના રાજગીરમાં રમાશે. આ સ્પર્ધા ૨૭મી ઑગસ્ટે શરૂ થશે અને સાતમી સપ્ટેમ્બર સુધી ચાલશે. ભારત સાથે રાજકીય સ્તરે અશાંતિ હોવાથી આ સ્પર્ધામાં પાકિસ્તાનના ભાગ લેવા વિશે શંકા સેવાતી હતી. જોકે ભારત સરકારના ટોચના અધિકારીઓએ જે ખુલાસો આપ્યો છે એ જોતાં પરિસ્થિતિ બદલાઈ છે. ભારતીય અધિકારીઓએ જાહેર કર્યું છે કે ‘ ભારતમાં કોઈ પણ રમતની બહુરાષ્ટ્રીય સ્પર્ધા યોજાય એમાં કોઈ દેશને રમવા આવવાની પરવાનગી ન આપવાનો ભારતનો અભિગમ છે જ નહીં. રાજકીય સ્તરે બન્ને દેશ વચ્ચેના સંબંધોનો મુદ્દો અલગ કહેવાય, પણ ખેલકૂદના ક્ષેત્રે અમે કોઈ દેશને ભારત આવવા રોકતા નથી. રશિયા અને યુક્રેન વચ્ચે ઘણા સમયથી યુદ્ધ ચાલે છે, પણ બહુરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં તેમની ટીમ ભાગ લેતી જ હોય છે.’

હૉકીના આ એશિયા કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ટક્કર થશે અને ત્યાર બાદ વર્ષના અંત ભાગમાં રમાનારા જુનિયર હૉકી વર્લ્ડ કપમાં પણ બન્ને દેશની ટીમ સામસામે આવશે.

ખરું કહીએ તો ક્રિકેટની જેમ હૉકીમાં પણ ભારત અને પાકિસ્તાનની ટીમ સામસામે આવે એ બધાના હિતમાં છે. જો બન્ને કટ્ટર દેશની ટીમ મેદાન પર સામસામે ટકરાય તો આખી દુનિયાનું એ મૅચ પર ધ્યાન રહે, કરોડો લોકો એ મૅચ જોવામાં રસ લે અને બ્રૉડકાસ્ટર્સને તેમ જ સ્પૉન્સર્સ તથા અન્ય ઍડવર્ટાઇઝરોને ધીકતી કમાણી થાય. ■

# પોર્ટુગલ-લિવરપુલના ફૂટબોલર ડિયોગો જોટા અને તેના ભાઈનું કાર અકસ્માતમાં મૃત્યુ

## ▶ ૧૦ દિવસ પહેલાં ફૂટબોલરના લગ્ન થયા હતા

મૅડ્રિડ (સ્પેન)ઃ પોર્ટુગલના ૨૮ વર્ષની ઉંમરના જાણીતા ફૂટબૉલ ખેલાડી ડિયોગો જૉટા અને તેના ભાઈનું ગુરુવારે સ્પેનમાં કાર અકસ્માતમાં મૃત્યુ થયું હતું. તેઓ લમ્બોર્ગિની કારમાં જઈ રહ્યા હતા ત્યારે તેમની કારને અકસ્માત નડ્યો હતો અને કાર ભડકે બળવા લાગી હતી. કાર આગની લપેટમાં આવ્યા બાદ આગની જ્વાળા આજુબાજુના ઝાડ અને છોડવાઓ સુધી પણ પહોંચી હતી. આગને ઠારવા તાબડતોબ ફાયરફાઇટર્સને બોલાવવામાં આવ્યા હતા.

સ્પૅનિશ સિવિલ ગાર્ડે ઍસોસિયેટેડ પ્રેસ (એપી)ને સમર્થન આપતા જણાવ્યું હતું કે ડિયોગો જૉટા અને તેના નાના ભાઈ તથા પોર્ટુગલના જાણીતા ફૂટબૉલ ખેલાડી પચીસ વર્ષીય આન્દ્રે સિલ્વાનું પણ આ દુર્ઘટનામાં મૃત્યુ થયું છે. હજી ૧૦ દિવસ પહેલાં ડિયોગો જૉટાના લગ્ન થયા હતા. જૉટા અને તેની પાર્ટનર રુટ કાર્ડોસો ૧૦ વર્ષથી એકમેકની રિલેશનશિપમાં હતા અને તેમને ત્રણ બાળકો છે જેમાંના ત્રીજા બાળકનો હજી ગયા વર્ષે જન્મ થયો હતો. જૉટા-રુટે લગ્ન બાદ સોશિયલ મીડિયાની પોસ્ટમાં લખ્યું હતું, ‘અમે જીવનભર એકમેકની સાથે રહેવા વચનબદ્ધ છીએ.’

જૉટા અને વિશ્વવિખ્યાત ફૂટબૉલ પ્લેયર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો પોર્ટુગલ અને લિવરપુલ ટીમ વતી ઘણી મૅચો સાથે રમ્યા હતા. રોનાલ્ડોએ સાથી ખેલાડી જૉટાના મૃત્યુ વિશે આઘાત અને શોક વ્યક્ત કર્યા હતા.

પોલીસે આપેલી માહિતી મુજબ બુધવારની મધરાત બાદ આ કારનો અકસ્માત કયા કારણસર થયો એની તપાસ થઈ રહી છે. પોલીસે પત્રકારોને કહ્યું હતું કે અકસ્માત વખતે જૉટા-આન્દ્રેની લમ્બોર્ગિની કારની આસપાસ બીજું કોઈ જ વાહન નહોતું. બન્ને ભાઈના મૃતદેહને ફૉરેન્સિક તપાસ માટે લૅબમાં મોકલવામાં આવ્યા હતા.

આ અકસ્માત સ્પેનમાં ઉત્તર-પશ્ચિમ ભાગમાં આવેલા જમોરા શહેર નજીક થયો હતો. કરોડો રૂપિયાની કિંમતની તેમની કાર અકસ્માત બાદ નજીકના થોડા નીચાણવાળા ભાગમાં જઈને પડી હતી. કાર પલટી ખાઈ જતાં અકસ્માત થયો હતો અને કાર ભડકે બળવા લાગી હતી.

પ્રાથમિક અહેવાલ મુજબ કાર કોણ ચલાવી રહ્યું હતું એ નહોતું જાણવા મળ્યું, પરંતુ કારમાં જૉટા અને તેનો ભાઈ આન્દ્રે, બે જ જણ હતા. બીજી એક થિયરી એવી છે કે હાઇવે નજીકના રોડ પર જૉટા-આન્દ્રેની કાર અન્ય કોઈ વાહનને ઓવરટેક કરવા ગઈ ત્યારે કારનું ટાયર ઓચિંતુ ફાટ્યું હતું અને કાર બાજુના રસ્તા પર ફંટાઈ જતાં ગમખ્વાર અકસ્માત થયો હતો.

સ્પૅનિશ મીડિયામાં પ્રગટ થયેલી વીડિયો ઇમેજિસ પરથી એવું જણાતું હતું કે રસ્તા પર જૉટા-આન્દ્રેની કારના બ્રેક નજીકના ટાયરની છાપ પડી ગઈ છે અને કાર એ છાપથી થોડા મીટર દૂર પડી હતી.







ડિયોગો જૉટા (એકદમ ઉપર) પોર્ટુગલનો જાણીતો ખેલાડી હતો. તેના પરિવારમાં પત્ની અને ત્રણ બાળકો છે.

### પોર્ટુગલને ગયા મહિને ટ્રોફી અપાવી

ફૉર્વર્ડ પ્લેયર જૉટાએ લિવરપુલ વતી ૧૨૩ મૅચમાં ૪૭ ગોલ કર્યા હતા. તેણે પ્રોફેશનલ ફૂટબૉલમાં કુલ ૩૦૨ મૅચમાં ૧૦૨ ગોલ કર્યા હતા. પોર્ટુગલ વતી તેણે ૪૯ મૅચમાં ૧૪ ગોલ કર્યા હતા. હજી ગયા મહિને તેણે પોર્ટુગલને નૅશન્સ લીગની ટ્રોફી અપાવવામાં મોટી ભૂમિકા ભજવી હતી.

લિવરપુલની ટીમ સાથે જૉટા પાંચ વર્ષથી સંકળાયેલો હતો. આ ટીમની લિવરપુલ ક્લબે મીડિયામાં જણાવ્યું હતું કે ‘જૉટા અસાધારણ ખેલાડીથી પણ વિશેષ હતો. ટીમમાં બધા ખેલાડીઓ તેમ જ કોચ સહિતના અધિકારીઓમાં તે પ્રિય હતો.’

સ્વિટઝરલૅન્ડમાં મહિલાઓની યુરોપિયન ચૅમ્પિયનશિપમાં પોર્ટુગલ-સ્પેન વચ્ચેની મૅચ પહેલાં જૉટા અને તેના ભાઈ આન્દ્રેને અંજલિ આપવા એક મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

### પોર્ટુગલના વડા પ્રધાન શોકગ્રસ્ત

પોર્ટુગલના વડા પ્રધાન લુઇસ મૉન્ટેનેગ્રોએ મીડિયાની પોસ્ટમાં જૉટા અને આન્દ્રેના અકસ્માતની ઘટના વિશે આઘાત વ્યક્ત કરતા લખ્યું હતું, ‘માનવામાં ન આવે એવી દુર્ઘટના બની ગઈ. જૉટા અને તેના ભાઈના મૃત્યુથી હું ખૂબ આઘાતગ્રસ્ત છું. જૉટા એવો ઍથ્લીટ-ફૂટબોલર હતો જેણે દુનિયામાં પોર્ટુગલનું નામ રોશન કર્યું હતું. સૉકર જગત માટે આ ખૂબ ખરાબ દિવસ છે. જૉટા-આન્દ્રેના પરિવારને ઈશ્વર આ આપત્તિનો સામનો કરવાની હિંમત આપે એવી પ્રાર્થના કરું છું.’

### હજી ગયા મહિને અમે સાથે રમ્યાઃ રોનાલ્ડો

પોર્ટુગલના સૉકર સુપરસ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ ફેસબુક પેજ પરના શોકસંદેશમાં લખ્યું હતું કે ‘ જૉટા અને તેનો ભાઈ આન્દ્રે આ અકસ્માતનો ભોગ બન્યા એ હજી મારા માનવામાં જ નથી આવતું. હજી ગયા મહિને હું અને જૉટા પોર્ટુગલની ટીમ વતી રમ્યા હતા અને થોડા દિવસ પહેલાં તો તેના લગ્ન થયા હતા. આ શું થઈ ગયું એ જ નથી સમજાતું. તેની પત્ની, બાળકો અને સમગ્ર પરિવારને હું દિલસોજી પાઠવું છું. જૉટા અને આન્દ્રેના આત્માને શાંતિ મળે એ જ પ્રાર્થના. વી વિલ મિસ યુ.’

સ્પેનના વિખ્યાત ટેનિસ પ્લેયર રાફેલ નડાલ તેમ જ જાણીતા બાસ્કેટબૉલ ખેલાડી લેબ્રોન જેમ્સ સહિત અનેક ખેલાડીઓ અને ઍથ્લીટોએ પણ મીડિયામાં જૉટા અને આન્દ્રેને અંજલિ આપી હતી. ■


## ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**કાન**
૪૦ વર્ષોના અનુભવી પાસે, દવાથી કાન સીવરાવવા. ઘાટકોપર - અંધેરી - સેન્ડહર્સ્ટ રોડ - વાલકેશ્વર - દાદર - ચોપાટી ૯૮૬૯૪૧૬૪૮૧. (બી-૧૬૦૭૯)

### ૧૪. નોકરી ખાલી છે

GOVT. REGISTERED CO. Requires Retired, Homemakers, Bankers, Salary + PF. 9029094202. (B-16189)

### ૧૭. જગ્યા આપવી છે

**કાંદિવલી વેસ્ટ**
જતીન વિલા, રેડી પજેસન, OC સાથે, નવા ટાવરમાં, સારા વ્યૂવાળા 1 BHK - 2 BHK અને જોડી ફ્લેટ, ખજુરિયા ગાર્ડન અને શ્રી દ્વારકેશ હવેલી પાસે સંપર્ક 9820436340. (જેપી/૪૫૦૩-ઈ)

MahaRERA Registration No. P51800047071 available on https://maharera.mahaonline.gov.in MahaRERA QR
GHATKOPAR EAST
NEELSIDHI BRINDAVAN
ON VALLABH BAUG LANE
3 BHK LUXURY FLATS
₹ 3.51 CR*. ONWARDS *T & C Apply
READY POSSESSION
OC RECEIVED
98334 69305
(B-16070)

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦’ કારપેટ અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦’ કારપેટ, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશિયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. “ઓનર”- 9820156133. (બી-૧૫૮૮૧)

### ૧૭. જગ્યા આપવી છે

**ચોપાટી**
**ન્યુ ટાવર, 2 BHK. રેરા કાર્પેટ 800 સ્કે ફીટ, 1 રિઝર્વ પાર્કિંગ, જૈન મંદિર પાસે, 6.5 CR વેચવાનું છે. 8080753577. (Time: 10-6) (દલાલ માફ). (બી-૧૬૧૯૬)**

**LEAVE & LICENCE**
Aanand Darshan peddar road 2 bhk 1.60 Lac 1 parking, sea view Sunbeam peddar road 2 bhk 1.25 Lac. Om Daryamahal Napeansea road 2 bhk 1.75 Lac nego. 1 parking 9892710071/ 9619048555. (B-16184)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**અંધેરી (પૂર્વ) મહાકાલી**
એમ.આય.ડી.સી. ઈન્ડસ્ટ્રીઅલ ગાલા, લીવલાયસંસ એરિયા ૪૦૦ થી ૭૫૦૦ ફર્નીશ્ડ/ અનફર્નીશ્ડ ૨૦ ફુટ ઉંચાઈવાળા લોફ્ટ સાથે. સંપર્કઃ ૯૮૨૧૦૪૯૯૧૧. (એસડીબીજી-૨૬૯૭)

### ૨૦. ધંધાદારી જગ્યા

**PRIME LOCATION**
**For Bank Lease. Ground Floor, area 2412 Carpet, Gokhale Road, Patil Marg, Dadar (West). Mobile: 8080753577 (10 to 5) (Broker Excuse). (B-16195)**

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**સદાશિવ જ્યોતિષ**
(મુફત સલાહ) 21 વર્ષોનો અનુભવી, મનચાહા પ્યાર, લગ્ન વિલંબ, સૌતનત્રાસ - 8080769503 (અંધેરી) (શુદ્ધ નવગ્રહ રત્ન ઉપલબ્ધ). (બી-૧૬૧૮૭)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ACE પેસ્ટીસાઈડ**
(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૫૯૯૨-એ)

### ૫૨. કુરીઅર્સ

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૬૧૫૭)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

# સેન્સેક્સ ૧૭૦ પોઇન્ટ લપસ્યો, નિફ્ટી ૨૫,૪૫૦ની નીચે સરક્યો: એસબીઆઇ લાઇફ, કોટક બેન્ક ત્રણ ટકા સુધી તૂટ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાની ટેરિફ ડેડલાઇન નજીક આવતી હોવાથી સર્જાયેલા સાવચેતીના માનસ વચ્ચે ગુરુવારે નાણાકીય અને મેટલ શેરોમાં સત્રના કામકાજના છેલ્લા કલાકની વેચવાલીથી બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીએ ઇન્ટ્રા-ડે સુધારો ગુમાવીને નીચા સ્તરે ગબડ્યા હતા. ત્રીસ શેરો ધરાવતો સેન્સેક્સ ૧૭૦.૨૨ પોઈન્ટ અથવા ૦.૨૦ ટકા ઘટીને ૮૩,૨૩૯.૪૭ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૪૪૦.૪ પોઈન્ટ અથવા ૦.૫૨ ટકા વધીને ૮૩,૮૫૦.૦૯ની ઊંચી સપાટીને અથડાયો હતો. જ્યારે પચાસ શેરો ધરાવતો નિફ્ટી ૪૮.૧૦ પોઈન્ટ અથવા ૦.૧૯ ટકા ઘટીને ૫,૪૦૫.૩૦ પોઇન્ટની સપાટીએ બંધ થયો હતો.

સેન્સેક્સ કંપનીઓમાં, કોટક મહિન્દ્રા બેંક, બજાજ ફિનસર્વ, બજાજ ફાઇનાન્સ, અદાણી પોર્ટ્સ, ટ્રેન્ટ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, ટાઇટન અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ ટોપ લૂઝર રહી હતી. જોકે, મારુતિ, ઇન્ફોસિસ, એનટીપીસી, એશિયન પેઇન્ટ્સ, એટર્નલ અને હિન્દુસ્તાન યુનિલિવરટોપ ગેઇનર હતા.

મોટા બ્લોક ડીલમાં છ કરોડ રૂપિયાના શેરના હસ્તાંતરણને કારણે નાયકાના શેરમાં ૪.૫ ટકાનો કડાકો હતો. ક્લેરોસની તરફેણમાં ૪૯૦ મિલિયન આર્બિટ્રેશનના ચુકાદા પછી ટાટા પાવરના શેર બે ટકા સુધી તૂટ્યા હતા. નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટરના પરિણામ બાદ અપડેટ પછી એવન્યુ સુપરમાર્ટ્સના શેરમાં ચાર ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. યુએસ-વિયેતનામ વેપાર સોદા પછી એશિયન બજારોમાં સુધારો જોવા મળ્યો હોવાથી ગુરુવારે ભારતીય બેન્ચમાર્ક ઇક્વિટી સૂચકાંકો ઊંચા ખુલ્યા હતા. રોકાણકારો યુએસ-ભારત કરાર પર સંભવિત વિકાસની રાહ જોઈ રહ્યા છે. સેન્સેક્સ પેકમાં, એશિયન પેઇન્ટ્સ, એટર્નલ, ઇન્ફોસિસ, ટાટા સ્ટીલ, પાવર ગ્રીડ અને આઇસીઆઇસીઆઇ બેંક ઊંચા મથાળે ખુલ્યા હતા અને ૧.૭૦ ટકા સુધી વધ્યા હતા, દરમિયાન, કોટક મહિન્દ્રા બેંક, બજાજ ફાઇનાન્સ, ઇઊક અને ટ્રેન્ટ રેડ ઝોનમાં ટ્રેડ કરી રહ્યા હતા. સેક્ટરલ ધોરણે નિફ્ટી ઓટો, આઇટી અને મેટલ ૦.૩૦ ટકા અને ૦.૭૦ ટક સુધી આગળ વધ્યા હતા, જ્યારે પીએસયુ બેંક, રિયલ્ટી અને ફાઇનાન્શિયલ સર્વિસિસ નકારાત્મક ઝોનમાં ખૂલ્યા હતા.

મોબીક્વિકની સબ્સિડરીને સેબીએ સ્ટોકબ્રોકર તરીકે કામ કરવાની મંજૂરી આપી છે. એલેમ્બિક ફાર્માએ અમેરિકન સબ્સિડરી મારફત યુટિલિટી થેરાપેટિક હસ્તગત કરી હતી. ઇન્ડોગલ્ફ ક્રોપસાયન્સનો શેર તેના રૂ. ૧૧૧ના ઇશ્યૂ ભાવે જ લિસ્ટેડ થયો હતો. બાંગા પરિવારે બ્યુટી રિટેલર નાયકાની પેરેન્ટ કંપની એફએસએન ઇકોમર્સ વેન્ચર્સમાંથી બલ્ક ડીલ મારફત રૂ. ૧૨૧૩ કરોડમાં ૨.૧ ટકા હિસ્સો વેચી દીધો છે. મિશોએ કોન્ફીડેન્શિયલ રૂટ મારફત આઇપીઓ લાવવા ડ્રાફ્ટ પેપર્સ જમા કરાવ્યા છે.

જેએમ ફાઇનાન્શિયલ એસેટ મેનેજમેન્ટ લિમિટેડે ઓપન એન્ડેડ ઇક્વિટી સ્કીમ, જેએમ લાર્જ એન્ડ મિડ કેપ ફંડ સાથે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. એનએફઓ ચોથી જુલાઈથી ૧૮ જુલાઈ સુધી ખૂલ્લો રહેશે. આ યોજનાનો રોકાણનો ઉદ્દેશ્ય સારી ગુણવત્તાના હાઇગ્રોથ શેરોમાં રોકાણ કરીને વળતર ઉભું કરવાનો છે. લિક્વિડિટી અને ફ્લેક્સિબિલિટી આ સ્કીમની પોર્ટફોલિયો વ્યૂહરચનાનો પાયો છે. વીકલી એક્સપાઇરીના દિવસે બજારોમાં અસ્થિરતા જોવા મળી હતી અને બેન્ચમાર્ક નજીવા ઘટાડા સાથે બંધ રહ્યો હતો. હાલ કોન્સોલિડેશન તબક્કો ચાલી રહ્યો છે. ક્ષેત્રવાર, વલણ મિશ્ર રહ્યું હતું, જેમાં ઓટો અને ફાર્માએ સુધારો નોંધાવ્યો, જ્યારે મેટલ અને રિયલ્ટીમાં સારુ ધોવાણ જોવા મળ્યું હતું. વ્યાપક બજારના શેરઆંકોએ પણ આ હિલચાલને પ્રતિબિંબિત કરીને ફ્લેટ નોંધ પર બંધ આપ્યું હતું.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ ઊંચો સ્થિર થયો જ્યારે હોંગકોંગનો હેંગસેંગ નીચો રહ્યો હતો. યુરોપિયન બજારો મિશ્ર નોંધ પર ટ્રેડ થઈ રહ્યા હતા. બુધવારે યુએસ બજારો મોટાભાગે ઊંચા બંધ થયા હતા.

ગુરુવારે એક માસિક સર્વેમાં જણાવાયું છે કે, આંતરરાષ્ટ્રીય વેચાણ અને રોજગાર સર્જનમાં મજબૂત વિસ્તરણ, માગના સકારાત્મક વલણો અને વેચાણમાં સતત સુધારાને કારણે જૂન મહિનામાં ભારતીય સેવા ક્ષેત્રનો વિકાસ દસ મહિનાની ટોચે પહોંચ્યો હતો. નવા બિઝનેસ ઓર્ડરમાં તીવ્ર વધારાને કારણે મોસમી રીતે સમાયોજિત એચએસબીસી ઇન્ડિયા સર્વિસીસ પીએમઆઇ બિઝનેસ એક્ટિવિટી ઇન્ડેક્સ મે મહિનામાં ૫૮.૮થી વધીને જૂનમાં ૬૦.૪ થયો હતો.

ગ્લોબલ ક્રૂડ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૦૩ ટકા ઘટીને ૬૮.૪૦ ડોલર પ્રતિ બેરલ બોલાયું છે. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ બુધવારે રૂ. ૧,૫૬૧.૬૨ કરોડના મૂલ્યના ઇક્વિટી વેચ્યા હતા. બુધવારે, સેન્સેક્સ ૨૮૭.૬૦ પોઈન્ટ અથવા ૦.૩૪ ટકા ઘટીને ૮૩,૪૦૯.૬૯ પર બંધ થયો. નિફ્ટી ૮૮.૪૦ પોઈન્ટ અથવા ૦.૩૫ ટકા ઘટીને ૨૫,૪૫૩.૪૦ પર સ્થિર થયો હતો.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં હેલ્થકેર, ઓઈલ એન્ડ ગેસ અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ વધ્યા હતા, સર્વિસીસ ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યો, માર્કેટ કેપ સહેજ ઘટીને રૂ. ૪૬૦.૩૧ લાખ કરોડ થયું હતું. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૬૦.૭૬ લાખ કરોડથી રૂ. ૦.૪૫ લાખ કરોડ ઘટીને રૂ. ૪૬૦.૩૧ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સની ૧૨ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૮ સ્ક્રિપ્સ ઘટી હતી.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ હેલ્થકેર ૦.૭૪ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૪૫, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૪૩ ટકા, ઓટો ૦.૪ ટકા, એનર્જી ૦.૩ ટકા, એફએમસીજી ૦.૧૮ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી અને કેપિટલ ગુડ્સ ૦.૧૩ ટકા અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ૦.૦૬ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે સર્વિસીસ ૧.૦૮ ટકા, મેટલ ૦.૭૭ ટકા, રિયલ્ટી ૦.૬૧ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૫૫ ટકા, બેન્કેક્સ અને યુટિલિટીઝ ૦.૪૮ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૩૯ ટકા, કોમોડિટીઝ ૦.૩૩ ટકા અને પાવર ૦.૨૮ ટકા ઘટ્યા હતા. એક્સચેન્જમાં ૪,૧૬૮ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૦૦૯ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૦૦૧ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૫૮ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૪૮ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૫૪ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૮ સ્ટોક્સને ઉપલી જ્યારે ૧૦ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૦૬ ટકા ઘટ્યો અને બીએસઈ સ્મોલકેપ ૦.૪૭ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૧૯ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૨૫ ટકા ઘટ્યો હતો. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે મારુતિ ૦.૯૮ ટકા, ઈન્ફોસિસ ટેકનોલોજી ૦.૫૧ ટકા, એશિયન પેઈન્ટ્સ ૦.૪૪ ટકા, એનટીપીસી ૦.૩૬ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૩૬ ટકા, ઈટર્નલ ૦.૩૫ ટકા, અને તાતા મોટર્સ અને મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૨૯ ટકા વધ્યા હતા, જ્યારે કોટક બેન્ક ૧.૯૧ ટકા, બજાજ ફિન સર્વ ૧.૩૫ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૩૦ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૮૦ ટકા, ટાઈટન ૦.૭૬ ટકા, ટ્રેન્ટ ૦.૭૬ ટકા, સ્ટેટ બેન્ક ૦.૭૫ ટકા, તાતા કન્સલ્ટન્સી ૦.૬૬ ટકા, ભારતી એરટેલ ૦.૫૯ ટકા અને એચસીએલ ટેકનોલોજી ૦.૪૩ ટકા ઘટ્યા હતા.

### અમેરિકાના પૅરોલ ડેટાની જાહેરાત પૂર્વે વૈશ્વિક સોનામાં સાંકડી વધઘટ

## સ્થાનિક સોનામાં ₹ ૧૪૩નો ઘટાડો, ચાંદી ₹ ૯૩૨ વધી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આજે મોડી સાંજે થનારી અમેરિકાના પૅ રૉલ ડેટાની જાહેરાત પૂર્વે લંડન ખાતે સોનામાં બેતરફી સાંકડી વધઘટ જોવા મળી હતી અને ચાંદીના ભાવમાં ધીમો સુધારો આગળ ધપવા સાથે ફરી ભાવ ઔંસદીઠ ૩૭ ડૉલરની નજીક પહોંચ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ સતત બીજા સત્રમાં બન્ને કિંમતી ધાતુઓમાં સામસામા રાહ જોવા મળ્યા હતા, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૩નો ઘટાડો આવ્યો હતો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૯૩૨ની આગેકૂચ જોવા મળી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૯૩૨ની તેજી સાથે રૂ. ૧,૦૭,૬૨૦ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ તેમ જ જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહેવા ઉપરાંત આજે ડૉલર સામે રૂપિયો ૨૯ પૈસા મજબૂત થવાથી સોનાની આયાત પડતરો પણ ઘટી આવતાં હાજરમાં વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૩ના ઘટાડા સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૬,૯૪૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૭,૩૩૭ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોનાં સાવચેતીના વલણ વચ્ચે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩૪૭.૪૪ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા ઘટીને ૩૩૫૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા વધીને ઔંસદીઠ ૩૬.૯૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

હાલમાં વૈશ્વિક સોનું ઔંસદીઠ ૩૩૨૦થી ૩૩૬૦ ડૉલર આસપાસની રેન્જમાં કોન્સોલિડેટ થઈ રહ્યું છે, બજાર વર્તુળોએ થોભો અને અને આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના રૉલ ડેટાને ધ્યાનમાં લેતા રાહ જુઓની નીતિ અપનાવી હોવાનું ઓએએનડીએનાં વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવ્યું હતું.

ગઈકાલે અમેરિકાના એડીપી ડેટાની થયેલી જાહેરાત મુજબ ગત જૂન મહિનામાં બે વર્ષના સમયગાળા બાદ ખાનગી રોજગારીમાં ૩૩,૦૦૦નો ઘટાડો થયો હોવાના અહેવાલ હતા. એકંદરે આર્થિક અનિશ્ચિતતાની માઠી અસર રોજગાર પર પડી રહી છે, પરંતુ એકંદરે રોજગારમાંથી છૂટા કરવાનું પ્રમાણ ઓછું રહેતાં શ્રમ બજારને ટેકો મળી રહ્યો છે. આજે મોડી સાંજે જાહેર થનારા નોન ફાર્મ પૅ રૉલ ડેટામાં ગત જૂન મહિનામાં ૧.૧૦ લાખ રોજગારનો ઉમેરો થવાની ધારણા રૉઈટર્સના વિશ્લેષકો મૂકી રહ્યા છે. જોકે, ગત મે મહિનામાં રોજગારીમાં ઉમેરો ૧.૩૯ લાખના સ્તરે રહ્યો હતો.

દરમિયાન અમેરિકા વિયેટનામથી થતી આયાત સામે ૨૦ ટકા ટૅરિફ લાદશે, એવી ટ્રમ્પે ગઈકાલે જાહેરાત કરી હતી.

નોંધનીય બાબત એ છે કે દક્ષિણપૂર્વ એશિયાનું આ રાષ્ટ્ર અમેરિકાનો ૧૦માં ક્રમાંકનો સૌથી મોટો વેપારી ભાગીદાર દેશ છે.

આમ વિયેટનામની ટ્રેડ ડીલ થઈ ગઈ છે, પરંતુ અન્ય મોટા વેપારી ભાગીદાર દેશો સાથેની ટ્રેડ ડીલ હજુ ચિંતાનો વિષય હોવાનું વૉન્ગે જણાવતા ઉમેર્યું હતું કે અમેરિકા અને ભારત વચ્ચેની ટ્રેડ ડીલ પણ નવમી જુલાઈ પહેલા થઈ જવાની શક્યતા જણાય છે. જોકે, ટ્રમ્પે જાપાન સાથેની ટ્રેડ ડીલની વાટાઘાટોમાં કોઈ પ્રગતિ ન થઈ હોવાનું જણાવ્યું હતું.

## અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં અને ક્રૂડતેલમાં ઘટાડો થતાં ડૉલર સામે રૂપિયો પૈસા વધ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગઈકાલે અમેરિકાનાં નોન ફાર્મ પૅ રૉલ ડેટા બજારની અપેક્ષા કરતાં નબળા આવતા વૈશ્વિક વિનિમય બજારમાં આજે અમેરિકાની ટ્રેઝરીની યિલ્ડમાં ઘટાડો થયો હોવાથી તેમ જ આજે બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાત પૈસાના સુધારા સાથે ૮૫.૫૫ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી વેચવાલી રહી હોવાનાં અહેવાલને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૬૨ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૬૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૭૦ અને ઉપરમાં ૮૫.૧૯ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે સાત પૈસાના સુધારા સાથે ૮૫.૫૫ની સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે ગઈકાલે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ જોવા મળ્યા બાદ આજે ઘટ્યા મથાળેથી જોવા મળેલા ધીમા સુધારા ઉપરાંત ક્રૂડતેલની નરમાઈને ટેકે રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાનું મિરે એસેટ્સ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે ડૉલર ઈન્ડેક્સ અને ક્રૂડતેલના નરમાઈના અન્ડરટોનને કારણે આગામી દિવસોમાં રૂપિયાના સુધારાને ટેકો મળી શકે છે, પરંતુ ટૅરિફની અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા શક્યતઃ સુધારો મર્યાદિત રહે તેમ જણાય છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૫ ટકાના સાધારણ સુધારા સાથે ૯૬.૮૨ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૦૧ ટકા ઘટીને બેરલદીઠ ૬૮.૪૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. તેમ છતાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૭૦.૨૨ પૉઈન્ટનો અને ૪૮.૧૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૫૬૧.૬૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહ્યાના નિર્દેશોને કારણે રૂપિયામાં સુધારો સીમિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## મથકો પાછળ સિંગતેલમાં ₹ ૨૫નો ઉછાળો

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૩૬ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૧ રિંગિટ વધી આવ્યાના અહેવાલ હતા. આ સિવાય આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં દેશાવરોની માગને ટેકે તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ .૨૫નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હોવાથી તેમ જ અન્ય મથકો પર દેશી તેલના ભાવ વધી આવ્યા હતા. આમ વૈશ્વિક ઉપરાંત સ્થાનિક સ્તરના પ્રોત્સાહક અહેવાલે આજે દેશી-આયાતી તેલના ભાવમાં તેજી આગળ ધપી હતી. સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૧૦ કિલોદીઠ સિંગતેલમાં રૂ. ૨૫, કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૫, સોયા રિફાઈન્ડ અને સરસવમાં રૂ. ૧૦ અને આરબીડી પામોલિન તથા સન રિફાઈન્ડમાં રૂ. પાંચ વધી આવ્યા હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૧૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૮૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૨૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૧૪૨ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૦, પતંજલિ ફૂડ્સના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૦, અલાનાન આરબીડી પામોલિનના ખપોલીથી રૂ. ૧૧૬૫ અને એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૮૦ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ વેપારો પણ છૂટાછવાયા ગોઠવાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૧૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૫, સિંગતેલના રૂ. ૧૪૧૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦ અને સરસવના રૂ. ૧૫૧૦ના મથાળે રહ્યા હતા.


### પબ્લિક નોટિસ

૧૨૧, ડૉ. એસ.એસ. રાવ રોડ, લાલબાગ, મુંબઈ-૧૨ ખાતે સરનામું ધરાવતા હિલ્લા ટાવર્સ કો-ઓપરેટિવ હા.સો.લિ.ના એક સભ્ય શ્રી કેર્સી ગેવ લુથ અને સોસાયટીના બિલ્ડિંગમાં ફ્લેટ/ટેનામેન્ટ નં. ૧૦૦૧ ધરાવતા, ૧૫ નવેમ્બર ૨૦૨૪ના કોઈપણ નામાંકન કર્યા વિના મૃત્યુ પામ્યા હતા.

સોસાયટી, આ નોટિસના છપાયાથી ૧૫ દિવસની અંદર સોસાયટીની કેપિટલ/મિલકતમાં મૃત સભ્યના સદર શેર્સ અને હિતના ટ્રાન્સફર માટે વારસદાર અથવા વારસદારો અથવા અન્ય દાવેદારો/વિરોધકો પાસેથી દાવાઓ અથવા વાંધાઓ મંગાવી રહી છે, જે સોસાયટીની કેપિટલ/મિલકતમાં મૃત સભ્યના શેર્સ અને હિતના ટ્રાન્સફર માટેના તેના/તેણીના/તેમના દાવાઓ/વાંધાઓના સમર્થનમાં આવા દસ્તાવેજો અને અન્ય પુરાવાની નકલો સાથે જોઈશે. જો ઉપરોક્ત નિર્ધારિત સમયગાળામાં કોઈ દાવા/વાંધા પ્રાપ્ત થશે નહીં, તો સોસાયટી, સોસાયટીના પેટા-નિયમો હેઠળ જોગવાઈ કરાયા મુજબની રીતમાં સોસાયટીની કેપિટલ/મિલકતમાં મૃત સભ્યના શેર્સ અને હિત સાથે લેવડદેવડ કરવા માટે સ્વતંત્ર રહેશે. સોસાયટીની કેપિટલ/મિલકતમાં મૃત સભ્યના શેર્સ અને હિતના ટ્રાન્સફર માટે સોસાયટીને મળેલા દાવા/વાંધાઓ, જો કોઈ હોય તો સોસાયટીના પેટા-નિયમો હેઠળ જોગવાઈ કરાયા મુજબની રીતમાં લેવડદેવડ થશે. સોસાયટીના રજિસ્ટર્ડ પેટા-નિયમોની એક નકલ દાવેદારો/વાંધાઓ દ્વારા સોસાયટીના સેક્રેટરી પાસે સોસાયટીની ઓફિસમાં સ. ૧૧.૦૦ ક.થી સાં. ૫.૦૦ કલાક સુધી નોટિસ છપાયાની તારીખથી તેની મુદત પૂરી થાય ત્યાં સુધી નિરીક્ષણ માટે ઉપલબ્ધ રહેશે.

સ્થળ : મુંબઈ

તારીખ : ૩જી જુલાઈ ૨૦૨૫

હિલ્લા ટાવર્સ કો.ઓ.હા.સો.લિ.ના માટે અને વતી.

સહી/-

ઓ. સેક્રેટરી

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(પર્યાવરણ & આબોહવા પરિવર્તન)
૩જો માળ, વર્લી ગેરેજ બિલ્ડિંગ, ડૉ. ઈમોઝેસ રોડ, વર્લી, મુંબઈ-૧૮.

ચી. એન્જિ./Env. & C.C./૬૯૨ તા. 03.0૭.૨૦૨૫

ઈ-ટેન્ડર નોટિસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચેના ઓનલાઈન ટેન્ડર મંગાવે છે:-

| કામનું નામ | બારડી રકમ (રૂ.માં) | ટેન્ડર સ્ક્રુટીની ફી.(રૂ.માં) | બીડ પ્રારંભ તારીખ & સમય | બીડ અંતિમ તારીખ & સમય |
|---|---|---|---|---|
| ગણેશ ઉત્સવ ૨૦૨૫ માટે પાયલોટ ધોરણે ગણપતિ મૂર્તિઓના મૂર્તિકારો (મૂર્તિકારો) માટે ઈકો-ફ્રેન્ડલી પેઈન્ટની સપ્લાય. ટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૧૯૭૧૩૩_૧ | ૪૪,૨૦૦/- | ૭,૨૬૦ + ૧૮% GST/- | ૦૪.૦૭.૨૦૨૫ (સ. ૦૯.૦૦) | ૧૧.૦૭.૨૦૨૫ (સાં. ૪.૦૦) |

ટેન્ડર નકલ મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહાટેન્ડર્સ) પરથી ડાઉનલોડ કરી શકાય છે, તેમજ, ટેન્ડર નકલ ઈ-ટેન્ડર સેક્શન હેઠળ BMCની પોર્ટલ પરથી ડાઉનલોડ કરી શકાય છે.

સહી/-
એક્ઝિક્યૂટિવ એન્જિનિયર
(પર્યાવરણ & આબોહવા પરિવર્તન) -I i/c

PRO/895/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

### મધ્ય રેલવે

વોક-ઈન-ઈન્ટરવ્યૂ

એક વર્ષની મુદત માટે અથવા આગામી ઓર્ડર સુધી, બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી મધ્ય રેલવે, મુંબઈ ડિવિઝનમાં કોન્ટ્રાક્ટ ધોરણે કોન્ટ્રાક્ટ મેડિકલ પ્રેક્ટિશનર (સ્પેશિયાલિસ્ટ/ ઓર્થોપેડિક સર્જન)ની ૦૧ જગ્યા અને કોન્ટ્રાક્ટ મેડિકલ પ્રેક્ટિશનર (GDMO)ની ૦૧ જગ્યા માટે Sr. DPOની ઓફિસ, CSMTમાં નીચે જણાવ્યા મુજબ વોક-ઈન-ઈન્ટરવ્યૂ યોજાશે. ઉમેદવારોના વોક-ઈન-ઈન્ટરવ્યુનું શેડ્યૂલ નીચે મુજબ છે:

| પોસ્ટના નામ | તારીખ | રિપોર્ટિંગ સમય | સ્થળ |
|---|---|---|---|
| CMP (સ્પેશિયાલિસ્ટ/ ઓર્થોપેડિક સર્જન) | ૦૮.૦૭.૨૦૨૫ | ૧૦.૦૦ ક.થી ૧૨.૦૦ ક. સુધી | Sr. DPOની ઓફિસ, સેન્ટ્રલ રેલવે, પર્સનલ બ્રાન્ચ, ડિવિઝનલ રેલવે, મેનેજરની ઓફિસ, ૨જો માળ, એનેક્સ બિલ્ડિંગ, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, મુંબઈ-૪૦૦૦૦૧. |
| CMP (GDMO) | ૦૮.૦૭.૨૦૨૫ | ૧૦.૦૦ ક.થી ૧૨.૦૦ ક. સુધી | |

નોંધ: ૧. જો નિર્ધારિત તારીખે પૂર્ણ ન થાય તો ઈન્ટરવ્યૂ બીજા દિવસે પણ ચાલુ રાખી શકાય છે. ૨. આ સમિતિ દર બુધવારે w.e.f. ૧૬.૦૭.૨૦૨૫થી, જરૂર પડયે ખાલી જગ્યા ભરવા સુધી ઈન્ટરવ્યુ લેશે. વધુ વિગતો માટે નીચેની વેબસાઈટની મુલાકાત લો: ૧. www.cr.indianrailways.gov.in → About us → Division → Mumbai Personnel

ટેન્ડર નં. BB/P/GAZ/CMP/સ્પેશિયાલિસ્ટ & GDMO

खतरनाक व विस्फोटक सामान के साथ यात्रा करना दंडनीय अपराध है 221

BRIHANMUMBAI MAHANAGARPALIKA

No. Dy.C.E./S.I.C./૩૨૭૯/City તા. ૦૩.૦૭.૨૦૨૫

| | 'ઈ'-ટેન્ડર નોટિસ |
|---|---|
| વિભાગ | ચીફ એંજીનિયર (બિલ્ડીંગ મેઈન્ટેનન્સ) |
| ઉપ-વિભાગ | ડે. સીટી એંજીનિયર (સ્કુલ ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ) |
| વિષય | G/N વોર્ડ, મુંબઈની સોનાવાલા અગ્યારી લેન, માહિમ ખાતેની વર્તમાન ન્યુ માહિમ મ્યુનિસીપલ સ્કુલનું પ્રસ્તાવિત તોડકામ (ટેન્ડર ડોક્યુમેન્ટ નં. ૨૦૨૫_MCGM_૧૧૯૬૩૨૯) |
| ટેન્ડર વેચાણ | તા. ૦૪.૦૭.૨૦૨૫ સમય: સવારે ૧૧.૦૦ ક. થી તા. ૧૪.૦૭.૨૦૨૫ બપોરે સમય ૧૨.૦૦ સુધી |
| વેબસાઈટ | http://mahatenders.gov.in |
| સંપર્ક અધિકારી નામ. અધિકૃત ટેલીફોન નં. | ૧) શ્રી અશોક બી. કર્પે. આસી. એંજીનિયર (SIC), સીટી ઝોન-II. ફોન નં.: ૦૨૨-૨૪૩૮૧૮૩૫- Ext.-૨૨૩. મોબાઈલ નં.: ૯૮૯૨૨૫૮૫૫૧ |
| ઈ-મેઈલ એડ્રેસ | E-mail: aesic02.ce@mcgm.gov.in |

સહી/-
શ્રી અવિનાશ એ. વિશ્વાસરાવ
ડે. ચીફ એંજીનીયર
(સ્કૂલ ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ)

PRO/880/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(સ્યૂઅરેજ પ્રોજેક્ટ વિભાગ)

નં. ડે. ચીફ./ SP/ ૩૦૭૦/P&D/ઈ-ટેન્ડર નં. ૦૫/
નોટીસ નં. ૦૫, ૨૦૨૫-૨૬, તા. ૦૨.૦૭.૨૦૨૫

ઈ-ટેન્ડર નોટીસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી ''ટકાવારી રેટ ધોરણે'' નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ & સમય બીડ અંતિમ તારીખ & સમય ટેન્ડર સેકશન હેઠળ વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં ઉલ્લેખેલ છે.

ટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૧૯૬૫૬૪_૧

કામનું નામ

૧) R/ સાઉથ વોર્ડમાં વિષ્ણુ શિવમ મોલથી ઠાકુર ગામ રોડ, કાંદિવલી (પૂ.) ખાતે ૬૦૦ mm.dia સ્યૂઅર લાઈનની હાલના મેનહોલ સુધી વિષ્ણુ શિવમ રોડ સાથે HDD પદ્ધતિ દ્વારા ગ્રેડ અને ગોઠવણી સુધારવા માટે ૪૫૦ mm (OD) HDPE પાઈપ સ્યૂઅર લાઈન (PN- ૬ ક્લાસ- PE ૮૦ ગ્રેડ: IS ૧૪૩૩૩)ની જોગવાઈ અને નાખવી.
૨) R/ સાઉથ વોર્ડમાં નેપ્ચ્યૂન સોસાયટીથી પાંડે નગર ઓર્કિડ સોસાયટી, ઠાકુર ગામ, કાંદિવલી (પૂ.) સુધી ઠાકુર ગામ રોડ સાથે ઓપન કટ મેથડ દ્વારા ૪૦૦ mm dia - RCNP૩ પાઈપ સ્યૂઅર લાઈનની જોગવાઈ અને નાખવી.
૩) R/ સાઉથ વોર્ડમાં આશા નગર જંકશન, કાંદિવલી (પૂ.) ખાતે ૯૦ Ft. રોડ સાથે ૧૦૦૦ mm dia - સ્યૂઅર લાઈનના આશા નગર રોડથી હાલના MH સાથે ૩૫૦ mm dia. સ્યૂઅર લાઈનની હાલના MH થી ટ્રેન્ચલેસ પદ્ધતિ દ્વારા ૩૫૦ mm dia. RCNP3 પાઈપ સ્યૂઅર લાઈનની જોગવાઈ અને નાખવી.
૪) R/ સાઉથ વોર્ડમાં ગાંવદેવી રોડ, કાંદિવલી (પૂ.) સાથે ૯૦ Ft. રોડ ખાતે હાલના ૧૦૦૦ mm dia થી ૪૦૦ mm (OD) HDPE પાઈપ સ્યૂઅર લાઈન (PN-૬ ક્લાસ-PE ૮૦ ગ્રેડ: IS ૧૪૩૩૩)ની જોગવાઈ અને નાખવી.

S.E. (S.P.) P & D શ્રી શ્રીજીત પાટીલ, ૯૪૦૪૩૫૦૬૭.

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે મ્યુનિસિપલ વેબસાઈટ https://mahatenders.gov.in ની મુલાકાત લેવી.

સહી/-
એક્ષિ. એન્જિ. (સ્યૂઅરેજ પ્રોજેક્ટ)
પ્લાનિંગ અને ડિઝાઈન, W.S.

PRO/889/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

### મધ્ય રેલવે

વિવિધ કામો

**ક્રમ સં. ૧. કામનું નામ-** A) MBQ, DW, Kopar, DI અને THK સ્ટેશનોના પ્લેટફોર્મ્સનું વિસ્તરણ. B) થાણે અને કલવા સ્ટેશનોના પ્લેટફોર્મનું વિસ્તરણ. C) CSMT-KYN વચ્ચે ૧૫ કાર ઉપનગરીય ટ્રેનો દોડાવવા માટે CSMTના પ્લેટફોર્મ નં. ૫ અને ૬નું વિસ્તરણ. **અંદાજિત મૂલ્ય:** રૂા. ૨૦૯.૨૦ લાખ. **EMD:** રૂા. ૨૫૪,૬૦૦, **સમાપ્તિ અવધિ:** ૩ મહિના. **ક્રમ સં. ૨: કામનું નામ:** A) કુર્લા કારશેડ ખાતે પીટ લાઈન નં. ૧૨નું માઈનર રિપેરિંગ અને લાઈન નં. ૧૩ & ૧૪ માટેની નિરીક્ષણ પીટ લાઈનની ઊંડાઈમાં સુધારણા. B) CLA કારશેડ- હાલની આરામ-સુવિધાની સુધારણા તેની સાથે કર્મચારીઓ માટેની ચેન્જીંગ અને લોકીંગ વ્યવસ્થાની સુધારણા. **અંદાજિત મૂલ્ય:** રૂ. ૪૪૪.૮૮ લાખ. **EMD:** રૂા. ૩,૭૨,૫૦૦. **સમાપ્તિ અવધિ:** ૧૨ મહિના. **ક્રમ સં. ૩: કામનું નામ:** BND- ભાંડુપ સ્ટોર ડેપોનાં ગોડાઉન, ઓફિસ, શૌચાલય ઈ.ની સુધારણા. **અંદાજિત મૂલ્ય:** રૂા. ૨૦૬.૦૮ લાખ. **EMD:** રૂા. ૨૫૩,૦૦૦. **સમાપ્તિ અવધિ:** ૧૨ મહિના. **ક્રમ સં. ૪: કામનું નામ:** (A) વાલધુની-વાલધુની કોલોની ખાતે RB-II/૧૦૨૮, RB-II/૧૦૦૯ (કુલ ૪૦ યુનીટ્સ)નું સ્ટ્રકચરલ પુનર્વસન/સમારકામ. B) ADEN (W) KYN હેઠળ કલ્યાણ સ્ટેશન ખાતે સર્વિસ બિલ્ડિંગનું સમારકામ જેમાં ટપકતી છત, તૂટેલી ફ્લોરિંગ, શૌચાલયનું નવીનીકરણ, ફૉલ્સ સિલીંગનું સમારકામ તથા અંદરથી અને બહારથી રંગકામ સમાવિષ્ટ છે. C) KYN: ADEN (W) KYN હેઠળ કલ્યાણ સ્ટેશન ખાતે પ્લેટફોર્મ નં. ૭નું ન્યુ ગુડ્સ લોબી ડાઉન યાર્ડ સાથેના તથા PF નં. ૭નું પત્રી પુલ સાથેના પાથ-વે કનેકશનનું સમારકામ. D) ADEN (W) KYN હેઠળ કોપર, ખારબાઓ અને કમાન રોડ સ્ટેશનના પ્લેટફોર્મ સરફેસ સમારકામ અને કોપીંગ. **અંદાજિત મૂલ્ય:** રૂા. ૭૮૨.૪૨ લાખ. **EMD:** રૂા. ૫૪૧૨૦૦. **સમાપ્તિ અવધિ:** ૧૨ મહિના. **ક્રમ સં. ૫: કામનું નામ:** CSMT- ૧૫ કાર ઉપનગરીય ટ્રેનો માટે CSMTના PF- ૫/૬નું વિસ્તરણ. **અંદાજિત મૂલ્ય:** રૂા. ૭૫.૪૮ લાખ. **EMD:** રૂા. ૧૫૧૦૦૦. **સમાપ્તિ અવધિ:** ૩ મહિના. **ક્રમ સં. ૬: કામનું નામ:** આસનગાંવ-કસારા NE સેક્શનમાં આસનગાંવથી આગળ કસારા સુધી ૧૫ કાર EMU- સર્વિસ દોડાવવા પ્લેટફોર્મનું વિસ્તરણ. **અંદાજિત મૂલ્ય:** રૂા. ૧૩૬૬.૬૩ લાખ. **EMD:** રૂા. ૮૩૩૩૦૦. **સમાપ્તિ અવધિ:** ૩ મહિના. **ક્રમ સં. ૭: કામનું નામ:** થાણે અને કલવા સ્ટેશન ખાતે, થાણે-કલ્યાણ વચ્ચે સ્લો-કોરીડોર પર ૧૫ કાર ઉપનગરીય ટ્રેન દોડાવવા થાણે-કલવા પ્લેટફોર્મનું વિસ્તરણ. **અંદાજિત મૂલ્ય:** રૂા. ૪૨૦.૯૨ લાખ. **EMD:** રૂા. ૩૬૦૫૦૦. **સમાપ્તિ અવધિ:** ૬ મહિના. **ક્રમ સં. ૮: કામનું નામ:** થાણે-કલ્યાણ વચ્ચે ૧૫ કાર ઉપનગરીય ટ્રેન દોડાવવા MBQ, DW, KOPAR ખાતે પ્લેટફોર્મનું વિસ્તરણ. **અંદાજિત મૂલ્ય:** રૂા. ૯૨૦.૨૭ લાખ. **EMD:** રૂા. ૬૧૦૧૦૦. **સમાપ્તિ અવધિ:** ૬ મહિના. **ક્રમ સં. ૯: કામનું નામ:** થાણે-કલ્યાણ વચ્ચે ૧૫ કાર ઉપનગરીય ટ્રેન દોડાવવા DI અને THK સ્ટેશનોના પ્લેટફોર્મનું વિસ્તરણ. **અંદાજિત મૂલ્ય:** રૂા. ૩૧૮.૯૭ લાખ. **EMD:** રૂા. ૩૦૯૫૦૦. **સમાપ્તિ અવધિ:** ૬ મહિના. **ક્રમ સં. ૧૦: કામનું નામ:** બદલાપુર-કરજત ૧૫ કાર EMU સર્વીસને કલ્યાણથી આગળ કરજત અને ખપોલી સુધી દોડાવવા VGI, Shelu, BVS અને KJT ખાતે પ્લેટફોર્મ્સનું વિસ્તરણ. (નોટ: પ્લેટફોર્મ વિસ્તરણ કામ ૦૩ મહિનામાં પૂરું થવું જોઈએ) **અંદાજિત મૂલ્ય:** રૂા. ૬૮૬.૪૪ લાખ. **EMD:** રૂા. ૪૯૩૨૦૦. **સમાપ્તિ અવધિ:** ૬ મહિના. **ક્રમ સં. ૧૧: કામનું નામ:** ૧૫-કાર EMU સર્વીસીઝ દોડાવવા કલ્યાણ સ્ટેશનના આઈલેન્ડ પ્લેટફોર્મ નં. ૨ અને ૩નું વિસ્તરણ. **અંદાજિત મૂલ્ય:** રૂા. ૩૮૮.૫૫ લાખ. **EMD:** રૂા. ૩૪૪૩૦૦. **સમાપ્તિ અવધિ:** ૬ મહિના. (I) ઉપરોક્ત ટેન્ડરોની ટેન્ડર બંધ થવાની અંતિમ તારીખ અને સમય: ક્રમ સં. ૧, ૬ અને ૧૦ માટે ૨૨.૦૭.૨૦૨૫ના ૧૧.૦૦ ક. સુધી, ક્રમ સં. ૨, ૩, ૪, ૫, ૭, ૮, ૯ અને ૧૧ માટે ૨૫.૦૭.૨૦૨૫ના રોજ ૧૧.૦૦ ક. ખોલવામાં આવશે. (II) ટેન્ડર્સની વિગત અને સુધારા (જો હોય તો) તેની વિગતો માટે સંભવિત ટેન્ડરર્સને www.ireps.gov.in વેબસાઈટ જોવા વિનંતી છે. (III) ટેન્ડરર માત્ર www.ireps.gov.in વેબસાઈટ દ્વારા ઈલેક્ટ્રોનીકલી ઉપરોક્ત ઈ-ટેન્ડરમાં ભાગ લઈ શકે છે અને ઈ-ટેન્ડરને બદલે મેન્યુઅલ ઓફર માન્ય નથી. જો મેન્યુઅલી સુપ્રત કરવામાં આવશે તો ટેન્ડર ખોલવામાં નહીં આવે અને વિચારણા કરવામાં નહીં આવે. (IV) બિડ સિક્યુરિટીની રકમ ઈ-પેમેન્ટ ગેટ વે દ્વારા રોકડથી અથવા ભારતની શેડ્યુલ્ડ કમર્શીયલ બેંકના બેંક ગેરંટી બોન્ડ દ્વારા અથવા ટેન્ડર ડોક્યુમેન્ટમાં જણાવ્યા મુજબ જમા કરવાના રહેશે. (V) વધુ પૂછપરછ માટે ડીવીઝનલ રેલવે મેનેજર (વર્ક્સ) ઓફિસ, મધ્ય રેલવે ફોન નં. ૦૨૨-૬૭૪૫૫૩૨૩ ઉપર સંપર્ક કરી શકે છે. (VI) આ ટેન્ડર પબ્લીક પ્રોક્યુર્મેન્ટ પોલિસી ઓર્ડર ૨૦૧૭ તા. ૧૬.૦૯.૨૦૧૭નું પાલન કરે છે. ટેન્ડર્સની સંપૂર્ણ વિગત વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. ટેન્ડરની સંપૂર્ણ વિગત, ડીવીઝનલ રેલવે મેનેજર (વર્ક્સ) ઓફિસ, મુંબઈ, CSMTના નોટિસ બોર્ડ પર પણ ઉપલબ્ધ છે.

Open e-tender notice No. CR-DRM(W)BB-2025-16 OF 01.07.2025.

ખતરનાક અને વિસ્ફોટક સામાન સાથે યાત્રા કરવી એ દંડનીય અપરાધ છે. 218


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. "મુંબઈ સમાચાર" પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ નં. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેના "મુંબઈ સમાચાર" પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.

ISKCON
JUHU

**INTERNATIONAL SOCIETY FOR KRISHNA CONSCIOUSNESS**

Founder Acharya: His Divine Grace A.C. Bhaktivedanta Swami Prabhupada

**SRI SRI RADHA RASABIHARIJI MANDIR**

HARE KRISHNA LAND, JUHU, MUMBAI - 400 049, INDIA Tel: 69415100 / 26206860 / 26230031 / 9136902825



# SRI SRI JAGANNATH BALADEVA SUBHADRA

# 44th RATH YATRA

## A FESTIVAL OF PEACE AND HARMONY

Starting from Jagannath Temple, Bhaktivedanta Swami Mission School, Shastri Nagar, Andheri (W) and culminating at ISKCON Hare Krishna Temple, Juhu, Mumbai

## On Saturday 5th July 2025 at 1:00 pm



## Hare Krishna Festival

## 6th to 9 July 2025 from 5:00 pm to 9:00 pm

**Saturday 5rd July 2025**

**Morning Venue:** Bhaktivedanta Swami Mission School, Shastri Nagar, Andheri (W)

| | |
|---|---|
| 5:00 a.m. | Mangal Arati |
| 5:45 a.m. | Srila Prabhupada Guru Puja |
| 8:00 a.m. | Darshan Arati |
| 8:00 a.m. | Glorification of Lord Jagannathji pastimes by Senior Srila Prabhupada Disciples |
| 11:00 a.m. | **Inauguration** |
| 11:30 a.m. | Inaugural speeches by Chief Guest, Guest of Honour & Senior ISKCON Sanyasis. |
| 11:45 a.m. | Rajbhog Arati of Their Lordships Sri Sri Jagannathji, Baladevji & Subhadraji |
| 1:00 p.m. | Their Lordships astride on the chariots, Dhwajarohan on Chariot |
| 1:15 p.m. | Arati on the Chariot |
| 1:30 p m | Sri Jagannath Rath Yatra starts |

**Evening Venue:** ISKCON Hare Krishna Temple, Juhu

| | |
|---|---|
| 5:00 p.m. | Bhajans by ISKCON Devotees |
| 7:00 p.m. | Arrival of Sri Jagannath Baladev Subhadhra Rath Yatra at ISKCON, Juhu |
| 7:30 p.m. | Sandhya Arati |

**6th July 2025 to 9th July 2025**

**Evening Venue:** ISKCON Hare Krishna Temple, Juhu

| | |
|---|---|
| 4:30 p.m. | Bhajans by ISKCON Devotees (Temple Hall) |
| 7:00 p.m. | Sandhya Arati (Temple Hall) |

**Auditorium Program**

**Sunday 6th July 2025**

7:30 p.m. "Sri Jagannath" Hindi Drama part 1, by Shri Dhananjay Kapoor

**Monday 7th July 2025**

7:30 p.m. "Sri Jagannath" Hindi Drama part 2, by Shri Dhananjay Kapoor

**Tuesday 8th July 2025**

7:30 p.m. Bhajan by Shri Jateen Das

**Wednesday 9th July 2025**

7:30 p.m. Hindi Play "Bilva Mangal Thakur Surdas"

**SPECIAL CHHAPPAN BHOG DARSHAN ON MONDAY 7TH JULY AT 5:00 PM**

H. G. Bhima Prabhu
H. G. Kapila Dev Prabhu
H. G. Ramrupa Prabhu
H. G. Chaturbhuj Prabhu
H. G. Hemgiri Prabhu
H. G. Ujwal Nilmani Prabhu
H. G. Devakinandan Prabhu
H. G. Mukund Madhav Prabhu
H. G. Narhari Prabhu
H. G. Rasabandhu Prabhu
H. G. Sundar Chaitanya Prabhu
H. G. Laxminarayan Prabhu
H. G. Dr. Suradas Prabhu
H. G. Nitai Pad Kamal Prabhu
H. G. Gokuleshwar Prabhu
H. G. Sandipani Krishna Prabhu
H. G. Krishna Chaitanya Prabhu
H. G. Sukishor Sudama Prabhu
H. G. Brajhari Prabhu
H. G. Radhakrishna Prabhu
H. G. Dhanvantari Prabhu
H. G. Chakravarti Prabhu
H. G. Rupavilas Prabhu
H. G. Narottampriya Prabhu